RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૨     બુધવાર તા.૦૧-૦૭-૨૦૨૬     અંક : ૧૫૫ વર્ષ : ૨૧     jamnagar@aaspassaindia.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

# નાયરા એનર્જીએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કર્યો ઘટાડો

## આંતરરાષ્ટ્રીય બજારમા કાચા તેલના ભાવમાં ઘટાડો થતાં કંપનીએ પેટ્રોલમાં પ્રતિ લીટર રૂ.૫ અને ડીઝલમાં રૂ.૩ ઘટાડ્યા

નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ ઘટવાનો ફાયદો હવે ભારતીય ગ્રાહકોને મળવા લાગ્યો છે. ખાનગી ક્ષેત્રની અગ્રણી ઈંધણ કંપની નાયરા એનર્જીએ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કંપનીએ પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર ૫ અને ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર રૂપિયા ૩ નો ઘટાડો કર્યો છે. આ નવી કિંમતો આજથી તાત્કાલિક અસરથી લાગુ થઈ ગઈ છે. છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયગાળામાં ઈંધણના ભાવમાં આ સૌથી મોટો ઘટાડો છે.




કંપનીનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ ઓછો થયો છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતો નીચે આવી છે. મુખ્ય દરિયાઈ વેપાર માર્ગો ફરી ખુલવાના કારણે ક્રૂડ ઓઈલ અને એલએનજીનો વૈશ્વિક પુરવઠો સામાન્ય બન્યો છે, જેના લીધે તેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.

નાયરા એનર્જીએ આ ભાવઘટાડો દેશભરમાં આવેલા તેના ૭૦૦૦ થી વધુ પેટ્રોલ પંપ પર લાગુ કરી દીધો છે. જોકે, અલગ-અલગ રાજ્યોમાં વેટ અને અન્ય સ્થાનિક ટેક્સના કારણે ગ્રાહકો માટે અંતિમ છૂટક કિંમતોમાં થોડો તફાવત હોઈ શકે છે.

નાયરા એનર્જી ગુજરાતના વાડિનારમાં વાર્ષિક ૨ કરોડ ટનની ક્ષમતા ધરાવતી મોટી રિફાઈનરી ચલાવે છે. મેન્ટેનન્સનું કામ પૂરું થયા બાદ આ રિફાઈનરી હાલ પૂરી ક્ષમતા સાથે ઈંધણનો પુરવઠો પૂરો પાડવા સજ્જ છે.

દેશના ૯૦ ટકાથી વધુ પેટ્રોલ પંપનું સંચાલન કરતી સરકારી તેલ કંપનીઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમએ હજુ સુધી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. હાલમાં દિલ્હીમાં ઈન્ડિયન ઓઈલના પંપ પર પેટ્રોલ રૂ.૧૦૨.૧૨ પ્રતિ લીટર અને ડીઝલ રૂ.૯૫.૨૦ પ્રતિ લીટરના જૂના ભાવે જ મળી રહ્યું છે.માર્ચ મહિનામાં ઈરાન સંકટ વખતે નાયરા એનર્જીએ પેટ્રોલ રૂ.૫ અને ડીઝલ રૂ.૩ મોંઘું કર્યું હતું, જે વધારો હવે કંપનીએ પૂરેપૂરો પાછો ખેંચી લીધો છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ આ જ સ્તરે સ્થિર રહેશે, તો આગામી દિવસોમાં સરકારી તેલ કંપનીઓ પણ ભાવ ઘટાડવા પર વિચાર કરી શકે છે.

### જેટ ફ્યુલની કિંમતમાં પણ થયો ઘટાડો

આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ ઘટવાને કારણે બુધવારે જેટ ફ્યુઅલ અથવા એર ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં પ્રતિ લિટર ૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઉદ્યોગ સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે દિલ્હીમાં એવિએશન ટર્બાઈન ફ્યુઅલની નવી કિંમત હવે ૧૧૦ રૂપિયા પ્રતિ લિટર છે. ઈરાન અને યુએસ-ઈઝરાયલ સંઘર્ષથી ઉદ્ભવતા પશ્ચિમ એશિયામાં કટોકટીને કારણે જેટ ફ્યુઅલના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા પછી આ પહેલો ઘટાડો છે.

### કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં પણ રૂ.૧૮૩નો ઘટાડો કરાયો

જુલાઈ મહિનાની શરૂઆત સામાન્ય જનતા માટે રાહતના સમાચાર લઈને આવી છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો કર્યો છે. આ કિંમતોમાં ઘટાડો ૧૯ કિલોગ્રામ વાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર કરવામાં આવ્યો છે, જ્યારે ઘરની રસોઈમાં વપરાતા ૧૪ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે.

દિલ્હીથી લઈને મુંબઈ સુધી કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. રાજધાની દિલ્હીમાં અત્યાર સુધી ૩,૧૧૩.૫૦ રૂપિયામાં મળતો કોમર્શિયલ સિલિન્ડર હવે ૧૮૩ રૂપિયા સસ્તો થઈને ૨,૯૩૦ રૂપિયામાં મળશે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી તણાવભરી સ્થિતિને કારણે છેલ્લા કેટલાક સમયથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હતો. વર્ષ ૨૦૨૬માં આ પહેલીવાર બન્યું છે જ્યારે તેલ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ઘટાડ્યા હોય.



કેન્દ્ર સરકારના ડ્રગ મુક્ત ભારત અભિયાન અંતર્ગત કર્ણાટક રાજ્ય સરકાર દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય ડ્રગ એબ્યુઝ વિરોધી દિવસ સપ્તાહના ભાગ રૂપે જાગૃતિ અભિયાન કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ પ્રદર્શન કર્યું હતું.

# રાજસ્થાન અને યુપીમાં માર્ગ અકસ્માતમાં ૧૩ લોકોના મોત

## રાજસ્થાનના દૌસામાં ખાનગી બસ અને ટ્રેલર અથડાતા ૮ લોકોના મોત : ઉત્તરપ્રદેશમાં બસ અને કાર વચ્ચે અકસ્માતમાં પાંચ લોકોના મોત

નવી દિલ્હી

રાજસ્થાનના દૌસા જિલ્લામાં એક કરુણ દુર્ઘટના સર્જાઇ છે. અહીં બુધવારે વહેલી સવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ઋષિકેશથી ઈન્દોર જઈ રહેલી એક ખાનગી બસ ટ્રેલર સાથે અથડાયા બાદ રોડ કિનારે ખાડામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૮ મુસાફરોના મોત થયા છે, જ્યારે અન્ય ૨૨ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે બસ ચાલકને ઝોકું આવી જવાના કારણે આ મોટો અકસ્માત થયો છે.

આ ઘટના એક્સપ્રેસ-વે પર કોલવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રેસ્ટ એરિયા પાસે વહેલી સવારે લગભગ ૨:૩૦ વાગ્યે બની હતી. ખાડામાં બસ ખાબકતા જ તેના પાછળના ભાગમાં આગ લાગી હતી અને ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા અનુસાર, મોટાભાગના મુસાફરો તે સમયે ગાઢ નિંદ્રામાં હતા. ટક્કર એટલી જોરદાર હતી કે બસની ઉપરની બર્થ પર સૂતેલા મુસાફરો નીચે પડી ગયા હતા અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.ઘટના બાદ ગંભીર રીતે ઘાયલ થયેલા કેટલાક લોકોને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે અન્ય મેડિકલ સેન્ટરોમાં રિફર કરવામાં આવ્યા હતા. ઘાયલોમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા પણ વધારે હોવાનું કહેવાય છે. આ ઘટના દરમિયાન ૬ મુસાફરોના મોત આગમાં દાઝી જવાને કારણે થયા છે, જ્યારે ૨ મુસાફરોના મોત માથામાં ગંભીર ઈજા થવાને કારણે થયા હોવાના સમાચાર છે.

ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર એક મોટો અકસ્માત થયો. બુધવારે સવારે લગભગ ૫ વાગ્યે, એક ઝડપી બસે કાબુ ગુમાવ્યો અને એક કાર સાથે અથડાઈ. ટક્કર બાદ, બસ ડિવાઈડર ગ્રીલ તોડીને ખાડામાં પલટી ગઈ, જેમાં પાંચ લોકોના મોત થયા. આ અકસ્માત બાંગરમાઉ કોતવાલી વિસ્તારમાં ૨૩૦.૮૦૦ માઈલસ્ટોન નજીક થયો. સંત કબીર નગરમાં નોંધાયેલી આ કારમાં આઠ લોકો સવાર હતા. તેમાંથી પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. મૃતકોમાં દિવ્યા (૧૩), અમૃતા (૫), અંજુ (૪૦), ધૂનમુન (૬૦) અને ડ્રાઈવર વિનોદ (૪૫)નો સમાવેશ થાય છે. કારમાં સવાર અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને બાંગરમાઉ સીએચસીથી લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા હતા. બસમાં કુલ ૮૫ મુસાફરો હતા, અને બસ પલટી જતાં ૧૭ થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. અકસ્માતની માહિતી મળતાં, પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કામગીરી શરૂ કરી.

# અફઘાનિસ્તાનનો પાકિસ્તાનમાં ઘૂસી ડ્રોન હુમલો

## પાકિસ્તાને કરેલી એર સ્ટ્રાઈકનો લીધો બદલો : પાકિસ્તાનમાં આતંકીઓના ઠેકાણાઓને બનાવ્યા નિશાન

નવી દિલ્હી

પડોશી દેશ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો સૈન્ય સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચતા સ્થિતિ ભારે તણાવપૂર્ણ બની ગઈ છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે, તેણે પાકિસ્તાની સરહદની અંદર ઘૂસીને આતંકી સંગઠન "જૈંજી-દ્વના ઠેકાણાઓ પર એક મોટી એરસ્ટ્રાઈક કરી છે. તાલિબાનના મતે, પાકિસ્તાન સ્થિત આ ઠેકાણાઓ પરથી અફઘાનિસ્તાનના નાગરિકો પર હુમલો કરવાનું મોટું ષડયંત્ર રચવામાં આવી રહ્યું હતું. પાકિસ્તાન દ્વારા બે દિવસ પહેલા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ તાલિબાને આ જવાબી કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

તાલિબાનના જણાવ્યા અનુસાર, આ મોટી સૈન્ય કાર્યવાહી પાકિસ્તાનના બલૂચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કરવામાં આવી છે. અફઘાનિસ્તાન મીડિયા રિપોર્ટ્સમાં પણ આ અહેવાલની પુષ્ટિ કરવામાં આવી છે. અહેવાલો મુજબ, તાલિબાનના ડ્રોન વિમાનોએ સીધા એ જ ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા જ્યાં "જૈંજી-દ્વના આતંકીઓ છુપાયેલા હતા. આ ઓપરેશન દરમિયાન ખૈબર પખ્તુનખ્વાના સરાન વિસ્તારમાં આવેલી એક સ્કૂલ સંપૂર્ણપણે કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી, કારણ કે આતંકીઓ તેનો ઉપયોગ પોતાના ગુપ્ત ઠેકાણા તરીકે કરી રહ્યા હતા. તાલિબાને સ્પષ્ટ કર્યું છે કે, આ હુમલામાં અનેક આતંકીઓ માર્યા ગયા છે, જ્યારે કોઈ પણ સામાન્ય નાગરિકને નુકસાન થયું નથી.તાલિબાનનું આ આક્રમક પગલું રવિવારે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી બોમ્બમારોનો સીધો પલટવાર માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા પાકિસ્તાને અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને શ્રેણીબદ્ધ હવાઈ હુમલા કર્યા હતા. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ અનુસાર, પાકિસ્તાનની એ કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૨૮ નિર્દોષ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા.

બીજી તરફ, અફઘાનિસ્તાનના સરકારી પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે મૃતક નાગરિકોની સંખ્યા ૩૮ જણાવી હતી, જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા. તાલિબાનનો આ તાજો હુમલો પાકિસ્તાનની એ જ કરતૂતનો જડબાતોડ જવાબ છે.

આ ગંભીર મામલે સોમવારે ભારતે પણ ખૂબ જ કડક પ્રતિક્રિયા આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરીને અફઘાનિસ્તાન પર થયેલા પાકિસ્તાની હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરી છે. ભારતનું કહેવું છે કે, કોઈપણ દેશની સરહદમાં ઘૂસીને હુમલો કરવો એ તેના સાર્વભૌમત્વનું સીધું ઉલ્લંઘન છે, જેનાથી સમગ્ર વિસ્તારની શાંતિ જોખમાય છે. ભારતે પાકિસ્તાન પર પ્રહારો કરતા સાફ શબ્દોમાં જણાવ્યું કે, પાકિસ્તાન પોતાની આંતરિક નિષ્ફળતાઓ પરથી જનતાનું ધ્યાન ભટકાવવા માટે હંમેશા પડોશી દેશો પર આવા હુમલા કરતું આવ્યું છે.

હાલની પરિસ્થિતિ જોતા પાકિસ્તાન હંમેશની જેમ અફઘાનિસ્તાન પર આતંકીઓને આશરો આપવાનો આરોપ લગાવી રહ્યું છે, જ્યારે તાલિબાનનું સ્પષ્ટ કહેવું છે કે આતંકવાદ એ પાકિસ્તાનની પોતાની જ પેદા કરેલી આંતરિક સમસ્યા છે. હવે તાલિબાનની આ તાજી એરસ્ટ્રાઈક બાદ બંને દેશો વચ્ચે સીધા યુદ્ધ ફાટી નીકળવાનું જોખમ અનેકગણું વધી ગયું છે, જેના પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

# અમેરિકાએ ભારતની ચાર કંપનીઓ ઉપર લાદેલો પ્રતિબંધ હટાવી લીધો

## નવી યાદીમાં મેક્સિકો સહિતના દેશોની નવ કંપનીઓનો કરાયો ઉમેરો

નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર અંતિમ મહોર મારવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, તે દરમિયાન અમેરિકાએ ભારતીય કંપનીઓને એક મોટી રાહત આપી છે. રશિયા સાથે વેપાર કરવાના કારણે અમેરિકાએ જે ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લગાવ્યા હતા, તેમાંથી ૪ કંપનીઓને હવે ટ્રેઝરી પ્રતિબંધોની યાદીમાંથી મુક્ત કરવામાં આવી છે. અમેરિકાએ તાજેતરમાં જ પોતાની 'સ્પેશિયલી ડેસિગ્નેટેડ નેશનલ્સ લિસ્ટ' અપડેટ કરીને આ નિર્ણય જાહેર કર્યો છે. હાલમાં જ ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે સંકેત આપ્યા હતા કે બંને દેશો વચ્ચેનો વેપાર કરાર લગભગ પૂરો થઈ ગયો છે અને હવે માત્ર ૧ ટકા જેટલું જ કામ બાકી રહ્યું છે.

અમેરિકાએ એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૦૨૪ હેઠળ આ કંપનીઓ પર રશિયા સાથે કનેક્શન હોવાના કારણે પ્રતિબંધો લાદ્યા હતા. હવે જે કંપનીઓને આ બ્લેકલિસ્ટમાંથી મુક્ત કરવામાં આવી છે, તેમાં આરઆરજી એન્જિનિયરિંગ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ ,લોકેશ મશીન્સ લિમિટેડ,અમદાવાદ સ્થિત ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ,શૌર્ય એરોનોટિક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ સામેલ છે: યાદી અમેરિકાના ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવે છે. આ લિસ્ટમાં એવા વ્યક્તિઓ અથવા કંપનીઓના નામ સામેલ કરવામાં આવે છે જે અમેરિકા દ્વારા પ્રતિબંધિત કરાયેલા દેશોના નિયંત્રણ હેઠળ હોય અથવા તેમના માટે કામ કરતા હોય. એકવાર કોઈ કંપનીનું નામ આ લિસ્ટમાં આવી જાય, પછી અમેરિકાના નાગરિકો કે કંપનીઓ તે પ્રતિબંધિત કંપની સાથે કોઈપણ પ્રકારનો વેપાર કે નાણાકીય લેણદેણ કરી શકતા નથી.

# અમેરિકામાં જન્મસિદ્ધ નાગરિકતા મામલે ટ્રમ્પના નિર્ણયને સુપ્રીમ કોર્ટે રદ કર્યો

## જન્મસિદ્ધ નાગરિકતા અધિકારને સીમિત કરતા આદેશ અંગે નીચલી કોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો

વોશિંગ્ટન

અમેરિકન સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકામાં 'જન્મસિદ્ધ નાગરિકતા'ને સીમિત કરવાના પ્રયાસોને મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે નીચલી અદાલતના એ નિર્ણયને માન્ય રાખ્યો છે જેમાં ટ્રમ્પના કાર્યકારી આદેશ પર રોક લગાવવામાં આવી હતી. આ આદેશમાં અમેરિકન સરકારી એજન્સીઓને એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો કે, જો અમેરિકામાં જન્મેલા બાળકના માતા-પિતામાંથી કોઈ પણ અમેરિકન નાગરિક અથવા કાયદેસરના ગ્રીન કાર્ડ હોલ્ડર ન હોય, તો તે બાળકને અમેરિકન નાગરિક તરીકે માન્યતા આપવામાં ન આવે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના બીજા કાર્યકાળના પહેલા જ દિવસે, એટલે કે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ આ વિવાદાસ્પદ આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. અમેરિકન સમાજ અને બંધારણમાં જન્મસિદ્ધ નાગરિકતાના અધિકારને લાંબા સમયથી એક અભિન્ન અંગ માનવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને ઈમિગ્રેશન પર કડક નિયંત્રણો લાદવાની ટ્રમ્પ સરકારની પ્રાથમિકતા અને કટ્ટર નીતિઓ માટે એક બહુ મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.

ટ્રમ્પના આ આદેશને પડકારનારાઓનો મુખ્ય તર્ક એ હતો કે આ નિર્ણય અમેરિકન બંધારણના ૧૪મા સુધારાનું સીધું ઉલ્લંઘન કરે છે. આ સુધારા અંતર્ગત અમેરિકામાં જન્મ લેનારા અને અમેરિકન અધિકારક્ષેત્ર હેઠળ આવતા તમામ લોકોને નાગરિકતા પ્રદાન કરવામાં આવે છે.

# યુરોપ બાદ અમેરિકામાં પણ ગરમીના પ્રકોપથી છ કરોડથી વધુ લોકો પ્રભાવિત

## ગરમીના કારણે લોકોના જીવ બચાવવા અનેક શહેરોમાં કુલિંગ સેન્ટરો શરૂ કરી દેવામાં આવ્યા

નવી દિલ્હી

યુરોપમાં ચાલી રહેલી ભીષણ હીટવેવ વચ્ચે હવે અમેરિકા પણ ગંભીર ગરમીની લપેટમાં આવી ગયું છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ઘણા શહેરોમાં સ્થાનિક વહીવટીતંત્રે લોકોના જીવ બચાવવા માટે ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવી પડી રહી છે. રાષ્ટ્રીય હવામાન સેવાના જણાવ્યા અનુસાર, દેશના મધ્ય અને પૂર્વીય ભાગોમાં વાસ્તવિક તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી શકે છે, જ્યારે અતિશય ભેજને કારણે અનુભવાતું તાપમાન (હીટ ઈન્ડેક્સ) ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે. હાલમાં અમેરિકામાં ૬ કરોડથી વધુ લોકો હીટ ઍલર્ટના દાયરામાં જીવી રહ્યા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં ઘણા શહેરોમાં વર્ષો જૂના તાપમાનના રેકોર્ડ તૂટી શકે છે. આ ભીષણ ગરમી ૪ જુલાઈના સ્વતંત્રતા દિવસની રજાઓ સુધી ચાલુ રહેવાની આશંકા છે.અમેરિકાના મુખ્ય શહેરોમાં ગરમીનો સામનો કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. શિકાગો વહીવટીતંત્રે પરિસ્થિતિને ગંભીરતાથી લઈને સમગ્ર શહેરમાં 'કૂલિંગ સેન્ટર્સ' (લોકોને ગરમીથી રાહત આપતા કેન્દ્રો) ખોલી દીધા છે. આ ઉપરાંત, વડીલો અને બીમાર લોકોની તબિયતની નિયમિત તપાસ કરવા માટે સરકારી કર્મચારીઓની વિશેષ ટીમો પણ તહેનાત કરવામાં આવી છે.બીજી તરફ, ન્યૂયોર્કના મેયર જોહરાન મમદાનીએ પણ ગરમી સામે લડવા માટે એક ખાસ યોજના અમલમાં મૂકી છે, જેના અંતર્ગત લોકોને મફત પીવાનું પાણી પૂરું પાડવા માટે મોબાઈલ વાન ચલાવવામાં આવી રહી છે.

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં મેઘરાજા મહેરબાન

## વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાતા લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી

તાપી/ભરૂચ/સુરત,

છેલ્લા ઘણા દિવસોથી અતિશય ગરમી અને બફારાથી કંટાળેલા લોકોને મળી રાહત, ગુજરાતમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થયો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજા મહેરબાન થયા છે. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને હાંસોટમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ ખાબક્યો હતો. બીજી તરફ ગીર સોમનાથના ઉના પંથકમાં પણ લાંબી રાહ જોવડાવ્યા બાદ વરસાદ વરસતા ગરમી અને બફારામાંથી લોકોને મોટી રાહત મળી છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં વહેલી સવારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા સમગ્ર વિસ્તારમાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો. ધોધમાર વરસાદથી વાતાવરણમાં નોંધપાત્ર ઠંડક પ્રસરી ગઈ હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી.

વહેલી સવારથી જ અંકલેશ્વર, હાંસોટ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા, ત્યારબાદ ધીમી ધારેથી શરૂ થયેલો વરસાદ થોડા જ સમયમાં ધોધમાર વરસાદમાં ફેરવાઈ ગયો હતો. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાતા લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી. છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમીનો સામનો કરી રહેલા લોકો માટે આ વરસાદ રાહતરૂપ સાબિત થયો છે.

બીજી તરફ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને ખરીફ પાકની વાવણીની તૈયારી કરી રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન બન્યો છે. વરસાદથી ખેતરોમાં પૂરતી ભેજ સર્જાતા વાવણીની કામગીરીને વેગ મળશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જોકે ભારે વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

### હવામાન વિભાગે ભારે પવન અને વરસાદ માટે કરી આગાહી

ગાંધીનગર,

ગુજરાતમાં આજથી વરસાદી માહોલ વધુ સક્રિય બનવાની શક્યતા છે. હવામાન વિભાગે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજથી ૫ જુલાઈ સુધી રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી ઝાપટાંથી લઈને ભારે વરસાદ પડી શકે છે. ખાસ કરીને ૨થી ૫ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે, જેમાં પવનની ગતિ ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. દરિયા કિનારે સર્જાનારી આ તોફાની સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા માછીમારોને દરિયો ન ખેડવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : પ્રથમ તબક્કામાં સુરત-વાપી સેક્શન પર હાઈ-સ્પીડ ટ્રેનો દોડશે

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો એક ભાગ ૨૦૨૭ માં વ્યાપારી રીતે કાર્યરત થશે

નવીદિલ્હી,

ભારતને આવતા વર્ષે તેની પહેલી બુલેટ ટ્રેન મળશે. રેલવે મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો એક ભાગ ૨૦૨૭ માં વ્યાપારી રીતે કાર્યરત થશે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન રૂટની કુલ લંબાઈ ૫૦૮ કિમી છે. આમાંથી ૩૪૮ કિમી ગુજરાતમાં, ૧૫૬ કિમી મહારાષ્ટ્રમાં અને ૪ કિમી દાદરા અને નગર હવેલીમાં હશે.

ભારતીય રેલ્વેના એડિશનલ ડાયરેક્ટર જનરલ ધર્મેન્દ્ર તિવારીએ એએફપીને જણાવ્યું હતું કે સમગ્ર કોરિડોર પર નોંધપાત્ર કામ પહેલાથી જ પૂર્ણ થઈ ગયું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પહેલો સેક્શન ૨૦૨૭ માં સુરત અને વાપી શહેરો વચ્ચે કાર્યરત થશે, જે આશરે ૧૦૦ કિલોમીટરનું અંતર છે. આ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો હશે. દેશનો પહેલો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ નોંધપાત્ર રીતે વિલંબિત થયો છે અને ખર્ચમાં વધારા અને વિલંબને કારણે તે અટકી ગયો છે.

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન રૂટમાં કુલ ૧૨ સ્ટેશન હશે. આ રૂટ પર પહેલું સ્ટેશન ગુજરાતનું સાબરમતી અને છેલ્લું સ્ટેશન મહારાષ્ટ્રની રાજધાની મુંબઈ હશે. ગુજરાતના સાબરમતીથી શરૂ કરીને, આગળનું સ્ટેશન અમદાવાદ હશે. અમદાવાદથી, આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, બિલીમોરા, વાપી, બોઈસર, વિરાર, થાણે અને અંતે મુંબઈ જશે. દેશના પ્રથમ બુલેટ ટ્રેન રૂટ પર કાર્યરત ટ્રેનો ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે અને ૫૦૮ કિમીની મુસાફરી માત્ર ૨ કલાક અને ૭ મિનિટમાં પૂર્ણ કરશે. જાપાનની "શિંકનસેન" ટેકનોલોજીનો ઉપયોગ કરતો આ પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ ૨૦૧૭ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તત્કાલીન જાપાની વડા પ્રધાન શિન્ઝો આબે દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

# સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલની રેગ્યુલર જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

## એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મની લોન્ડરિંગ કેસમાં કરાઈ હતી ધરપકડ

અમદાવાદ,

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં હાઈકોર્ટે તેમની નિયમિત જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું કે કેસમાં પ્રથમ દ્રષ્ટિએ ગંભીર પુરાવા સામે આવ્યા છે અને મની લોન્ડરિંગ કાયદા હેઠળ જામીન આપવા માટેની જરૂરી શરતો પૂર્ણ થતી નથી.

ઈડીના આરોપ મુજબ, સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં ખેતીની જમીનને બિનખેતીમાં ફેરવવાની મંજૂરી આપવા માટે લાંચનું સુનિયોજિત નેટવર્ક કાર્યરત હતું. તપાસમાં સામે આવેલા આક્ષેપો મુજબ લાંચની કુલ રકમમાંથી ૫૦ ટકા હિસ્સો કલેક્ટરને, ૨૫ ટકા નિવાસી અધિક કલેક્ટરને અને બાકીનો હિસ્સો અન્ય સ્ટાફને આપવામાં આવતો હતો.

રાજેન્દ્ર પટેલના કાર્યકાળ દરમિયાન ૫૦૧ અરજીઓની પ્રક્રિયા કરવામાં આવી હતી, જેમાં અંદાજે ૭.૧૪ કરોડ રૂપિયાની ગેરકાયદે કમાણી થઈ હોવાનું ઈડીએ કોર્ટમાં રજૂ કર્યું હતું. તેમાં પૂર્વ કલેક્ટરનો હિસ્સો ત્રણ કરોડ રૂપિયાથી વધુ હોવાનું પણ એજન્સીનું કહેવું છે.

અરજદાર તરફથી સિનિયર એડવોકેટ સુધીર નાણાવટીએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, રાજેન્દ્ર પટેલને ખોટી રીતે કેસમાં સંડોવવામાં આવ્યા છે.

# અમદાવાદમાં આંગડિયા પેઢી ચલાવતા વેપારી સાથે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટમાં સેટિંગના નામે કરોડો રૂપિયાની ઠગાઈ

## આરોપીઓએ ઈ.ડી., સી.બી.આઈ. અને એ.ટી.એસ. જેવા ઉચ્ચ વિભાગોમાં પોતાની મોટી ઓળખાણ અને સેટિંગ હોવાનો દાવો કર્યો હતો

ગાંધીનગર,

અમદાવાદમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના નામે સેટિંગ કરાવી આપવાની લાલચ આપી કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે.

ઈડી દ્વારા જપ્ત કરવામાં આવેલા ૧૧.૧૦ કરોડ રૂપિયા, મોબાઈલ અને ડી.વી.આર. પરત છોડાવી આપવાના બહાને પાંચ શખસોએ કાવતરું રચીને વેપારી પાસેથી ૩.૧૮ કરોડ રૂપિયા પડાવી લીધા હતા.

આરોપીઓએ ઈ.ડી., સી.બી.આઈ. અને એ.ટી.એસ. જેવા ઉચ્ચ વિભાગોમાં પોતાની મોટી ઓળખાણ અને સેટિંગ હોવાનો દાવો કર્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ એક બોગસ નોટરાઈઝડ કરાર ઊભો કરી ઊલટાનું ફરિયાદી પાસે ૧૩.૨૦ કરોડ રૂપિયાની ઉઘરાણી કરતી કાનૂની નોટિસ પણ ફટકારી દીધી હતી.

મળતી માહિતી અનુસાર, શાહીબાગ વિસ્તારમાં રહેતા અને 'વિષ્ણુ કાંતીલાલ'ની કંપનીના નામે આંગડિયા પેઢી ચલાવતા ૫૯ વર્ષીય સાંકળચંદ પટેલ આ કેસના ફરિયાદી છે. ગત છઠ્ઠી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેમની નવરંગપુરા સ્થિત ઓફિસ પર ઈડીએ દરોડા પાડી ગ્રાહકોના ૧૧.૧૦ કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. આ ઘટના બાદ ચાંદલોડિયાના વિજય પટેલ (મુખી), નવા વાડજના દર્શન વેદ, ગોતાના એડવોકેટ સુધાંશુ ઝા, તેમજ મુંબઈના પ્રવિણ ભાનુશાળી અને વિરાટ સિંગ નામના પાંચ શખસોએ ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને ઈદ્ધમાંથી નાણાં પાછા અપાવવાની ખાતરી આપી હતી.

વિજય મુખી અને એડવોકેટ સુધાંશુ ઝાએ ફરિયાદીને જણાવ્યું હતું કે, ઈ.ડી.નો આ કેસ પૂરો કરવા માટે કુલ રકમના ૪૦ ટકા જેટલો ખર્ચ થશે. આ માટે તેણે મુંબઈના પ્રવિણ અને વિરાટ સાથે વેપારીની ઓળખાણ કરાવી હતી. ત્યારબાદ આ ટોળકીએ ઈ.ડી. મુંબઈ, દિલ્હી સી.બી.આઈ. અને પુણે એ.ટી.એસ.ના નામે જુદા-જુદા વ્યક્તિઓના ટોકન મોકલાવ્યા હતા.

# તળાવોમાં સુરક્ષા માટે નવી SOP જાહેર; સુરક્ષાના નિયમોનું કરવું પડશે પાલન

અમદાવાદ,

કેટલીક વખત એવી ઘટનાઓ પણ સામે આવે છે કે, સંચાલકોની બેદરકારીના કારણે લોકો જીવ ગુમાવે છે. બોટ સેફ્ટીના સાધનો ન હોય અથવા તો પ્રવાસીઓને લાઈફ જેકેટ પહેરાવવામાં આવતા નથી.

અમદાવાદ શહેરમાં તળાવમાં સુરક્ષાને લઈને SOP જાહેર કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરે લોકોની સુરક્ષા માટે જીઁ જાહેર કરી છે. બોટિંગ સ્થળે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ફરજીયાત કરવામાં આવી છે.જીઁ મુજબ મુસાફરો જેટલા લાઈફ જેકેટ રાખવા પડેશ. ટિકિટ સમયે મુસાફરનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. જરૂર હોય ત્યાં ઝઝ્રફ કેમેરા લગાવવા જીઁમાં સૂચના આપવામાં આવી છે.બોટિંગ સ્થળે મુસાફરોની ક્ષમતા દર્શાવતા બોર્ડ લગાવવાના રહેશે.ટ્રીપમાં કેટલા મુસાફરો ગયા તેનો રેકોર્ડ રાખવો પડશે.

બોટિંગ સ્થળે ઈમરજન્સી બોટ ફરજીયાત રાખવી પડશે. બોટિંગ સ્ટાફ, તરવૈયા અને નિષ્ણાત લોકોને રાખવા પડશે. કોર્પોરેશન મંજૂરી વગર કોઈપણ સ્ટોલ નહીં રાખી શકાય.

થોડા વર્ષો પહેલા વડોદરાની ન્યૂ સનરાઈઝ નામની શાળાના વિદ્યાર્થીઓને હરણી તળાવ ખાતે પ્રવાસ માટે લઈ જવાયા હતા. જ્યાં બાળકોને બોટિંગ કરાવવામાં આવ્યુ હતુ. તે સમયે બોટ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૧૨ બાળકો અને ૨ શિક્ષકનું ડૂબવાથી મોત નિપજ્યું હતું. આ બોટમાં તમામને લાઈવ જેકેટ પણ આપવામાં આવ્યા ન હતા.

# ગાંધીનગર : આરટીડીસીમાં ચેરમેન પદની લાલચે ૧.૧૦ કરોડ પડાવ્યા

## નાણાં પરત ન આપવા પડે તે માટે બે યુવકો પર જાનથી મારી નાખવાના ઈરાદે ઘાતક હથિયારો વડે હુમલો

ગાંધીનગર,

રાજધાની ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રાત્રે ભારે અફરાતફરી મચી ગઈ હતી. રાજસ્થાન ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં ચેરમેન બનાવવાની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચર્યા બાદ, આ નાણાં પરત ન આપવા પડે તે માટે પૂર્વ આયોજિત કાવતરું રચીને બે યુવકો પર જાનથી મારી નાખવાના ઈરાદે ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા એક યુવકની હાલત અત્યંત નાજુક હોવાથી તે હાલ આઈસીયુમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

મહેન્દ્રસિંહ અને તેનો દીકરો અભિમન્યુ અગાઉથી નક્કી કરેલા પ્લાન મુજબ બીજા ૧૦ જેટલા માણસોને બાઈક પર હથિયારો સાથે લઈને ધસી આવ્યા હતા. આ ટોળા પાસે છરી, ધારીયા અને લાકડીઓ જેવા ઘાતક હથિયારો હતા. હુમલાખોરોએ ફરિયાદીની વોક્સવેગન કાર પર ધોકા ફટકારીને કચ્ચરઘાણ વાળી દીધો હતો, જેના કારણે જાહેર રોડ પર નાસભાગ મચી ગઈ હતી. કેમ વારંવાર રૂપિયા માંગો છો? આજે તમને તમારા રૂપિયા આપી દઈએપ તેમ કહીને હથિયારોથી સજ્જ ટોળું તૂટી પડ્યું હતું.

મહેન્દ્રસિંહે છરી વડે ભરતસિંહના બંને હાથના કાંડા પર છરીના ઘા માર્યા હતા અભિમન્યુસિંહ રાઠોડે ભરતસિંહના બરડાના ભાગે છરી મારી દીધી હતી. જેથી તેઓ ગંભીર રીતે ઘવાઈને નીચે ઢળી પડ્યા હતા. ફરિયાદી ઉત્સવ વચ્ચે પડતા આરોપી સુનિલ ચૌહાણ, લાલભાઈ અને અભિમન્યુએ મળીને તેને પણ શરીરના બરડાના ભાગે, હાથ-પગ તથા પેટના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા.

# અમીરગઢ અને રાજસ્થાનમાંથી બાઈક ચોરી અને લૂંટ કરતી ગેંગના સાત ઝડપાયા

## છેલ્લા ઘણા સમયથી અમીરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેંગે તરખાટ મચાવ્યો હતો.

પાલનપુર,

અમીરગઢ પોલીસે લૂંટ અને વાહન ચોરી કરતી આંતરરાજ્ય ગેંગને ઝડપીને મોટી કાર્યવાહી કરી છે. છેલ્લા ઘણા સમયથી અમીરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ ગેંગે તરખાટ મચાવ્યો હતો. વાહન ચોરી કરી લોકોને ધમકાવીને લૂંટ આચરતા હતા, આ લૂંટારૂ ગેંગ આખરે પોલીસના હાથે ઝડપાઈ ગઈ છે.

પકડાયેલ આંતરરાજ્ય ગેંગના શખ્સો પહેલા બાઈકની ચોરી કરતા અને ત્યાર બાદ લોકોને રસ્તામાં આંતરીને હથિયાર વડે ધમકાવી લૂંટ કરી ફરાર થઈ જતા હતા. ગેંગના શખ્સો બનાસકાંઠાના અમીરગઢ તેમજ રાજસ્થાનના સીરોહી જિલ્લાના રેવદર વિસ્તારમાં પણ વાહન ચોરી કરી લૂંટની ઘટનાને અંજામ આપતા હતાં.

અમીરગઢ પોલીસે વાહન ચોરી કરી લૂંટ આચરતા ગેંગના ૪ શખ્સો સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ કિશોરોને પણ ઝડપીને કાર્યવાહી હાથ ધરી છે, તેમને અમીરગઢ તેમજ રાજસ્થાનના સીરોહી જિલ્લાના રેવદર વિસ્તારમાં પણ બાઈકોની ચોરી કરી લૂંટ ચલાવી હોવાની કબુલાત કરી છે. પોલીસે પકડાયેલા શખ્સો પાસેથી ચોરી કરેલી ૬ મોટરસાયકલ, છરી, મોબાઈલ ફોન, બાઈકના લોક ખોલવા માટે ઉપયોગમાં લેવાતી માસ્ટર કી, સહિત કુલ ૨.૪૪ લાખનો મુદ્દામાને પણ જપ્ત કર્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાણંદ ખાતે ભારતનો ત્રીજો સેમિકન્ડક્ટર પ્લાન્ટ દેશને સમર્પિત કરશે

## પ્રોજેક્ટથી સાણંદ વિસ્તારમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો પાયો નંખાશે

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૪ જુલાઈએ એક દિવસીય ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે, કારણ કે તેઓ સાણંદ ખાતે ભારતનો ત્રીજો અને અતિ આધુનિક સેમિકન્ડક્ટર પ્લાન્ટ દેશને સમર્પિત કરવાના છે. ભારતને વિશ્વનું 'સેમિકન્ડક્ટર હબ' બનાવવાની વડાપ્રધાનની નેમ આ પ્રોજેક્ટ દ્વારા સાકાર થતી જણાય છે.

સાણંદ ખાતે શરૂ થનારો આ પ્લાન્ટ સીજી પાવર અને વિશ્વની દિગ્ગજ કંપની રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સના સંયુક્ત સાહસથી તૈયાર કરવામાં આવ્યો છે. આ એક અત્યાધુનિક ઓએસએટી ફેસિલિટી છે. આ પ્લાન્ટમાં સેમિકન્ડક્ટર ચિપ્સનું એસેમ્બલિંગ અને ટેસ્ટિંગ થશે, જે આવનારા સમયમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ગુજરાત સરકારના મતે, આ પ્રોજેક્ટથી સાણંદ વિસ્તારમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો પાયો નંખાશે. માત્ર સીધું રોકાણ જ નહીં, પરંતુ તેનાથી સંલગ્ન અનેક નાના-મોટા ઉદ્યોગોને પણ વેગ મળશે. નિષ્ણાતોના મતે, આ પ્લાન્ટ હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય આધારિત રોજગારીની તકો ઉભી કરશે. ગુજરાત સરકારની સેમિકન્ડક્ટર પોલિસીના કારણે જ આજે રાજ્ય ભારતનું સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગનું ગઢ બની રહ્યું છે.

વડાપ્રધાન મોદી હંમેશા 'મેક ઈન ઈન્ડિયા' પર ભાર મૂકે છે. સેમિકન્ડક્ટરની વૈશ્વિક અછત અને આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે આ પ્લાન્ટ એક મહત્વનું સોપાન છે. સ્માર્ટફોનથી લઈને ઈલેક્ટ્રિક વાહનો અને ડિફેન્સ સિસ્ટમ સુધી તમામમાં સેમિકન્ડક્ટર ચિપ અનિવાર્ય છે. સાણંદમાં થઈ રહેલું આ રોકાણ ભારતને ટેક્નોલોજી ક્ષેત્રે વિશ્વમાં આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી, ઉદ્યોગ મંત્રી તેમજ ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# અમદાવાદ ૫૦ લાખ લૂંટ કેસઃ કુખ્યાત છારા ગેંગની માસ્ટરમાઈન્ડ મહિલા ૨૫ લાખ સાથે ઝડપાઈ

## ગેંગનો કોઈ સભ્ય પકડાય ત્યારે કોર્ટ અને લીગલ પ્રોસીડિંગ્સની કામગીરી પણ દિવ્યા જ સંભાળતી હતી

અમદાવાદ,

થોડા દિવસ અગાઉ શહેરના બાપુનગર વિસ્તારમાં ડાયમંડ માર્કેટથી ૫૦ લાખ રૂપિયાની રોકડ લઈને જઈ રહેલા વેપારીની કારના કાંચ તોડી લૂંટ ચલાવવાની ઘટનામાં પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસ તપાસમાં આ લૂંટ કુખ્યાત 'છારા ગેંગ' દ્વારા આચરવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આ ગુનામાં ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપીની પત્નીની ધરપકડ કરી લીધી છે અને તેની પાસેથી લૂંટાયેલી રકમમાંથી ૨૫ લાખ રૂપિયાની રોકડ રિકવર કરી છે.



મીડિયા સુત્રો તરફથી મળતી માહિતી અનુસાર, આ ચકચારી લૂંટની ઘટના ગત ૨૭મી જૂનના રોજ સવારે બની હતી. કેતનકુમાર બાપુનગર ડાયમંડ માર્કેટથી રોકડ રકમ લઈને કોઠારી હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન એડીસી બેંક મારુતિ પ્લાઝા નજીક બાઈક સવાર શખસોએ તેની કારને ટક્કર મારીને જાણીજોઈને ઝઘડો શરૂ કર્યો હતો. વેપારીનું ધ્યાન ભટકાવીને તકનો ફાયદો ઉઠાવી આ શખસો કારનો કાંચ તોડી ૫૦ લાખ રૂપિયાની રોકડ ભરેલી બેગ ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હતા.

ઝોન ૫ ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલના જણાવ્યાનુસાર, ઘટનાની ગંભીરતાને જોઈને પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. ફરિયાદીએ આપેલા વર્ણન, કપડાના રંગ અને પોલીસ રેકોર્ડમાં રહેલા આરોપીઓના પ્રોફાઈલ ફોટોગ્રાફસના આધારે ફરિયાદીએ મુખ્ય આરોપી અજય ઉર્ફે અજુબા ગાંગડેકરને ઓળખી કાઢ્યો હતો. આ ઉપરાંત લૂંટ વખતે અન્ય સાગરીતોએ પણ અજુબાનું નામ લીધું હોવાનું સામે આવ્યું હતું.

# ગાંધીનગરમાં ૧૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામશે ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશનનું ભવન અને હોસ્ટેલ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણમંત્રી અને શિક્ષણ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કર્યુ

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાથી સ્થપાયેલી સ્ટેટ યુનિવર્સિટી ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશનનું નવું અદ્યતન ભવન ગાંધીનગરમાં નિર્માણ પામશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.૧૨૭ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા આ નૂતન ભવનનું ભૂમિપૂજન શિક્ષણ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજા તથા રાજ્ય મંત્રીઓ સર્વ ત્રિકમભાઈ છાંગા, અને રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં કર્યુ હતું.

આ નવા ભવનમાં એકેડેમિક બિલ્ડિંગ, આધુનિક સાયન્સ લેબ તથા સેમીનાર રૂમ તેમજ સ્ટેટ ઓફ આર્ટ લાયબ્રેરી અને મ્યુઝીયમ જેવી સુવિધાઓ ઉપરાંત વિવિધ રમતો માટે પ્લે ગ્રાઉન્ડ, આધુનિક સુવિધાઓ સાથેની ૬૦૦થી વધુ ભાઈઓ તથા બહેનોને સમાવી શકાય તેવી હોસ્ટેલનું બાંધકામ હાથ ધરાશે.

આ ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થાનની સ્થાપના સમાજને ઉત્તમ શિક્ષકો મળે તે હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝનથી કરવામાં આવેલી છે.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, આજે માત્ર ભવન કે મકાન નિર્માણની શરૂઆત નથી થઈ, પરંતુ ભારતના ભવિષ્યના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપનારા ઉત્તમ શિક્ષકોના નિર્માણના એક નવા યુગની શરૂઆત થઈ છે. ભારત માત્ર સામાન્ય શિક્ષકો જ નહીં, પણ 'રાષ્ટ્ર નિર્માતા' શિક્ષકો તૈયાર કરીને વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવે અને વિદેશોમાં પણ શ્રેષ્ઠ શિક્ષકો પૂરા પાડે, તેવા ભગીરથ દ્રષ્ટિકોણને આ સંસ્થા આજે નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે.

શિક્ષણ મંત્રી વાજાએ જણાવ્યું હતું કે, વિશ્વકક્ષાના શિક્ષકો તૈયાર કરવા માટે વૈશ્વિક સ્તરની સંસ્થા સ્થાપવાના ઉદ્દેશ સાથે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી વિચારથી વર્ષ-૨૦૧૦માં આ વિશિષ્ટ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૨૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ ગ્રાન્ટ અંતર્ગત કેમ્પસમાં નવા એકેડેમિક અને ફેકલ્ટી બિલ્ડિંગ, અદ્યતન વર્ગખંડો, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ, સેમિનાર હોલ, સ્ટેટ-ઓફ-ધ-આર્ટ લાઈબ્રેરી, મ્યુઝિયમ તેમજ રમત-ગમતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઊભી કરાશે.

# જામનગરમાં આજે નેશનલ ડૉક્ટર ડે નિમિતે ઈટ્રાના વૈદ્યો દ્વારા વૃક્ષારોપણ



જામનગર : જામનગરમાં ઈટ્રા દ્વારા આજે રાષ્ટ્રીય ડૉક્ટર દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કૌમારભૃત્ય વિભાગ દ્વારા વન મહોત્સવ થકી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આયુર્વેદની દૃષ્ટિએ આરોગ્ય અને પર્યાવરણ હિતકારી ૪૦ લીમડાનાં છોડનું રોપણ કરવામાં આવ્યું હતું. આ સમયે પી. એચડી. અભ્યાસક્રમમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સ્વાગત અને તેના હસ્તે પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જ્યારે કોઈ વ્યક્તિ બીમાર પડે તો ડૉક્ટર તેને સ્વસ્થ કરે છે ત્યારે ડૉક્ટર દ્વારા માત્ર દરદીઓ જ નહીં પરંતુ સમગ્ર સમાજ સ્વસ્થ રહે તે હેતુથી આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કૌમારભૃત્ય વિભાગના વડા પ્રો. વિરેન્દ્ર કોરી જણાવે છે કે આયુર્વેદ વૈદ્યો બીમાર દરદી અને પર્યાવરણને અનુલક્ષીને વૃક્ષરોપણ કરાયું છે જેમાં નવા પ્રવેશ મેળવનારને પણ જોડવામાં આવ્યાં હતાં જેથી ભાવી પેઢીમાં પણ વૃક્ષ રોપણ અને જતનની સુટેવ વિકસે. પ્રત્યેક વૃક્ષ પર તેના નામનું કયુ.આર. કોડ ધરાવતું બોર્ડ પણ લગાવવામાં આવ્યું છે જેથી તેઓને જતન માટેની પ્રેરણા મળતી રહે. આ કાર્યક્રમમાં સંસ્થાના ઈનચાર્જ ડાયરેક્ટર પ્રો. વૈદ્ય હિતેશ વ્યાસ સહિત સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ જામનગર દ્વારા

## લોહાણા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનો ૩૫મો સન્માન સમારોહ યોજાશે

જામનગર : શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, જામનગર દ્વારા જામનગર શહેરના લોહાણા સમાજના એલ. કે. જી. થી સ્નાતક / અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવનાર હોય, એલ. કે. જી. થી ધો.૮ સુધીના જે વિદ્યાર્થીઓ ને ૮૦% અથવા છ ગ્રેડ મેળવ્યો હોય, ધો. ૯ થી ધો.૧૨ સુધીમાં જે વિદ્યાર્થીઓ ને ૭૫ % અને કોલેજ માં ૬૦% માર્કસ મેળવ્યા હોય તેઓએ નીચે જણાવેલ સ્થળ ઉપરથી ફોર્મ મેળવી તા.૧૮/૦૭/૨૦૨૬ સુધીમાં તે જ સ્થળોએ પરત કરવા સંસ્થાનાં પ્રોજેકટ ચેરમેન આશીત કોટક તથા પ્રમુખ જીજ્ઞેશ સીમરીયાની સયુકત યાદી માં જણાવવા માં આવ્યું છે.

મે. નારણદાસ વિઠ્ઠલદાસ એન્ડ કંપની, જુની અનુપમ ટોકીઝ પાસે, એસ.બી.આઈ. (એન. આર. આઈ.બ્રાન્ચ) બેંક સામે, મનોહર એમ્પોરીયમ, પટેલ કોલોની શેરી નં ૧, રોડ નં. ૧, ધન્વન્તરિ મેડિકલ સ્ટોર, હવાઈ ચોક, શ્રીજી એન્ટર પ્રાઈઝ, જે - ૮ જૂનો હુડકો, રણજીત નગર, સદગુરુ પ્રોવિઝન સ્ટોર, આઇ.સી.આઈ.સી. બેંક ની બાજુમાં, ત્રીમંદિર પાસે, લાલવાડી મેઈન રોડ, ગુરુકૃપા મેડીકલ સ્ટોર, સાધના કોલોની ગેટ નંબર ૨, રણજીતસાગર રોડ અને શ્રી યમુના ટ્રેડીંગ, ખોડીયાર કોલોની, શાક માર્કેટ પાસે, ૮૦ ફૂટ રોડ, જામનગર.

## વિરમગામ-રાજકોટ, ઓખા રેલવે સેકશન પર સ્ટાન્ડર્ડ કવચ સીસ્ટમનું સફળ કમીશનીંગ

### પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ, ડિસેમ્બર-૨૬ સુધીમાં સંપૂર્ણ વિકસિત કવચ પ્રલાણી લાગુ કરવાનો લક્ષ્યાંક

દ્વારકા : વેસ્ટર્ન રેલવેના રાજકોટ ડીવીઝન દ્વારા રેલવે સુરક્ષા અને આધુનિક ટેકનોલોજી આધારિત ઓપરેશનના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલબ્ધિ હાંસિલ કરતા આજરોજ વિરમગાર - રાજકોટ - ઓખા મુખ્ય રેલવે સેકશન પર ૪૩૪ કિલોમીટરની લંબાઈમાં સ્ટાન્ડર્ડ કવચ સીસ્ટમનું મહત્વપૂર્ણ કમિશનિંગ પૂર્ણ કર્યુ છે.



આ મહત્વપૂર્ણ ઉપલબ્ધિ સાથે રાજકોટ ડીવીઝનનો સમગ્ર વિરમગાર - રાજકોટ - ઓખા મુખ્ય રેલવે સેકશન હવે બ્લોક સેકશનોમાં સ્ટાન્ડર્ડ કવચ સુરક્ષા પ્રણાલીથી સુરક્ષિત બન્યો છે. સ્ટાન્ડર્ડ કવચ એ ભારતીય રેલવે દ્વારા વિકસાવેલ અત્યાધુનિક સ્વદેશી ટ્રેન ટકકર નિવારણ પ્રણાલી છે જે સંભવિત અકસ્માતોને રોકવામાં અને ટ્રેનોના સુરક્ષિત સંચાલનને સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સ્ટાન્ડર્ડ કવચ પ્રણાલીનું કમિશનિંગ કવચ પ્રોજેકટના પ્રથમ તબકકાનો એક ભાગ છે. આગામી તબકકાઓમાં લોકોમોટીવ, સ્ટેશનો અને સિગ્નલીગ સીસ્ટમ સાથે સંપૂર્ણ એકીકરણનું કામ કરવામાં આવી રહ્યુ છે. રાજકોટ ડીવીઝનમાં સંપૂર્ણ વિકસિત કવચ પ્રણાલીને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તબકકાવાર રીતે પૂરી રીતે લાગી કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

## દ્વારકા જિલ્લામાં ૩૦ જમાદારોને એએસઆઈ. તરીકે મળ્યુ પ્રમોશન



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા પોલીસમથકોમાં ફરજ બજાવતાં આર્મ્ડ પોલીસ હેડ કોન્સ્ટેબલમાંથી ૩૦ કર્મચારીઓને પ્રમોશન આપતો હુકમ કરવામાં આવ્યો છે. તમામ પોલીસકર્મીઓને હાલમાં જે તે પોલીસ મથકમાં જ બઢતી મળી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ૩૦ હેડ કોન્સ્ટેબલ્સને એ.એસ.આઈ. તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. રીવર્ટ કરવાની શરતે હથિયારધારી પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં જમાદારોને એ.એસ.આઈ.નું પ્રમોશન પ્રાપ્ત થયું છે.

જિલ્લાના એસ.ઓ.જી. વિભાગના પી.ડી.વાઘેલા, કે.બી.જાડેજા ઉપરાંત ઓખા મરીનના પી.એસ.વરૂ, ટ્રાફીક શાખાના એસ.પી.જાડેજા, વી.કે.જાડેજા, આર.એન. સીધ્ધપરાને પ્રમોશન અપાયું છે. ઉપરાંત દ્વારકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એચ.ડી.ઝાલા, ડી.આર.ઝાલા, કે.એમ. મોડવાડીયાને પણ પ્રમોશન મળ્યુ છે. ભાણવડના એચ.બી.વસરા, કે.સી.જાડેજા, એમ.એસ.જાડેજાને પ્રમોશન આપવામાં આવ્યું છે.

## જામનગર જિલ્લામાં પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીની કારોબારી બેઠક યોજાઈ

જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ની વર્ષ ૨૦૨૬-૨૭ ની પ્રથમ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લામાં અબોલ જીવો પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા અને વન્યજીવ તેમજ પ્રાણી કલ્યાણ પ્રવૃત્તિઓને વેગ આપવા અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.




બેઠક દરમિયાન ગુજરાત હાઈકોર્ટના નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવા અંગે ભાર મૂકતા અધ્યક્ષ અને કલેક્ટર પી.બી.પંડ્યાએ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં ઉંદર અને અન્ય જીવજંતુઓને પકડવા માટે વપરાતી જીવલેણ 'ગ્લૂ ટ્રેપ' ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ તેમજ ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ પ્રકારની કડક જોગવાઈઓનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં, કલેક્ટરએ જિલ્લામાં પ્રાણી ક્રૂરતા સંદર્ભે મળતી ફરિયાદો પર વહીવટીતંત્રને ત્વરિત અને અત્યંત કડક પગલાં લેવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા સહિત સમિતિના અન્ય સરકારી અને બિનસરકારી સભ્યો, પશુપાલન વિભાગના અધિકારીઓ તેમજ પ્રાણી કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના જરૂરી સૂચનો રજૂ કર્યા હતા.

## દ્વારકા જિલ્લામાં જુગાર રમતા આઠ શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા જિલ્લામાં વધુ ચાર જગ્યાએ પોલીસે દરોડા પાડી તીનપત્તી, એકીબેકી અને વર્લીનો જુગાર રમતા આઠ શખ્સની અટકાયત કરી રોકડ રકમ કબ્જે લઈ તેઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના સામોર ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા બાબુ અરસીભાઈ માતંગ, માલસી સાજણભાઈ વઘેરા, દેપાર દેસાભાઈ પારીયા નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૭૨૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

જ્યારે કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મેહુલ માણસુર વડ, દિલીપ સાજણભાઈ ગોહિલ નામના બે શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૫૪૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

ઉપરાંત દ્વારકાના રૂપેણબંદર ખાતે જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા રામભાઈ વિજાભાઈ સુરાણી અને ઈબ્રાહિમ ભીખુભાઈ ભીખલાણી નામના બે શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૪૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. તેમજ ખંભાળિયા શહેરમાં પોર ગેટ પાસે જાહેરમાં વર્લી મટકાનો જુગાર રમતા ધીરજલાલ ઉર્ફે ગબ્બર નાનજીભાઈ પાઉં નામના વૃદ્ધની રૂ. ૩૭૦ ની રોકડ રકમ સાથે સ્થાનિક પોલીસે અટકાયત કરી હતી.

## ખંભાળીયા નગરપાલીકાના નવા ચૂંટાયેલ બોડીની આવતીકાલે પ્રથમ સામાન્ય સભા

ખંભાળિયા : ખંભાળીયા નગરપાલીકામાં થોડા સમય પૂર્વે જ યોજાયેલ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપે ૩૬માંથી ૩૦ સીટો કબ્જે કરી સત્તા મેળવી હતી. પ્રમુખ તરીકે ચૂંટાયેલ વિજયભાઈ કણઝારીયાની અધ્યક્ષતામાં નવા સદસ્યોની ટીમની પ્રથમ સામાન્ય સભા આવતીકાલ તા.૨ જી જુલાઈના રોજ યોજાનાર છે.

એજન્ડાના ૬૭ ઠરાવોમાં કમિટી શાખાના ન.પા. પ્રમુખ દ્વારા કરેલ હુકમો બહાલ કરવા, કારોબારી તથા અન્ય કમિટીઓની રચના કરવા, એપ્રિલ-૨૫ થી માર્ચ-૨૬ સુધી ઉપજ ખર્ચના હિસાબો બહાલ કરવા, વહીવટી શાખાના નિવૃત કર્મચારીઓના હક્ક-હિસ્સાના પ્રશ્નો, ૧૧ માસના ફીકસ પગારદારના હુકમો બહાલ કરવા, દંડક તથા શાસક નેતાની ચેમ્બરમાં એ.સી. લગાવવા, શહેરમાં દરેક જગ્યાએ જામખંભાળીયા શબ્દ પ્રયોગ કરવા, રોજમદાર અને ફીકસ પગારદારોના પગાર વધારવા, ટેકસ શાખાના ઠરાવોના એજન્ડામાં ભાડાપટ્ટાની દુકાનો શાક માર્કેટની દુકાનોના ભાડા વસૂલવા, નામ ટ્રાન્સફર કરવા, નવા ભળેલ વિસ્તારોમાં ડ્રેનેજ કનેકશનો તથા પાણી કનેકશનો આપવા, વેરા વસૂલાતમાં પેનલ્ટી વ્યાજ માફ કરવા, વાલ્વમેન નિવૃતની સેવા લેવી વગેરે એજન્ડાનો સમાવેશ થાય છે. ખંભાળીયા નગરપાલીકા વિસ્તારમાં ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા કરવા, શહેરમાં ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમા મૂકવા, વિજય સિનેમા પાસે તેલી નદીથી સુખનાથ મહાદેવ મંદિર સુધીના નવા બનેલ રસ્તાઓને સ્વ.કાળુભાઈ ચાવડા, સ્વ.મેઘજીભાઈ કણઝારીયા, સ્વ.ખીમભાઈ જોગલનું નામ આપવા,નવા ભળેલ વિસ્તારોમાં પાલીકાની હદ બતાવતા બોર્ડ મૂકવા તથા પાલીકાના સદસ્યો દ્વારા કામ કરવા માટે આવેલ વિવિધ દરખાસ્તો અંગે નકકી કરવા તથા પ્રમુખસ્થાનેથી જે રજૂ થાય તે મળી કુલ ૬૭ દરખાસ્તોના જંગી એજન્ડા વિશે વિસ્તૃત ચર્ચા-વિચારણા સાથે નિર્ણયો લેવામાં આવનાર છે.

## જામનગરમાં રીક્ષા ચાલકો માટે નવી પીએસ આઈડેન્ટિફીકેશન પોલિસી અમલમાં

### રિક્ષા માલિકો અને રિક્ષા ચાલકોને પોલીસ ઓળખ નંબર મેળવવા અપીલ

જામનગર : જામનગર શહેરના સીટી એ. ડિવિઝન, સીટી બી. ડિવિઝન તથા સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ રિક્ષા માલિકો અને રિક્ષા ચાલકો સાથે ત્વરિત સંપર્ક અને સંકલન સુનિશ્ચિત કરવા માટે દરેક રિક્ષાને પોલીસ ઓળખ નંબર આપવામાં આવશે.

આ પોલીસ ઓળખ નંબર મેળવવા માટે સંબંધિત વિસ્તારના રિક્ષા માલિકો અને રિક્ષા ચાલકોએ પોતાની રિક્ષા, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ તેમજ કાયમી અથવા હંગામી રિક્ષા સ્ટેન્ડની વિગતો સાથે સંબંધિત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનો રહેશે.

સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારના રિક્ષા માલિકો અને ચાલકો હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ધુડાભાઈ મોરી (મો. નં. ૯૭૨૩૬૯૫૬૩૫), હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ ભરતસિંહ પરમાર (મો. નં. ૭૮૭૮૪૦૭૮૯૯) તથા એ.એસ.આઈ. રાજેશભાઈ દુર્લભજીભાઈ વેગડ (મો. નં. ૮૨૦૦૧૪૧૪૯૨) નો સંપર્ક કરી શકશે.

સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારના રિક્ષા માલિકો અને ચાલકો હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ ડાયાલાલ પરમાર (મો. નં. ૮૧૪૦૧૮૦૯૩૨), પોલીસ કોન્સ્ટેબલ સાજીદભાઈ રફીકભાઈ બેલીમ (મો. નં. ૭૮૧૭૮૦૫૦૫૦) તથા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઘેલુભા વાઢેર (મો. નં. ૮૪૬૯૪૩૦૩૦૩) નો સંપર્ક કરી શકશે.

જ્યારે સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારના રિક્ષા માલિકો અને ચાલકો પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકભાઈ પોપટભાઈ ગાગીયા (મો. નં. ૯૭૭૩૧૨૦૬૪૮) તથા હેડ કોન્સ્ટેબલ ફૈઝલભાઈ ચાવડા (મો. નં. ૮૩૨૦૯૭૦૯૫૯) નો સંપર્ક કરી શકશે.

જામનગર શહેર પોલીસે તમામ રિક્ષા માલિકો અને રિક્ષા ચાલકોને જરૂરી દસ્તાવેજો સાથે વહેલી તકે સંપર્ક કરી પોલીસ ઓળખ નંબર મેળવવા અનુરોધ કર્યો છે, જેથી જરૂરિયાતના સમયે પોલીસ અને રિક્ષા ચાલકો વચ્ચે ઝડપી સંપર્ક અને અસરકારક સંકલન જાળવી શકાય.

## વીજરખી પાસે નશામાં કાર ચલાવી અકસ્માત સર્જનાર વેપારી ઝડપાયો

જામનગર : જામનગર-કાલાવડ હાઈવે પર વીજરખી ડેમની ગોળાઈ પાસે દારૂના નશામાં કાર ચલાવી અકસ્માત સર્જનાર જામનગરના વેપારીને પકડી પાડી પંચકોશી એ. ડિવિઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત અનુસાર જામનગર-કાલાવડ હાઈવે પર વીજરખી ડેમ નજીક પહોંચ્યો હતો. ત્યારે સામેથી આવી રહેલી ટાટા સફારી કાર નં. જીજે-૧-કેએમ-૭૫૪૩ કારના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર રસ્તા પરથી નીચે ઉતરી જઈ પલટી મારી ગઈ હતી.

પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી કારચાલકને બહાર કાઢ્યો હતો. તપાસ દરમિયાન કારચાલક દારૂના નશામાં હોવાનું જણાયું હતું. પોલીસે નામ-સરનામું પૂછતાં તેણે પોતાનું નામ મુકેશ કેશવજી સભાયા (૫૪), વ્યવસાયે વેપારી, રણજીતનગર, લેઉવા પટેલ સમાજની વાડી પાસે, જામનગર હોવાનું જણાવ્યું હતું.

દારૂ પીવા અંગે પાસ-પરમિટ અથવા અન્ય કોઈ કાનૂની આધાર પુરાવો માંગતા તેની પાસે કોઈ પરમિટ ન હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે બે પંચોની હાજરીમાં કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે ગુનો નોંધી કાર તેના મિત્ર અમૃતલાલ નાનજીભાઈ મારૂને કાયદેસરની કાર્યવાહી બાદ સોંપવામાં આવી હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

## પૈયગંબર વિરુદ્ધ આપતીજનક ટિપ્પણી કરનાર સામે કાર્યવાહી કરવા પાઠવ્યું આવેદન

સિક્કા : કોલકાતા બંગાળની નાજીયા ઈલાહી ખાન નામની યુવતી દ્વારા હિન્દુ મુસ્લિમ કોમી એકતા તોડવા અને ભાઈચારામાં દુશ્મનાવટ થાય તે રીતે તેમજ મુસ્લિમ સમુદાયના લોકોની ધાર્મિક લાગણી દુભાય તે રીતે પૈયગંબર સાહેબ વિરુદ્ધ આપતીજનક ટીપ્પણી કરેલ હોઈ જે અન્વયે જામનગર સહીત સમગ્ર દેશ દુનિયામાં આ યુવતી વિરુદ્ધ ગુન્હો દાખલ કરી કડક કાર્યવાહી કરવા જનશૈલાબ આક્રોષિત થયેલ હોઈ તેવામાં સુન્ની દારૂલ કઝા જામનગર સંસ્થા મારફતે



તસવીર : સલીમ મુલ્લા

કાજી એ ગુજરાત હઝરત સૈયદ સલીમબાપુ નાનીવાલાની અધ્યક્ષતામાં આ નાલાયક નાજીયા ઈલાહી ખાન વિરુદ્ધ મુંબઈની જેમ જામનગર ખાતેથી ઝીરો એફ. આઈ. આર. દાખલ કરાવવા અને આવા નાલાયક લોકોમાં દાખલો બેઠે તે રીતે કડક કાર્યવાહી કરાવવા તેમજ આ યુવતી અવાર નવાર મુસ્લિમ સમુદાય તેમજ પૈયગંબર સાહેબ વિરુદ્ધ એલ ફેલ બોલે છે તેના વિડિઓ સોશ્યલ મીડિયામાં વાયરલ થતા રહે છે.

આ યુવતી શા માટે મુસ્લિમ સમુદાય વિરુદ્ધ બોલે છે તેમજ આ યુવતી પાછળ કોઈ કટ્ટરવાદી સંગઠન કે દુશ્મન દેશની પડદા પાછળ દોરવણી છે કે કેમ તેની તપાસ થવી જરૂરી છે. આ યુવતીની કન્ડકટ ધ્યાને લઈ જામનગર જીલ્લા કલેક્ટર થ્રુ મુખ્યમંત્રી સહીત ઉચ્ચ કક્ષાએ આવેદન પાઠવી રજુઆત કરવામાં આવેલ છે.

આ આવેદન પત્ર આપતી વખતે સૈયદ છોટે સલીમબાપુ બુખારી, સૈયદ મહંમદબાપુ કાદરી, ફાતીમી સૈયદ સરફરાઝ બાપુ, સૈયદ સરવરહુસેન બાપુ, મૌલાના સુલૈમાન બરકાતી, શહર કાઝી જામનગર મૌલાના આસીફ સાહબ, હાફીઝ મહંમદહુસેન, હાફીઝ એહમદરઝા, એડવોકેટ ઉમર ભાઈ લાકડાવારા, દાઉદ નોતીયાર સમાજ સેવક અસલમભાઈ રઝવી, મુસ્તાકભાઈ ગોરી, હારુનભાઈ ગોરી, આરીફ ભાઈ સોઢા, યુસુફભાઈ સમા, હમીદરઝા, આબીદરઝા ગંઢાર સહિતના હાજર રહેલ હતા.

## દ્વારકાધીશ હોસ્પિટલ ખાતે હાડકાની ઘનતા માપવાનો નિ:શુલ્ક કેમ્પ યોજાશે

જામનગર : જામનગરમાં પટેલ કોલોની શેરી નં.૧, મહિલા કોલેજ રોડ ઉપર આવેલ શ્રી દ્વારકાધીશ હોસ્પિટલ ખાતે ડો.નીતાબેન સાતા દ્વારા શહેરીજનો માટે હાડકાની ઘનતા (મજબુતાઇ) માપવાના નિ:શુલ્ક કેમ્પનું તા.૬ જુલાઈને શનિવાર સવારે ૯:૩૦ થી બપોરે ૨વાગ્યા દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

## રામપુરની પરણીતાને પતિએ સિતમ ગુજારી હાંકી કાઢયાની ફરિયાદ

જામનગર : જામનગર તાલુકાના રામપુર ગામની એક પરણીતાને રાજકોટમાં રહેતા તેણીના પતિએ સિતમ ગુજારી હાંકી કાઢ્યાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જેના આધારે જામનગરના પંચકોશી એ ડિવિઝન પોલીસ મથકે એક પરિણીત મહિલાની ફરિયાદના આધારે તેના પતિ વિરુદ્ધ સ્ત્રી અત્યાચારનો ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ રાજકોટના શાસ્ત્રીનગર વિસ્તારમાં રહેતી રાધિકાબેને પોતાના પતિ સાગરભાઈ રમેશભાઈ મિયાત્રા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મહિલાના જણાવ્યા મુજબ તેના પતિને દારૂ પીવાની ટેવ હોવાથી તેઓ અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડા કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતા. અગાઉ પણ મહિલાને પતિના ત્રાસના કારણે પિયર જવાની ફરજ પડી હતી, જોકે સમાધાન બાદ ફરીથી સાથે રહેવાનું શરૂ કર્યું હતું.

પરંતુ પતિ દ્વારા ફરીવાર હેરાનગતિ અને દુ:ખ-ત્રાસ આપવામાં આવતા મહિલાએ પોલીસનો આશરો લીધો હતો. ફરિયાદના આધારે પંચકોશી "એ" ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૮૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે
ભાવનગર ડિવિઝન
વિવિધ પી.વે જાળવણી કામ
ઈ-ટેન્ડર નં. ૯૪-૨૦૨૬-૨૭
કામનું નામઃ ADEN બોટાદ અધિકારક્ષેત્રનું સંતુલન કામઃ SSE/પી-વે/વઢવાણ સીટીના અધિકારક્ષેત્ર હેઠળ બે વર્ષ માટે PRCL સેક્શનમાં વિવિધ પી.વે જાળવણી કામ હાથ ધરવાનું કામ. ટેન્ડર મૂલ્ય (રૂા.): ₹ ૧,૪૯,૪૪,૯૮૧.૭૪ ઈએમડી (રૂા.): ₹ ૨,૯૮,૯૦૦.૦૦ બિડીંગ શુરૂ થવાની તારીખઃ તા.૦૭-૦૭-૨૦૨૬, બિડીંગ સમાપ્ત થવાની તારીખઃ તા.૨૧-૦૭-૨૦૨૬ વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in
BVP-069
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
રાજકોટ ડિવિઝન
લાઈન નં. ૭,૮,૯ ની CSR વૃદ્ધિના સંબંધમાં OHE ફેરફાર કામ
ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૦૮R૧ તારીખ : ૨૯.૦૬.૨૦૨૬
(I) કામનું નામઃ રાજકોટ ડિવિઝનના રાજકોટ સ્ટેશન ખાતે લાઈન નં. ૭, ૮, ૯ ની CSR વૃદ્ધિના સંબંધમાં OHE ફેરફાર કામ. (ii) અંદાજિત પડતરઃ ₹ ૩,૭૬,૪૩,૩૮૪.૫૫/- (iii) અર્નેસ્ટ મની: ₹ ૭,૫૨,૯૦૦.૦૦/- (iii) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૨૧-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી (v) ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગત : www.ireps.gov.in
RJT-063
અમને ફોલો કરો: x.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## મજબૂત કરવ્યવસ્થા: વિકસિત ભારતનો આધાર

ભારત આજે વિકાસના નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. આધુનિક માર્ગો, ઝડપી રેલવે, નવા એરપોર્ટ, ડિજિટલ સેવાઓ, ઔદ્યોગિક રોકાણ, રોજગારીની નવી તકો અને વૈશ્વિક અર્થવ્યવસ્થા માં વધતી પ્રતિષ્ઠા એ બધું દેશની પ્રગતિના સ્પષ્ટ સંકેતો છે. પરંતુ આ વિકાસ પાછળ એક એવી વ્યવસ્થા પણ કાર્યરત છે જે સામાન્ય નાગરિકને ઘણી વખત દેખાતી નથી. તે છે દેશનું કર માળખું. સરકારને મળતી કરની આવક જ વિકાસના મોટા ભાગના કાર્યોને ગતિ આપે છે. તેથી કર વ્યવસ્થા જેટલી સરળ, પારદર્શક અને વિશ્વસનીય હશે, તેટલી જ વિકાસયાત્રા વધુ મજબૂત બનશે.દેશમાં એક સમાન કર વ્યવસ્થા લાગુ થયા પછી વેપારનું વાતાવરણ વધુ સુવ્યવસ્થિત બન્યું છે. અગાઉ જુદા જુદા રાજ્યોમાં અલગ અલગ કરના નિયમો હોવાથી વેપારીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે સમગ્ર દેશમાં મોટાભાગે એક સરખા નિયમો હોવાથી માલસામાનની હેરફેર સરળ બની છે અને વ્યવસાય કરવો પણ અગાઉની સરખામણીએ વધુ અનુકૂળ બન્યો છે.કોઈપણ દેશની આર્થિક શક્તિ માત્ર ઉદ્યોગો કે બજારો પર આધારિત હોતી નથી. સરકાર પાસે વિકાસ માટે પૂરતા નાણાં ઉપલબ્ધ રહે તે પણ એટલું જ જરૂરી છે. રસ્તા, શાળાઓ, હોસ્પિટલો, સિંચાઈ યોજનાઓ, રેલવે, વીજળી અને સુરક્ષા જેવી તમામ સેવાઓ માટે મોટી રકમની જરૂર પડે છે. આ જરૂરિયાતનો મોટો હિસ્સો કરની આવક દ્વારા જ પૂરો થાય છે. એટલે કર ચૂકવવો માત્ર કાનૂની ફરજ નથી, પરંતુ રાષ્ટ્રના વિકાસમાં દરેક નાગરિકનું યોગદાન પણ છે.છેલ્લા કેટલાક વર્ષોમાં કરપ્રણાલીમાં ટેક્નોલોજીનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધ્યો છે. ઓનલાઈન નોંધણી, ડિજિટલ રિટર્ન અને ઇલેક્ટ્રોનિક પ્રક્રિયાઓના કારણે પારદર્શિતા વધી છે. પરિણામે અનેક પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ થવા લાગી છે અને કરચોરી પર પણ નિયંત્રણ લાવવામાં મદદ મળી છે. આ બદલાવ ભારતને વધુ આધુનિક અર્થવ્યવસ્થા તરફ લઈ જઈ રહ્યો છે.તેમ છતાં હજુ સુધારાની જરૂરિયાત સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી. ખાસ કરીને નાના વેપારીઓ અને નવા ઉદ્યોગસાહસિકો માટે કેટલીક પ્રક્રિયાઓ હજુ પણ મુશ્કેલ લાગે છે. નિયમો વધુ સરળ બને, રિફંડની પ્રક્રિયા ઝડપી થાય અને ટેક્નિકલ સમસ્યાઓનું સમયસર નિરાકરણ મળે તો વેપારનું વાતાવરણ વધુ અનુકૂળ બની શકે. વિકાસશીલ અર્થવ્યવસ્થામાં સતત સુધારાની પ્રક્રિયા જ સફળતાની ઓળખ છે.સરકાર માટે પણ એટલું જ જરૂરી છે કે કરચોરી સામે કડક વલણ રાખવામાં આવે, પરંતુ પ્રમાણિક કરદાતાઓને અનાવશ્યક મુશ્કેલી ન પડે. વિશ્વાસ અને જવાબદારી બંને સાથે ચાલે ત્યારે જ કરવ્યવસ્થા અસરકારક બને છે. વેપારીઓને સરકારના ભાગીદાર તરીકે જોવામાં આવશે તો તેઓ પણ વધુ જવાબદારીપૂર્વક પોતાની ફરજો નિભાવશે.ભારત આજે વિશ્વના મોટા રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. કોઈપણ રોકાણકાર એવા દેશમાં રોકાણ કરવાનું પસંદ કરે છે જ્યાં નિયમો સ્પષ્ટ હોય, કરપ્રણાલી સ્થિર હોય અને સરકારી પ્રક્રિયાઓ પારદર્શક હોય. તેથી મજબૂત કરવ્યવસ્થા માત્ર સરકારની આવક જ વધારતી નથી, પરંતુ દેશની વૈશ્વિક વિશ્વસનીયતા પણ વધારતી હોય છે.આગામી સમયમાં કૃત્રિમ બુદ્ધિ, ડિજિટલ ટેક્નોલોજી અને આધુનિક ડેટા વ્યવસ્થાપનનો વધુ ઉપયોગ થશે તો કર વ્યવસ્થા વધુ સરળ અને કાર્યક્ષમ બની શકશે.

# બોરતળાવનું કેસરીયા નભ અને ડાયનાસોરનું કૌતુક



ક્લિક કોર્નર
-અમૂલ પરમાર

બોરતળાવની પાળે કેશરીયા વાદળોથી છવાયેલું અલૌકિક આકાશ એક અદભુત નજારો સર્જી રહ્યું છે. વર્ષો જૂના આ ડાયનાસોરના મુગ્ધ નેત્રોમાં આટલા બધા માનવોની ચહલ-પહલ જોઈને ભારે કૌતુક વ્યાપી ગયું છે. સમયના વહેણમાં જાણે ભૂતકાળ અને વર્તમાન એકસાથે મળીને આ સુંદર પળને સ્તબ્ધ કરી રહ્યા હોય તેવો ભાસ થાય છે.

# આરોગ્ય સંજીવની : રોગો અને તેનાં ઉપચારો

આજે કેટલાક રોગો અને તેના આયુર્વેદિક ઔષધોપચાર વિશે ચર્ચા કરીશું જે વાચકમિત્રોને ઘણા ઉપયોગી સાબિત થશે. જેમાં સૌ પ્રથમ -

૧. તાવ :- તાવ શરીરમાં હોય ત્યાં સુધી તદ્દન ઉપવાસ કરાવવો. તાવ ઉતાર્યા પછી હરડે આપવી. હીમેજ નો એકાદ જુલાબ ઉતાર્યા પછી કિરાતાદિ ક્વાથ આપી શકાય. જો તે ન મળે તેમ હોય તો સુદર્શન ચૂર્ણનો ક્વાથ પણ અપાય છે. હરડે અને ઉકાળો તાવ ન હોય ત્યારે આપવા.

૨. અતિસાર :- જ્યારે ઝાડા સાથે આમ પણ નીકળતો હોય તો તેને આમાતિસાર કહે છે. આ રાત્રિમાં સવાર-સાંજ પાણી સાથે સૂંઠ ફકાવવી અને પછી જ્યારે ઝાડા નિરામ થાય એટલે કે જ્યારે ઝાડા પાણીમાં તરે તેવા થાય ત્યારે ધાણા, સૂંઠ, ઈન્દ્રજવ, હરડે, પીપર અને નાગરમોથનો ક્વાથ આપવો.

૩. અર્શ (પાઈલ્સ) :- આ રોગ મોટાભાગે કબજિયાતની તકલીફવાળા દર્દીમાં જોવા મળી છે. આ રોગથી પીડાતા રોગી માટે પેટ સાફ રહેવું ખૂબ જરૂરી છે. અર્શ રોગમાં હીમજ, ઈન્દ્રજવ, નાગકેસર અને વાવડિંગ એ ચારેય સમભાગે લઈ ખાંડી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું.

૪. અજીર્ણ (અપચો) : અજીર્ણમાં ઉપવાસ કરાવવા ત્યારબાદ પહેલા કાળી દ્રાક્ષ અને સાકર સાથે સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ પાચન-ઔષધ તરીકે આપવું પણ સાથે ઉપવાસ કરાવવા. ઉપવાસ છૂટયા પછી હલકો ખોરાક ભૂખ પ્રમાણે આપવો અને હીમજ રોજ આપવી.

૫. કૃમિરોગ :- કૃમિરોગ માટે એક સચોટ ઉપાય બતાવું છું જેમાં કૃમિ જીવતા બહાર નીકળશે. મોટા બાળકોમાં ચણા જેટલો અને નાના બાળકોમાં અડધા ચણા જેટલો ખુરસાની અજમો દિવસમાં બે-બે વાર આપવાથી જીવતા કૃમિ મળ વાટે શરીરમાંથી બહાર નીકળી જાય છે.

૬. પાંડુરોગ :- દરરોજ ૧ તોલો હીમજ આપવાથી રોજ અડધો શેર ગોમૂત્ર આપવાથી અને મધમાં ૧ તોલો ત્રિફળા દિવસમાં બે વાર આપવાથી પાંડુ મટે છે.

૭. કમળો (કામલા) :- આ રોગમાં દર્દીને પુષ્કળ હીમજ આપવી, પુષ્કળ ગોમૂત્ર આપવું તથા દૂધ, ભાત, કાળી વસ્તુઓ અને પિત્તશામક શેરડી વગેરે ઠંડી વસ્તુઓ આપવી. દૂધમાં ૫-૬ પીપર ઉકાળી દિવસમાં બે વાર દૂધ પીવું. પાશેર દૂધમાં પીપર નાખીને પાશેર પાણી નાખીને ઉકાળવું. પછી પાણી બળી જાય અને પાશેર દૂધ બાકી રહે એટલે ઉતારી લેવું અને ઠંડુ પડયા પછી પીપર ચાવી અને ઉપર એ જ દૂધ પી જવું.

૮. નસકોરી ફૂટવી :- નસકોરી ફૂટે તો તાત્કાલિક ભીની માટી મૂકવી. ફૂલવ્યા વિનાની ફટકડીનાં પાણીનાં ટીપાં નાકમાં નાખવા. અઢી તોલા પાણીમાં ૧/૧૬ તોલો ફટકડીનું પ્રમાણ રાખવું.

હેલ્થ ટીપ્સ



૯. ક્ષય :- ક્ષય રોગમાં પોષણ પૂરું પાડનારા બંધ થયેલા સ્રોતોને ખુલ્લા કરવા માટે દ્રાક્ષાસવ પછી અડધા કલાકે કલાકે બકરીનું દૂધ, બકરીનાં દૂધનું ઘી, ગળ્યા પદાર્થો, દાળ-ભાત, ખિચડી, શાક, થોડી રોટલી વગેરે ખોરાકમાં આપવા. દવામાં અરડુસીનાં પાંદડાનો બે તોલા રસ રોજ બે વાર આપવો. વધારે ઉધરસ હોય તો રસ રોજ ત્રણ વાર આપવો. અરડૂસીથી દસ્ત પણ સાફ ઉતરે છે.

૧૦. અરુચિ :- અરુચિ રોગમાં દર્દીને ખાવાની ઈચ્છા જ મારી જાય છે. આવી અરુચિમાં રોજ હીમજ આપવી. રુચિ ઉત્પન્ન કરવા દવા તરીકે રોજ દિવસમાં ત્રણ વાર દરેક વખતે આદુ ઉપર થોડું સિંધાલૂણ ભભરાવી ચાવડાવવું.

૧૧. દાહ-બળતરા :- આ રોગમાં ધાણા અને કાળી દ્રાક્ષ પાણીમાં ચોળીને પીવાથી આંતરદાહ અને બાહ્યદાહ મટે છે. આંતરદાહવાળાને હરડે આપવી અને બાહ્યદાહવાળાને અનેકવાર ધોયેલું ઠંડુ ઘી શરીરે ચોપડવું.

૧૨. એપીલેપ્સી (વાઈ) :- આ રોગમાં દરરોજ એક તોલો હીમજ આપવી. દિવસમાં સવાર-સાંજ બે વાર વજ ને પાણી સાથે ફકાવવી અથવા ૧ થી ૨ તોલા લસણની કળીઓ ઘી માં તળીને દિવસમાં બે વાર ખવડાવવી.

કોઈપણ પ્રકારની દવા કર્યા વગર ફક્ત ગાયના શુદ્ધ દૂધ ઉપર દર્દીને રાખવાથી પણ વાઈ મટી જાય છે. પણ આ ગોયના દૂધનો પ્રયોગ ચાલે તે દરમિયાન પાણી પીવાનું તદ્દન બંધ કરવું જોઈએ.

# અનુભવ અને એઆઈનું સંકલન વ્યાપાર ઉદ્યોગને નવી દિશા આપશે

## વિશ્વની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની ફોર્ડ ઓટોમોબાઈલ દ્વારા એક નવો પ્રયોગ કરવામાં આવ્યો જેને કારણે એઆઈને નવી દિશા મળી.!!

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ પાસે માનવી જેવી ક્ષમતા નથી વિવેક બુદ્ધિ નથી તે માત્ર તેને આપેલા ડેટાને આધારે જ કામ કરે છે વિશ્વની અગ્રણી કાર ઉત્પાદન કંપનીએ એઆઈનો ઉપયોગ કર્યો તો એ.આઈ.એ અનેક પ્રકારની ભૂલો કરી આથી આ કંપની એક નવો જ રસ્તો વિચાર્યો અને આજે આ રસ્તો કોર્પોરેટ કંપની માટે એક રોલ મોડલ બનવા જઈ રહ્યો છે.**

કૃત્રિમ બુદ્ધિ એટલે કે એઆઈ આજે વિશ્વના લગભગ દરેક ક્ષેત્રમાં પરિવર્તનનું સૌથી શક્તિશાળી સાધન બની રહી છે. ઉદ્યોગો, શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને પરિવહન જેવા ક્ષેત્રોમાં તેની મદદથી કાર્યક્ષમતા વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ એક મહત્વપૂર્ણ હકીકત એ પણ છે કે એઆઈ પોતે વિચારશક્તિ ધરાવતું માનવ મગજ નથી. તેને યોગ્ય રીતે કાર્ય કરવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળો ડેટા, અનુભવી લોકોનું માર્ગદર્શન અને સતત સુધારાની જરૂર રહે છે. તાજેતરમાં અમેરિકાની જાણીતી ઓટોમોબાઈલ કંપની ફોર્ડે પોતાના અનુભવના આધારે સ્વીકાર્યું છે કે માત્ર એઆઈ પર આધાર રાખવાથી શ્રેષ્ઠ પરિણામો મળતા નથી. અનુભવી ઈજનેરોના જ્ઞાન અને એઆઈની ઝડપનું સંયોજન જ ગુણવત્તા અને વિશ્વસનીયતા તરફ લઈ જાય છે. આ ઘટના સમગ્ર વિશ્વ માટે મહત્વનો પાઠ બની છે.

એઆઈ શું છે અને તે કેવી રીતે કાર્ય કરે છે?:

કૃત્રિમ બુદ્ધિ એટલે એવી કમ્પ્યુટર ટેકનોલોજી, જે માનવ બુદ્ધિ જેવી કેટલીક ક્ષમતાઓનું અનુકરણ કરે છે. માહિતીનું વિશ્લેષણ કરવું, પેટર્ન ઓળખવા, નિર્ણય લેવામાં મદદ કરવી, ભાષા સમજવી અને નવી માહિતીના આધારે પોતાની કામગીરી સુધારવી જેવી પ્રક્રિયાઓ એઆઈ દ્વારા શક્ય બને છે. જોકે આ બધું તે પોતાની બુદ્ધિના આધારે નહીં, પરંતુ તેને આપવામાં આવેલા ડેટા અને તાલીમના આધારે કરે છે.

એઆઈનો પાયો ડેટા પર ટકેલો છે. લાખો-કરોડો ઉદાહરણો દ્વારા તેને શીખવવામાં આવે છે. આ પ્રક્રિયાને મશીન લર્નિંગ અથવા ડીપ લર્નિંગ તરીકે ઓળખવામાં આવે છે. જેટલો વધુ ચોક્કસ, વૈવિધ્યસભર અને ગુણવત્તાયુક્ત ડેટા આપવામાં આવે, એટલું એઆઈ વધુ વિશ્વસનીય પરિણામ આપે છે. જો ડેટા અધૂરો, ખોટો અથવા પક્ષપાતપૂર્ણ હોય તો એઆઈના નિર્ણયો પણ ખોટા થઈ શકે છે.

એઆઈ સતત શીખતું રહે છે. નવી માહિતી મળતાં તે પોતાના મોડલમાં સુધારો કરે છે. છતાં તેમાં સામાન્ય સમજ, માનવીય અનુભવ, સંજોગોનું મૂલ્યાંકન અને ભાવનાત્મક સમજણનો અભાવ રહે છે. આ કારણે અંતિમ નિર્ણય માટે માનવ નિષ્ણાતોની ભૂમિકા આજે પણ અનિવાર્ય છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં જનરેટિવ એઆઈના વિકાસ પછી લખાણ તૈયાર કરવું, અનુવાદ કરવો, ડિઝાઈન બનાવવી, પ્રોગ્રામિંગમાં સહાય કરવી અને સંશોધન જેવા અનેક ક્ષેત્રોમાં ક્રાંતિ આવી છે. છતાં વિશ્વભરના નિષ્ણાતો સતત એ વાત પર ભાર મૂકે છે કે એઆઈ એક શક્તિશાળી સાધન છે, પરંતુ તે માનવીય જ્ઞાનનું સ્થાન લઈ શકતું નથી. સાચું પરિણામ ત્યારે જ મળે છે જ્યારે ટેકનોલોજી અને અનુભવ સાથે મળીને કાર્ય કરે.

અમેરિકાની ફોર્ડ મોટર કંપની વિશ્વની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ઓટોમોબાઈલ ઉત્પાદક કંપનીઓમાંની એક છે. તેની સ્થાપના ૧૯૦૩માં હેનરી ફોર્ડે કરી હતી. સામાન્ય માણસ સુધી સસ્તી અને વિશ્વસનીય કાર પહોંચાડવાનો તેમનો વિચાર સમગ્ર ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે ક્રાંતિકારી સાબિત થયો હતો.

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

ફોર્ડે એસેમ્બલી લાઈન પદ્ધતિ વિકસાવીને મોટા પાયે વાહન ઉત્પાદન શક્ય બનાવ્યું. તેના કારણે ઉત્પાદન ખર્ચ ઘટ્યો, કાર્યક્ષમતા વધી અને કાર સામાન્ય લોકો માટે પણ ઉપલબ્ધ બની. ત્યારથી કંપની સતત નવી ટેકનોલોજી, સલામતી, ગુણવત્તા અને સંશોધન પર ભાર મૂકતી આવી છે.આજના સમયમાં ફોર્ડ પરંપરાગત પેટ્રોલ અને ડીઝલ વાહનો ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનો, સ્માર્ટ સોફ્ટવેર, સ્વચાલિત ડ્રાઈવિંગ અને કૃત્રિમ બુદ્ધિ આધારિત ટેકનોલોજી પર પણ મોટા પ્રમાણમાં રોકાણ કરી રહી છે. કંપનીનું માનવું છે કે ભવિષ્યની સ્પર્ધામાં ટકી રહેવા માટે ડિજિટલ ટેકનોલોજીનો સ્વીકાર જરૂરી છે.

પરંતુ ટેકનોલોજી અપનાવતી વખતે કંપનીને એ અનુભવ પણ થયો કે માત્ર ઓટોમેશનથી તમામ સમસ્યાઓનું સમાધાન શક્ય નથી. લાંબા સમય સુધી કામ કરેલા ઈજનેરો પાસે રહેલું વ્યવહારુ જ્ઞાન કોઈપણ સોફ્ટવેર કરતાં વધારે મૂલ્યવાન હોય છે. આ સમજણ પછી ફોર્ડે પોતાના અનુભવી કર્મચારીઓના જ્ઞાનને ફરી કંપનીના વિકાસ સાથે જોડવાનો નિર્ણય લીધો. આ નિર્ણય આજે અન્ય ઉદ્યોગો માટે પણ પ્રેરણારૂપ બન્યો છે.

અનુભવી ઈજનેરો અને એઆઈનું સંકલન : ફોર્ડનો મહત્વપૂર્ણ પાઠ છે.

ફોર્ડે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉત્પાદન પ્રક્રિયામાં ઓટોમેશન અને એઆઈનો વ્યાપક ઉપયોગ શરૂ કર્યો હતો. શરૂઆતમાં એવું માનવામાં આવ્યું કે આધુનિક એલ્ગોરિધમ અને સ્માર્ટ સોફ્ટવેરની મદદથી ડિઝાઈન, ગુણવત્તા નિયંત્રણ અને પરીક્ષણની ઘણી પ્રક્રિયાઓ સરળ બની જશે. પરંતુ વ્યવહારમાં કેટલીક એવી સમસ્યાઓ સામે આવી, જેને માત્ર ડેટાના આધારે ઓળખવી શક્ય નહોતી.



કંપનીને સમજાયું કે વર્ષોના અનુભવથી વિકસેલી માનવીય સમજણનું કોઈ વિકલ્પ નથી. અનેક અનુભવી ઈજનેરો નિવૃત્ત થયા અથવા અન્યત્ર જોડાયા બાદ તેમની પાસે રહેલું જ્ઞાન યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવ્યું નહોતું. પરિણામે એઆઈને તાલીમ આપવા માટે જરૂરી વાસ્તવિક અને ગુણવત્તાયુક્ત માહિતીનો અભાવ સર્જાયો.

આ પરિસ્થિતિમાં ફોર્ડે ત્રણ વર્ષ દરમિયાન લગભગ ૩૫૦ અનુભવી ઈજનેરોને ફરી કાર્યમાં જોડ્યા. કંપનીમાં તેમને પ્રેમથી "ગ્રે બિયર્ડ" તરીકે ઓળખવામાં આવે છે. આ નિષ્ણાતો યુવા ઈજનેરોને માર્ગદર્શન આપે છે, ઉત્પાદન પ્રક્રિયાની સૂક્ષ્મ ખામીઓ સમજાવે છે અને એઆઈ સિસ્ટમને વધુ ગુણવત્તાયુક્ત ડેટા ઉપલબ્ધ કરાવવામાં મદદ કરે છે.કંપનીના અધિકારીઓએ સ્વીકાર્યું કે શરૂઆતમાં એઆઈની ક્ષમતાનો વધુ પડતો અંદાજ લગાવવામાં આવ્યો હતો. હવે કંપનીનો અભિગમ બદલાયો છે. એઆઈને માનવીનું સ્થાન આપવાને બદલે તેને માનવીની ક્ષમતામાં વધારો કરનાર સાધન તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.આ નવી વ્યૂહરચનાનો સકારાત્મક પ્રભાવ પણ જોવા મળ્યો છે. ગુણવત્તા નિયંત્રણમાં સુધારો થયો, ઉત્પાદન દરમિયાન થતી ભૂલો ઘટી અને વાહનો ગ્રાહકો સુધી પહોંચે તે પહેલાં જ અનેક ખામીઓ શોધી કાઢવી શક્ય બની. કંપનીએ સ્ટ્રેસ ટેસ્ટ માટેના સોફ્ટવેરમાં એઆઈની મદદથી એક લાખથી વધુ વેલિડેશન ટેસ્ટ ઉમેર્યા છે, જેના કારણે વિવિધ પરિસ્થિતિઓમાં વાહનની કામગીરીનું વધુ ચોક્કસ મૂલ્યાંકન શક્ય બન્યું છે.

આ સમગ્ર ઘટનામાંથી એક અત્યંત મહત્વનો પાઠ મળે છે કે એઆઈનું સાચું મૂલ્ય તેના ડેટાની ગુણવત્તા પર આધારિત છે. યોગ્ય માહિતી, અનુભવી માર્ગદર્શન અને સતત સુધારા વિના કોઈપણ બુદ્ધિશાળી સિસ્ટમ વિશ્વસનીય બની શકતી નથી.

આજના સમયમાં વિશ્વભરના ઉદ્યોગો ઝડપથી ડિજિટલ બની રહ્યા છે. પરંતુ ટેકનોલોજી અને માનવીય અનુભવ વચ્ચે સંતુલન જાળવવું એટલું જ જરૂરી છે. ભવિષ્યમાં સફળતા તેમને જ મળશે, જે અનુભવી લોકોના જ્ઞાનને જાળવી રાખીને નવી પેઢીને તે જ્ઞાન સાથે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ શીખવશે.

ફોર્ડનો અનુભવ માત્ર એક કંપનીની સફળતાની વાર્તા નથી, પરંતુ સમગ્ર ઉદ્યોગ જગત માટે માર્ગદર્શક ઉદાહરણ છે. કૃત્રિમ બુદ્ધિ ભવિષ્યની શક્તિ છે, પરંતુ તેનું સાચું બળ માનવ અનુભવ સાથે જોડાય ત્યારે જ પ્રગટ થાય છે. તેથી કહી શકાય કે ઉત્તમ એઆઈ બનાવવા માટે ઉત્તમ ડેટા જરૂરી છે અને ઉત્તમ ડેટા પાછળ હંમેશાં અનુભવી માનવ મગજનું યોગદાન રહેલું હોય છે.

# નવા ક્વોલિફિકેશન નિયમોને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ થવાની શક્યતા ઓછી



લોસ એન્જલસ ,

ક્રિકેટ લગભગ ૧૨૮ વર્ષ પછી ઓલિમ્પિકમાં વાપસી કરવા માટે તૈયાર છે. લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિકમાં પુરુષો અને મહિલા બંને ટી ૨૦ ફોર્મેટમાં મેચ રમાશે. દરમિયાન, આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદએ સત્તાવાર ક્વોલિફિકેશન ફોર્મેટ જાહેર કર્યું છે. આ નિયમોને કારણે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની બહુપ્રતિક્ષિત મેચની શક્યતા હાલમાં ઓછી દેખાય છે.

ઓલિમ્પિકમાં પુરુષો અને મહિલાઓની શ્રેણીમાં ફક્ત છ ટીમો ભાગ લેશે. દરેક ટીમ ૧૫ ખેલાડીઓની ટીમને મેદાનમાં ઉતારશે. આ મેચો લોસ એન્જલસના પોમોનામાં બનાવવામાં આવી રહેલા એક ખાસ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ફક્ત છ દેશો જ લાયક હશે, તેથી લાયકાતની રેસ અત્યંત મુશ્કેલ હશે.પુરુષોની શ્રેણીમાં કુલ છ સ્થાનો હશે. આમાંથી પાંચ ટીમોને સીધા લાયકાત મેળવવાની તક મળશે, જ્યારે અંતિમ છઠ્ઠું સ્થાન ૨૦૨૭ માં પ્રથમ આઈસીસી ઓલિમ્પિક ક્વોલિફાયરના વિજેતાને આપવામાં આવશે. યજમાન યુનાઈટેડ સ્ટેટ્સને સ્થાન આપવામાં આવ્યું છે, પરંતુ તેઓએ એક શરત પણ પૂરી કરવી પડશે: ૩૦ જૂન, ૨૦૨૬ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ ની વચ્ચે, યુનાઈટેડ સ્ટેટ્સની પુરુષ ટીમે આઈસીસી ટી ૨૦ રેક્કિંગમાં ઓછામાં ઓછી એક વાર ટોચના ૧૫ માં પહોંચવું આવશ્યક છે. તે પછી જ તે યજમાન તરીકે ઓલિમ્પિકમાં ભાગ લેવા માટે લાયક બનશે. વૈશ્વિક પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે,આઈઓસીએ એશિયા, આફ્રિકા, યુરોપ અને ઓશનિયામાંથી એક-એક ટીમની ભાગીદારી ફરજિયાત કરી છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં ખંડીય રેક્કિંગમાં ટોચ પર રહેનારી ક્વોલિફાઈડ ટીમોને સીધો ઓલિમ્પિક બર્થ મળશે.ભારત અને પાકિસ્તાન બંને એશિયામાંથી છે. પરિણામે, એશિયન ક્વોટામાંથી ફક્ત ટોચની ક્રમાંકિત ટીમને જ સીધો પ્રવેશ મળશે. જો ભારત ટોચની એશિયન ટીમ તરીકે સીધો ક્વોલિફાઈ થાય છે, તો પાકિસ્તાનને ૨૦૨૭ આઈસીસી ઓલિમ્પિક ક્વોલિફાયરમાં ભાગ લેવો પડશે. આ ક્વોલિફાયરમાં કુલ આઠ ટીમો ભાગ લેશે, જેમાં સાત ઉચ્ચ ક્રમાંકિત ટીમોનો સમાવેશ થાય છે જે ખંડીય ક્વોટા દ્વારા સીધી ક્વોલિફાઈ કરી શકતી નથી. ફક્ત આ ટુર્નામેન્ટના વિજેતા જ અંતિમ ઓલિમ્પિક બર્થ સુરક્ષિત કરશે.વર્તમાન આઈસીસી રેક્કિંગ મુજબ, જો ૨૦૨૬ ના અંત સુધીમાં પાકિસ્તાન એશિયામાં ભારતથી પાછળ રહે છે, તો તેણે ક્વોલિફાયરમાં રમવું પડશે.

# રસોઈ સ્ટાફ પર હુમલો કરવાના આરોપમાં ક્રિકેટર શશાંક સિંહ અને તેના પિતા વિરુદ્ધ એફઆઈઆર દાખલ

મુંબઇ,

ભારતીય ક્રિકેટર અને પંજાબ કિંગ્સના ખેલાડી શશાંક સિંહ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. અહેવાલો અનુસાર, રસોઈ સ્ટાફના સભ્ય વિપેન્દ્ર સિંહ પર હુમલો અને દુર્વ્યવહાર કરવાના આરોપમાં શશાંક સિંહ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. નોંધનીય છે કે પોલીસે તેના પિતા સહિત ત્રણ લોકો વિરુદ્ધ હુમલો સહિત અનેક આરોપોમાં કેસ નોંધ્યો છે.

અહેવાલો અનુસાર, મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં આઈપીએલ ક્રિકેટર શશાંક સિંહ અને તેમના નિવૃત્ત આઈપીએસ અધિકારી પિતા વિરુદ્ધ ëïઈ દાખલ કરવામાં આવી છે. મધ્યપ્રદેશના ક્રિકેટર શશાંક સિંહ આઈપીએલમાં



પંજાબ કિંગ્સ માટે રમે છે. રસોઈયા વિપેન્દ્ર સિંહે શશાંક સિંહ અને તેમના પિતા વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી છે, જેમાં તેમણે પોતાની ફરિયાદમાં હુમલો અને દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો છે.

રસોઈયા વિપેન્દ્ર સિંહ દ્વારા પોલીસને સોંપવામાં આવેલી લેખિત ફરિયાદ મુજબ, તેમને તાજેતરમાં એક પરિચિત વ્યક્તિ દ્વારા રીવાથી ભોપાલ લાવવામાં આવ્યો હતો. તેમને નિલબાડમાં ભૂતપૂર્વ પોલીસ અધિકારીના બંગલામાં ૧૫,૦૦૦ પગાર, રહેવા અને ભોજન આપવાનું વચન આપવામાં આવ્યું હતું. ભવિષ્યમાં તેમને સરકારી નોકરી મેળવવામાં મદદ કરવાનું પણ વચન આપવામાં આવ્યું હતું. જોકે, રસોઈયાએ નોકરીમાં જોડાયાના કલાકોમાં જ તીવ્ર માનસિક તણાવ અને મૌખિક દુર્વ્યવહારનો અનુભવ કર્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે બનાવેલા ખોરાકની ગુણવત્તા અંગે ફરિયાદોને કારણે પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ હોવાનું કહેવાય છે.પોલીસ ફરિયાદમાં, રસોઈયા વિપેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે શશાંક સિંહના પિતા, નિવૃત્ત આઈપીએસ અધિકારી શૈલેષ સિંહે તેમનો મોબાઈલ ફોન છીનવી લીધો હતો. ૩૧ વર્ષીય પીડિત વિપેન્દ્ર સિંહ તોમરે એક આંસુઓ ભરી વિડીયો શેર કર્યો છે જે વાયરલ થયો છે.

# આયર્લેન્ડ સામે સતત બે મેચ હાર્યા બાદ ભારતીય ટીમનો હવે ઈંગ્લેન્ડ સામે મુકાબલો





નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમ હવે એક મોટી કસોટીનો સામનો કરી રહી છે. ખાસ કરીને નવનિયુક્ત કેપ્ટન શ્રેયસ ઐયર એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરી રહ્યા છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી ૨૦ શ્રેણીની પહેલી મેચ થોડા કલાકો દૂર છે. પહેલી મેચ ૧ જુલાઈની સાંજે રમાશે. આયર્લેન્ડ જેવી નબળી ગણાતી ટીમ સામે સતત બે મેચ હારી ગયેલી ટીમ માટે, ઈંગ્લેન્ડને હરાવવું એ એક પર્વત ચઢવા જેવું હશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પહેલી ટી૨૦ મેચ ૨૦૦૭માં રમાઈ હતી. તે સમયે ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ એમએસ ધોનીએ કર્યું હતું, જ્યારે ઈંગ્લેન્ડનું નેતૃત્વ પોલ કોલિંગવુડે કર્યું હતું. આ મેચ ટી ૨૦ વર્લ્ડ કપના ભાગ રૂપે રમાઈ હતી. આ એ જ મેચ હતી જેમાં યુવરાજ સિંહે સ્ટુઅર્ટ બ્રોડની એક ઓવરમાં છ છગ્ગા ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. પહેલા બેટિંગ કરતા, ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૧૮ રન બનાવ્યા હતા. જવાબમાં, ઈંગ્લેન્ડ ફક્ત ૨૦૦ રન જ બનાવી શક્યું, અને ભારતે ૧૮ રનથી મેચ જીતી લીધી.ત્યારથી, ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૩૦ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે. ભારતે આમાંથી ૧૮ મેચ જીતી છે, અને ઈંગ્લેન્ડે ૧૨ જીતી છે. આનો અર્થ એ છે કે ટીમ ઈન્ડિયાને હેડ-ટુ-હેડમાં ફાયદો છે. જોકે, ઐતિહાસિક આંકડા સંદર્ભ માટે છે; આજે ટીમ કેવું પ્રદર્શન કરે છે તે મહત્વપૂર્ણ છે.

ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયર સામે એક મોટો પડકાર છે. તે જોવું રસપ્રદ રહેશે કે તે પહેલી મેચમાં કયા ટીમ કોમ્બિનેશનને મેદાનમાં ઉતારશે. આયર્લેન્ડ સામેની બંને મેચમાં વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો ન હતો, જેના કારણે આ અંગે પ્રશ્નો ઉભા થાય છે. એ જોવું રસપ્રદ રહેશે કે વૈભવનો વારો આગળ આવશે કે ટીમ એ જ પ્લેઈંગ ઈલેવનને મેદાનમાં ઉતારશે.

# જર્મનીનું વર્લ્ડ કપનું સ્વપ્ન ચકનાચૂર : પેરાગ્વેએ પેનલ્ટી શૂટઆઉટમાં મોટો અપસેટ સર્જ્યો

નવીદિલ્હી,

ફીફા વર્લ્ડ કપ ૨૦૨૬માં અત્યાર સુધીનો સૌથી મોટો અપસેટ જોવા મળ્યો. ફિફા રેક્કિંગમાં ૩૪મા ક્રમે રહેલા પેરાગ્વેએ ચાર વખતના વિશ્વ ચેમ્પિયન જર્મનીને રોમાંચક પેનલ્ટી શૂટઆઉટમાં પછાડીને ૪-૩થી હરાવ્યું. ૯૦ મિનિટ અને વધારાના સમયમાં મેચ ૧-૧થી બરાબર રહી, ત્યારબાદ પેનલ્ટી શૂટઆઉટ દ્વારા મેચનો નિર્ણય લેવામાં આવ્યો.



મેચમાં, પેરાગ્વેએ પ્રથમ હાફની ૪૨મી મિનિટે લીડ મેળવી. મિગુએલ અલ્મિરોને બોલ માટિયાસ ગાલાર્ઝાને પાસ કર્યો, જેમણે શાનદાર ક્રોસ પહોંચાડ્યો. જર્મન ડિફેન્ડર્સ દ્વારા સંપૂર્ણપણે અસ્પૃશ્ય રહેલા જુલિયો એન્સિસોએ હેડરથી ગોલ કરીને ટીમને ૧-૦ની લીડ અપાવી. જોકે, બીજા હાફની શરૂઆતમાં જર્મનીએ વાપસી કરી. ૫૨મી મિનિટે, કાઈ હાવર્ટ્ઝે ફ્લોરિયન વિર્ટ્ઝના ક્રોસ પરથી શાનદાર હેડર કરીને સ્કોર ૧-૧ ની બરાબરી પર કરી દીધો. ત્યારબાદ બંને ટીમોને ઘણી તકો મળી, પરંતુ કોઈ પણ નિર્ણાયક ગોલ કરી શક્યું નહીં.વધારાના સમયની ૧૦૨મી મિનિટે, એવું લાગતું હતું કે જર્મનીએ લીડ મેળવી લીધી છે. જોનાથન તાહે કોર્નરથી બોલને હેડ કરીને નેટમાં પહોંચાડ્યો, પરંતુ વિડીયો આસિસ્ટન્ટ રેફરી સમીક્ષામાં જાણવા મળ્યું કે વાલ્ડેમાર એન્ટોનએ ગોલકીપર ઓર્લાન્ડો ગિલને ધક્કો માર્યો હતો. આના પરિણામે ગોલ નામંજૂર કરવામાં આવ્યો, જેના કારણે પેરાગ્વેને મોટી રાહત મળી.પછી મેચનો નિર્ણય પેનલ્ટી શૂટઆઉટમાં લેવામાં આવ્યો. બંને ટીમો અંત સુધી બરાબર રહી, પરંતુ સડન ડેથમાં, જોસ કેનાલે પેરાગ્વેને લીડ અપાવી.

# ચિરંજીવી રગ્બી ટીમની પ્રભાવશાળી જીતથી ખુશ : બોલિવૂડ સ્ટાર રાહુલ બોઝના વખાણ કર્યા

હૈદરાબાદ,

હૈદરાબાદ હીરોઝે મુંબઈ ડ્રીમર્સને ૪૧-૧૭ થી હરાવીને એચએસબીસી રગ્બી પ્રીમિયર લીગ સીઝન ૨ નો ખિતાબ જીત્યો. વિજય બાદ, અભિનેતા ચિરંજીવી કોનિડેલાએ રમતમાં તેમના યોગદાન બદલ અભિનેતા અને રગ્બી પ્રશાસક રાહુલ બોઝની પ્રશંસા કરી. ફાઈનલ દરમિયાન બોલતા, ચિરંજીવીએ ટુર્નામેન્ટના સફળ આયોજનની પ્રશંસા કરી અને કાર્યક્રમમાં તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની હાજરીનો ઉલ્લેખ કર્યો. મીડિયા સાથે વાત કરતા ચિરંજીવીએ કહ્યું, "બધું ખૂબ જ સારી રીતે થયું. રાહુલ બોસ આ માટે જવાબદાર છે; તેમણે ખૂબ જ સારું કામ કર્યું છે. સીએમ રેવંત રેડ્ડી આજે મુખ્ય મહેમાન છે, અને તે ખૂબ જ સારી વાત છે." હૈદરાબાદ હીરોઝે ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું અને મુંબઈ ડ્રીમર્સને ૪૧-૧૭ થી હરાવીને સીઝન ૨ ટ્રોફી જીતી.



એક પ્રેસ રિલીઝ અનુસાર, મુંબઈ ડ્રીમર્સનો શરૂઆતની રમતમાં ઉપરનો હાથ હતો, પરંતુ તેઓ તેમના ફાયદાને પોઈન્ટમાં રૂપાંતરિત કરવામાં અસમર્થ રહ્યા કારણ કે હૈદરાબાદના શિસ્તબદ્ધ ડિફેન્સે મહત્વપૂર્ણ ક્ષણોમાં ટર્નઓવર કરવાની ફરજ પાડી હતી. હીરોઝે ઝડપી વળતા હુમલાઓ દ્વારા તેમને મળેલી તકોનો લાભ લીધો. ફ્રાન્સિસ્કો કોસ્ક્યુએલાએ તૈતાઈફોનો તાવિતા માટે બ્રેકવે બનાવ્યો, જ્યારે મેન્યુઅલ મોરેનોએ શિવમ શુક્લા માટે સરળ ફિનિશિંગ આપ્યું. ત્યારબાદ મોરિસ લોંગબોટમે ડ્રોપ ગોલ કરીને હાફ ટાઈમ પહેલા હૈદરાબાદને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું.

હૈદરાબાદ હાફ ટાઈમ પછી પણ પોતાનો મોમેન્ટમ જાળવી રાખ્યો.

# કેન્દ્ર સરકારે ભારતીય ફિલ્મ ઉદ્યોગને વેગ આપવા માટે બે મોટા નિર્ણયો લીધા

નવીદિલ્હી,

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે ભારતીય ફિલ્મ ઉદ્યોગને મજબૂત બનાવવા અને દેશભરમાં સિનેમાઘરોની સંખ્યા વધારવાના હેતુથી બે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. આ નિર્ણયો કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકમાં લેવામાં આવ્યા હતા. મંત્રાલયે પ્રખ્યાત ગીતકાર અને લેખક પ્રસૂન જોશીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સ્તરીય અભ્યાસ જૂથની રચના કરી છે. તેમાં ફિલ્મ ઉદ્યોગના નિષ્ણાતો અને ટેકનોલોજી ક્ષેત્રના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થશે. આ જૂથ ભારતીય સિનેમા સામે



રહેલી તકો અને પડકારોનો અભ્યાસ કરશે અને ત્રણ મહિનાની અંદર મંત્રાલયને પોતાનો અહેવાલ સુપરત કરશે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વર્ચ્યુઅલ પ્રોડક્શન જેવી નવી ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ફિલ્મ પ્રોડક્શન માટે સંસ્થાકીય નાણાં અને નવા ભંડોળ વિકલ્પો પૂરા પાડવા માટે પણ પગલાં લેવામાં આવશે. ફિલ્મ પ્રોડક્શન અને વિતરણ માટે નાણાં એકત્ર કરવામાં આવતી મુશ્કેલીઓનો ઉકેલ લાવવામાં આવશે. રાજ્યો અને અન્ય હિસ્સેદારો સાથે સહયોગ કરીને ભારતીય ફિલ્મ ઉદ્યોગના લાંબા ગાળાના વિકાસ માટે એક વ્યાપક નીતિ માળખું વિકસાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. સિનેમા અને થિયેટર સંબંધિત નિયમો રાજ્યના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, જેના પરિણામે રાજ્યોમાં વિવિધ પરવાનગી પ્રક્રિયાઓ થાય છે. આ નવા સિનેમાઘરોની સ્થાપનાને અસર કરે છે, ખાસ કરીને નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં.આ મુદ્દાને ઉકેલવા માટે, માહિતી અને પ્રસારણ મંત્રાલયે, તમામ હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા પછી, "મોડેલ સ્ટેટ સિનેમા રેગ્યુલેશન્સ" તૈયાર કર્યા છે. આને અપનાવવા માટે તમામ રાજ્ય સરકારોને મોકલવામાં આવ્યા છે. મંત્રાલય આ નિયમોના અસરકારક અમલીકરણમાં રાજ્યોને પણ મદદ કરશે. કેન્દ્ર સરકાર માને છે કે આ બંને પહેલો ભારતીય ફિલ્મ ઉદ્યોગને આધુનિક ટેકનોલોજીની સુલભતા, સુધારેલ નાણાકીય સહાય અને સરળ નિયમનકારી માળખા દ્વારા લાભ આપશે. આનાથી દેશભરમાં, ખાસ કરીને નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં સિનેમાઘરોના વિસ્તરણને વેગ મળશે અને ભારતીય સિનેમાની વૈશ્વિક સ્પર્ધાત્મકતા મજબૂત થશે. આ સરકારના નિર્ણયથી મનોરંજન ઉદ્યોગને નોંધપાત્ર ફાયદો થવાની અપેક્ષા છે.


## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | ર | બં | ધ | ક્ષ | શિ | ખ | લ | ઓ | જ્ઞા | ણા | રી |
| ખ | મા | મા | સ | ઉ | ત | ક્ષ | પ્ર | ઊ | લ | ચી | ગી |
| શિ | ફ | ક | ર | ળ | વ | લ | ક | બં | ક | આ | મ |
| વિ | ન | ન | વા | કા | પ્ર | ક | ઉ | આ | અ | ભો | ગ |
| અં | ચા | બિ | ળો | ક | બા | બિ | ચા | બિ | પ્ર | મો | વા |
| ર | ર | ર | ઉ | મા | ર | હિ | બ | આ | ચી | ફ | ભો |
| ર | બા | ર | ણા | ણા | સા | ક | ચા | બૂ | ક | લ | સ |
| તુ | એ | ર | ધ | ભા | ખ | ન | ગ | ચા | ભો | ન | બ |
| ર | ક | ત | કુ | સા | ન | સા | રી | ર | ણ | કા | ર |
| અ | ફ | ણે | દા | લી | સા | ગ | બૂ | ડી | ધ | ર | શિ |
| શિ | ક | સ | શિ | ધ | લ | તી | ળો | પ્રા | ધ | ક્ષ | જ |
| કી | વિ | જ્ઞા | ન | ધ | સ | ણ | ણા | એ | ણ | અ | ર |

શબ્દ શોધો

**મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# ઈમરાન હાશ્મીની ફિલ્મ આવારાપન પાકિસ્તાનમાં હિટ રહી હતી પણ ભારતમાં ફ્લોપ રહી



મુંબઈ,

ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન ૨' નું ટીઝર સોમવારે રિલીઝ થયું. નીતિન કક્કર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં સલિલ આચાર્ય અને શબાના આઝમી પણ મજબૂત ભૂમિકાઓમાં છે. સોમવારે, નિર્માતાઓએ આવારાપન ૨ નું ટીઝર રિલીઝ કર્યું, જે ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. પરંતુ આ ફિલ્મની ચર્ચા સાથે, ૨૦૦૭ ની ફિલ્મ આવારાપન પણ યાદ આવી ગઈ છે. જ્યારે તેના સુપરહિટ ગીતો હતા, ત્યારે તેને ભારતમાં ફ્લોપ ગણાવવામાં આવ્યું હતું. જોકે, આ ફિલ્મ પાકિસ્તાનમાં સારી રીતે પ્રાપ્ત થઈ હતી અને સુપરહિટ સાબિત થઈ હતી. ફિલ્મની લોકપ્રિયતા લાંબા સમય સુધી ટકી રહી.

આવારાપન ૨૦૦૭ માં રિલીઝ થઈ હતી અને તેનું દિગ્દર્શન મોહિત સુરી દ્વારા કરવામાં આવ્યું હતું. વાર્તા શુગફ્તા રફીકે લખી હતી અને તે હિટ બની હતી. શ્રેયા સરને ઈમરાન ખાન સાથે મુખ્ય ભૂમિકા ભજવી હતી, અને આ જોડીને ખૂબ જ પ્રશંસા મળી હતી. મૃણાલિની શર્માએ પણ એક શક્તિશાળી ભૂમિકા ભજવી હતી. આશુતોષ રાણા, આશિષ વિદ્યાર્થી, રહેમાન ખાન, પૂરબ કોહલી અને સાદ રંધાવાએ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી હતી. આ ફિલ્મ મુકેશ ભટ્ટ દ્વારા સાહની બોબડે અને સુમિત સભરવાલ સાથે બનાવવામાં આવી હતી. જોકે, આશ્ચર્યજનક રીતે, કમાણીની દ્રષ્ટિએ આ ફિલ્મ ખૂબ જ ફ્લોપ રહી.

# અભિનેતા સની દેઓલ અને અક્ષય ખન્ના ૨૯ વર્ષ પછી ફરી સાથે કામ કરતા જોવા મળશે

મુંબઈ,

ધૂરંધર ફિલ્મમાં રહેમાન ડાકુની ભૂમિકા ભજવનાર અક્ષય ખન્નાને ખૂબ પ્રશંસા મળી. હવે, ધુરંધર પછી, બીજી ફિલ્મ "ઈક્કા" રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મ "ઈક્કા" નું ટ્રેલર આજે રિલીઝ થયું, જેમાં અક્ષય ખન્ના ૨૯ વર્ષ પછી સની દેઓલ સાથે સ્ક્રીન શેર કરતા જોવા મળી રહ્યા છે. અક્ષય ખન્ના આ ભૂમિકામાં ખૂબ જ સુંદર છે, અને ટ્રેલર પહેલાથી જ ધૂમ મચાવી રહ્યું છે. સિદ્ધાર્થ પી. મલ્હોત્રા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ફક્ત કાનૂની ચર્ચાથી આગળ વધે છે; તે પરિવાર, સંબંધો અને જ્યારે લોકો તેમની સૌથી કિંમતી સંપત્તિ દાવ પર લગાવે છે ત્યારે લેવા પડતા મુશ્કેલ નિર્ણયો વિશે છે. સની દેઓલ અર્જુન મહેરાની ભૂમિકા ભજવે છે, જે તેના



દૃઢ નિશ્ચય માટે જાણીતા છે. આ વાત તેની લાઈનમાં સ્પષ્ટ થાય છે, "આપણે કોર્ટમાં જીતવા માટે નહીં, પરંતુ જે સાચું છે તેના માટે લડીએ છીએ."જ્યારે તે એક હાઈ-પ્રોફાઈલ હત્યાના પ્રયાસ કેસમાં શૌર્યમન ગૌર (અક્ષય ખન્ના) નો બચાવ કરવાનું નક્કી કરે છે ત્યારે વાર્તા એક નવો વળાંક લે છે. કાનૂની કાર્યવાહી દરમિયાન, તેને તેના અંગત અને વ્યાવસાયિક જીવન વચ્ચે તફાવત કરવામાં મુશ્કેલી પડે છે, જેના કારણે તે પોતાના મૂલ્યો પર સવાલ ઉઠાવવા મજબૂર થાય છે. ટ્રેલરમાં બીજું પાત્ર તિલોત્તમા શોમ છે, જે ફરિયાદ પક્ષના વકીલ મધુરા બેનર્જીનું પાત્ર ભજવે છે અને કોર્ટમાં પોતાનો કેસ સાબિત કરવાનો પ્રયાસ કરે છે.

# જામનગરની સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે 'શાળા પ્રવેશોત્સવ યોજાયો






જામનગર : 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું જામનગર શહેરની નવ દાયકા જૂની પ્રતિષ્ઠિત શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં શહેરની વિવિધ પાંચ શાળાઓની બાળાઓને હર્ષોલ્લાસ સાથે શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો.

આ સંયુક્ત કાર્યક્રમમાં જામનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં. ૬, શાળા નં. ૩૮, શાળા નં. ૫ અને શાળા નં. ૪૧ ની આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ માં પ્રવેશ મેળવતી નાની બાળાઓ, તેમજ શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં પ્રવેશ મેળવતી તેજસ્વી વિદ્યાર્થીનીઓને મહાનુભાવોના હસ્તે કંકુ તિલક કરીને શાળા પરિવારમાં આવકારવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત જામનગર મહાનગરપાલિકાના મેયર મોનીકાબેન વ્યાસે વિદ્યાર્થીનીઓને શિક્ષણની સાથે સાથે પોતાના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઉજ્જવળ ભવિષ્ય તરફ પ્રગતિ કરવા માટે પ્રેરણાત્મક ઉદ્બોધન આપ્યું હતું. વધુમાં, તેમણે પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું અને કાર્યક્રમના સુંદર આયોજન તથા સુશોભન બદલ શાળાના આચાર્યા, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓની જહેમતને બિરદાવી હતી.

આ મહોત્સવમાં જામનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, મદદનીશ શિક્ષણ નિરીક્ષક અમિતભાઈ તન્ના, કોર્પોરેટર આશાબેન રાઠોડ, મંજુબેન બાંભણિયા, સંજયભાઈ દાઉદીયા, નીલેશભાઈ હાડા, દિનેશભાઈ ચૌહાણ, ભદ્રેશભાઈ ચૌહાણ તેમજ દર્શનભાઈ શેઠ અને પ્રમુખ બ્રિજેશભાઈ વોરા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તમામ આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે નવોદિત દીકરીઓને સ્કૂલબેગ, પાઠ્યપુસ્તકો અને યુનિફોર્મ જેવી શૈક્ષણિક કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ અને યાદગાર બનાવવા માટે શાળા નં. ૬ ના આચાર્ય પ્રશાંતભાઈ માધવાચાર્ય, શાળા નં. ૩૮ ના આચાર્ય ધ્રુતીબેન વડાલીયા તથા શ્રી સજુબા સરકારી શાળાના આચાર્યા બીનાબેન દવે અને તમામ શાળાઓના શિક્ષક સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## ઓખા અને સુરજકરાડીમાંથી દારૂની નવ બાટલી સાથે બે શખ્સ ઝડપાયા, એક ફરાર

દ્વારકા : દ્વારકાના ઓખા અને સુરજકરાડીમાંથી ઈંગ્લિશ દારૂની ૯ નંગ બાટલીઓ સાથે સ્થાનિક પોલીસે બે શખ્સની ધરપકડ કરી ઈંગ્લિશ દારૂ અને મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૭૦ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ આગળની કાર્યવાહી આરંભી હતી. જ્યારે એક શખ્સની સંડોવણી ખુલતા ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા જિલ્લાના ઓખામાં ગાંધીનગરી, ભૂંગામાં રહેતા માધવ પ્રભુભાઈ વારા નામના શખ્સના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ઓખા મરીન પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીંથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની અલગ - અલગ બ્રાન્ડની રૂ. ૬૬૦૦ ની કિંમતની ૬ નંગ બાટલીઓ મળી આવતા તેની અટકાયત કરી ઈંગ્લિશ દારૂ ઉપરાંત રૂ. ૧૦ હજારની કિંમતનો એક નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૧૬૬૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કર્યો હતો. જ્યારે મયુર થોભાણી નામના શખ્સને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉપરાંત દ્વારકા તાલુકાના સુરજકરાડી ગામે આવેલ નવનીત હોટલ પાસેથી જી.જે. ૩૭ ઈ. ૫૦૮૨ નંબરનું મોટરસાયકલ ચલાવી પસાર થતાં સલમાન મહમદ થૈમ નામના શખ્સની મીઠાપુર પોલીસે તલાસી લેતા તેના પાસેથી ઈંગ્લિશ દારૂની રૂ. ૨૨૪૧ ની કિંમતની ૩ નંગ બાટલીઓ મળી આવતા ૫૦ હજારની કિંમતનું મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૫૩૪૪૧ નો મુદ્દામાલ કબ્જે લઈ તેની અટકાયત કરી દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધ્યો હતો.

# પુત્રની દેવાદારી અને કુટેવોથી કંટાળેલી માતાની વ્હારે આવી ૧૮૧ અભયમ હેલ્પલાઈન

જામનગર : એક પીડિત મહિલાએ પોતાના પુત્ર દ્વારા કરવામાં આવતી સતત માનસિક હેરાનગતિ અને આર્થિક બેદરકારીથી કંટાળી ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી મદદ માંગતા, અભયમ ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી જરૂરી કાઉન્સિલિંગ અને સુખદ સમાધાનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઘટનાની વિગત એવી છે કે, પીડિત મહિલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર ફોન કરીને આપવીતી જણાવી હતી કે, તેમનો પુત્ર સરકારી નોકરીમાં હોવા છતાં ઘરખર્ચમાં કોઈ આર્થિક સહયોગ આપતો નથી. આ ઉપરાંત, તે અવારનવાર વિવિધ વ્યક્તિઓ પાસેથી મોટી રકમની લોન તથા ઉધાર રૂપિયા લે છે. આ ઉધાર આપનારા લેણદારો વારંવાર ઘરે આવીને વૃદ્ધ માતાને ઉઘરાણી માટે હેરાન કરતા હતા તેમજ અપમાનજનક શબ્દો બોલીને માનસિક ત્રાસ આપતા હતા. માતાના જણાવ્યા મુજબ, પુત્રની આ કુટેવોના કારણે અગાઉ પણ તેમણે પોતાના તરફથી પુત્રના વ્યાજની મોટી રકમ ચૂકવવી પડી હતી. પુત્રની આર્થિક બેદરકારી, બિનજવાબદાર વર્તન અને લેણદારોના સતત ત્રાસથી પરેશાન થઈને આખરે માતાએ પોતાના પુત્રને યોગ્ય માર્ગે લાવવા માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ માંગી હતી.

માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભયમ હેલ્પલાઈનની કાઉન્સિલર અને ટીમ તાત્કાલિક મહિલાના ઘરે પહોંચી હતી. ટીમે સૌપ્રથમ મહિલાનું કાઉન્સિલિંગ કરી તેમને જરૂરી માનસિક આધાર અને આશ્વાસન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ, મહિલાના પુત્ર સાથે વિસ્તૃત અને ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. તેને માતા પ્રત્યેની નૈતિક અને કાનૂની જવાબદારીઓ, પરિવાર પ્રત્યેની ફરજો તેમજ આડેધડ ઉધાર લેવાની કુટેવોના કારણે ભવિષ્યમાં આવનારા ગંભીર કાનૂની પરિણામો અંગે કડક શબ્દોમાં સમજાવવામાં આવેલ.

અભયમ ટીમના સચોટ કાઉન્સિલિંગ દરમિયાન પુત્રને પોતાની ભૂલ સમજાઈ હતી અને તેણે લેખિત/મૌખિક ખાતરી આપી હતી કે, ભવિષ્યમાં તે કોઈપણ વ્યક્તિ પાસેથી આ રીતે આડેધડ ઉધાર કે લોન નહીં લે. તેમજ હવેથી નિયમિત રીતે ઘરખર્ચ માટે માતાને આર્થિક સહયોગ આપશે અને માતાને કોઈપણ પ્રકારની માનસિક કે આર્થિક હેરાનગતિ નહીં પહોંચાડે.

લાંબા સમયની આ માનસિક પીડામાંથી મુક્તિ મળતા અને દીકરો સાચા રસ્તે આવતા માતાએ ભીની આંખે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા આવી જરૂરિયાતમંદ મહિલાઓને સમયસર કાઉન્સિલિંગ, માર્ગદર્શન અને જરૂરી કાનૂની-માનસિક સહાય પૂરી પાડીને પારિવારિક વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણ માટે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

# જામ્યુકો હસ્તકની શાળા નં. ૨૬માં પ્રવેશ મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓને ભેટ અર્પણ




જામનગર : જામનગર મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં. ૨૬ ખાતે શાળા પ્રવેશ મહોત્સવનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ધોરણ-૧માં નવા પ્રવેશ મેળવનાર નાનાં ભૂલકાઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વોર્ડ નં. ૧૨ના કોર્પોરેટર એડવોકેટ જેનબબેન ખફી દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે પ્રેરણા અને ઉત્સાહ મળે તે હેતુથી પ્રોત્સાહનરૂપ ભેટો અર્પણ કરવામાં આવી હતી. તેમણે બાળકોને મન લગાવી અભ્યાસ કરવા, નિયમિત શાળાએ આવવા તથા પોતાના માતા-પિતા અને શિક્ષકોનું નામ રોશન કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

એડવોકેટ જેનબબેન ખફીએ જણાવ્યું હતું કે શિક્ષણ એ બાળકના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે અને સમાજના સર્વાંગી વિકાસ માટે દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તે અત્યંત જરૂરી છે. શાળા પ્રવેશ મહોત્સવ જેવા કાર્યક્રમો બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ અને આત્મવિશ્વાસ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમમાં જામનગરના પ્રથમ નાગરિક મેયર મોનિકાબેન વ્યાસ, ગાર્ડન શાખાના સુપ્રીટેન્ડેન્ટ દીક્ષિત, મૃગેશભાઈ દવે, પ્રભારી રમેશભાઈ, શાળાના આચાર્ય ફિરોજભાઈ, શિક્ષકગણ, વાલીઓ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને પ્રેરણાદાયક વાતાવરણમાં સંપન્ન થયો હતો. નવા પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# જામનગર જિલ્લા પંચાયતની મળનારી સામાન્ય સભામાં આઠ સમિતિઓની થશે રચના

જામનગર : જામનગર જિલ્લા પંચાયતની નવી બોડી રચાયા બાદ હવે વિવિધ સમિતિઓની રચના પ્રક્રિયા તેજ બની છે. જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૭ જુલાઈના રોજ યોજાનાર છે, જેમાં કારોબારી, શિક્ષણ, જાહેર બાંધકામ સહિત કુલ આઠ મહત્વપૂર્ણ સમિતિઓની વિધિવત રચના કરવામાં આવશે. આ સાથે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી સંબંધિત અગાઉની કાર્યવાહીને પણ સામાન્ય સભામાં બહાલી આપવામાં આવશે.

મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખે પદભાર સંભાળી લીધો છે, પરંતુ વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની નિમણૂક હજુ બાકી છે. વહીવટી કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે યોજાનારી સામાન્ય સભામાં સમિતિઓની રચનાનો મહત્વપૂર્ણ એજન્ડા રહેશે.

પ્રસ્તાવિત માળખા મુજબ કારોબારી અને શિક્ષણ સમિતિમાં સાત-સાત સભ્યોની નિમણૂક કરવામાં આવશે. જાહેર બાંધકામ સમિતિમાં પાંચ સભ્યો રહેશે. ઉપરાંત ઉત્પાદન-સહકાર અને સિંચાઈ સમિતિ, મહિલા અને બાળ વિકાસ સમિતિ, યુવા સમિતિ, જાહેર આરોગ્ય સમિતિ તેમજ સામાજિક ન્યાય સમિતિમાં સંભવતઃ ચાર-ચાર સભ્યોની નિમણૂક કરાશે.

સમિતિઓની રચના પહેલાં જ જિલ્લા પંચાયતના નવનિર્વાચિત સભ્યોમાં વિવિધ સમિતિઓમાં સ્થાન મેળવવા માટે રાજકીય ગતિવિધિઓ તેજ બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાસ કરીને કારોબારી, શિક્ષણ, બાંધકામ અને આરોગ્ય જેવી મહત્વની સમિતિઓમાં સ્થાન મેળવવા માટે સભ્યો દ્વારા સંગઠનના અગ્રણીઓ અને સ્થાનિક નેતાઓ સાથે સંપર્ક સાધી લોબીંગ શરૂ કરવામાં આવ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

૭ જુલાઈની સામાન્ય સભા બાદ જિલ્લા પંચાયતની તમામ મુખ્ય સમિતિઓનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે અને આગામી પાંચ વર્ષ માટે વિકાસલક્ષી તથા વહીવટી કામગીરીને નવી દિશા મળશે.

### સંત શ્રી ભોલેબાબા ની ૪૦ મી પુણ્યતિથિ નિમિત્તે

## જોડિયાના જ્યોતી બાલા હનુમાનજીની જગ્યામાં લોકડાયરો-મહાપ્રસાદનું આયોજન

જામનગર : જોડિયા સ્થિત સુપ્રસિદ્ધ જ્યોતિ બાલા હનુમાનજીની જગ્યામાં સંત શ્રી ભોલેબાબાની ૪૦ મી પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય લોકડાયરો, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત જોડિયા ગામ હિન્દુ સમાજ દ્વારા યોજાનારા આ ધાર્મિક પ્રસંગે સમગ્ર ગુજરાતમાં આવેલ ઉદાસીન સંપ્રદાયની દરેક જગ્યાના સંતો તથા મહંતોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

જામનગર જિલ્લાના જોડિયા ગામે આવેલા સુપ્રસિદ્ધ જ્યોતિ સ્વરૂપ બાલાહનુમાનજીની જગ્યાએ સુપ્રસિદ્ધ સંત શ્રી ભોલે બાબાની ૪૦ મી પુણ્યતિથિ નિમિત્તે જોડિયા ગામ હિન્દુ સમાજ તરફથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સંત શ્રી ભોલેબાબાના ભંડારાના ધાર્મિક પ્રસંગે તા. ૧/૭ ના સાંજે ૪ થી ૭ વાગ્યા દરમિયાન જ્યોતિ સ્વરૂપ બાલાહનુમાનજીના સન્મુખ સંગીત સાથે સુંદરકાંડના પાઠ કરવામાં આવશે. રાત્રે ૧૦ વાગ્યે ભવ્ય લોકડાયરો યોજવામાં આવ્યો છે. જેમાં વાલાભાઈ ગઢવી, દેવરાજભાઈ ગઢવી, ધીરજભાઈ બારોટ, વિવેકભાઈ ભાનુશાળી સહિતના કલાકારો દુહા-છંદ અને ભજનની રમઝટ બોલાવશે.

તા. ૨/૭ ના બપોરે ૧૨ વાગ્યે ઢોલ-નગારા અને બેન્ડવાજા સાથે ભોલે બાબાજીની આરતી, બપોરે ૧૨-૩૦ વાગ્યે સાધુ-સંતો તથા બહારગામથી પધારેલ ભક્તો માટે મહાપ્રસાદ, સાંજે ૫ વાગ્યે સમસ્ત જોડિયા ગામ હિન્દુ સમાજ માટે દરેક કુટુંબને સાગમટે મહાપ્રસાદ, ઉદાસીન સંત કૂટિર, રામવાડી-જોડિયામાં રાખવામાં આવ્યો છે.

# જામનગરમાં એસટી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ફરજમાં રુકાવટ

## રિક્ષા ચાલકે બસ ઉપર પથ્થર મારો કરી ડ્રાઈવર સાથે પણ હાથાપાઈ કરી

જામનગર : જામનગરના સાતરસ્તા સર્કલ નજીક ગઈકાલે એસટી બસ અને રિક્ષા વચ્ચે સામાન્ય અકસ્માત થયા બાદ ઉસકેરાઈ ગયેલા રિક્ષા ચાલકે બસ ઉપર પથ્થર મારો કરી ડ્રાઈવર સાથે પણ હાથાપાઈ કરી હતી. જે મામલે એસ.ટી. બસના ડ્રાઈવર પર હુમલો કરી ફરજમાં રૂકાવટ કર્યાનો ગુનો નોંધાયો છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર ગઈકાલે તા. ૩૦ની સાંજે આશરે ૭ વાગ્યાના સમયે સાતરસ્તા વિસ્તારમાં ગોલાઈમાં જાડા બિલ્ડિંગ પાસે જુનાગઢથી જામનગર આવતી એસ.ટી. બસના ડ્રાઈવર નીલેશભાઈ મગનભાઈ બગડા ફરજ પર હતા. તે દરમિયાન બસ અને રિક્ષા વચ્ચે સામાન્ય હડફેટનો બનાવ બનતા રિક્ષાચાલક શનીભાઈ મકવાણા ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ ગુસ્સામાં આવી એસ.ટી. બસ પર બે-ત્રણ પથ્થર ફેંકી નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ બસમાં ચઢી જઈ ડ્રાઈવરને ઝાપટો અને લાતો મારી હતી. એટલું જ નહીં, બસની સીટ નીચે પડેલી લોખંડની પટ્ટી વડે ડ્રાઈવરના જમણા હાથના ભાગે ઈજા પહોંચાડ્યાનો પણ આક્ષેપ છે.

આ બનાવથી સરકારી કર્મચારીની કાયદેસરની ફરજમાં અવરોધ ઊભો થયો હતો તેમજ જાહેરનામાનો ભંગ થયો હોવાનું પોલીસે નોંધ્યું છે. ફરિયાદના આધારે સીટી "બી" ડિવિઝન પોલીસે આરોપી શનીભાઈ મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી લઈ વધુ પૂછપરછ સહિત બનાવ અંગેની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# જામનગર જિલ્લામાં વર્લી-મટકાનો જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેરમાં ચાલતા વરલી મટકાના નશીબ આધારિત જુગાર સામે હાથ ધરાયેલી વિશેષ ઝુંબેશ દરમિયાન તા. ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ જિલ્લાના વિવિધ પોલીસ મથક વિસ્તારોમાં એક જ દિવસમાં કુલ ૧૦ વર્લી-મટકાના ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ૧૦ આરોપીઓને ઝડપી લઈને તેમની પાસેથી વર્લી-મટકાનું સાહિત્ય તેમજ રોકડ રકમ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ કાર્યવાહી દરમિયાન ધરાનગર, લાલપુરના અનીલ ગોરાભાઈ મકવાણા પાસેથી રૂ. ૧૨૦, મહેશ્વરીનગર, જામનગરના જેઠાભાઈ નારણભાઈ મકવાણા પાસેથી રૂ. ૫૬૦, દરેડના કિસાંગ રમેશભાઈ ભાણવડિયા પાસેથી રૂ. ૪૮૦, પવનચક્કી વિસ્તારના નિરવભાઈ પ્રકાશભાઈ નંદા પાસેથી રૂ. ૯૫૦, બેડીના રમજાન હનીફ જેડા પાસેથી રૂ. ૮૩૦, લીમડા ચોક, જામજોધપુરના ભાવેશગિરી પ્રતાપગિરી ગોસ્વામી પાસેથી રૂ. ૧૦૦, પાટણ ગામના શૈલેષભાઈ ઉકાભાઈ પરમાર પાસેથી રૂ. ૧૧૦, પડાણા ગામના હરેશભાઈ ઉર્ફે કારો નારણભાઈ મકવાણા પાસેથી રૂ. ૩૪૦ તેમજ સુભાષ શાકમાર્કેટ, જામનગરના પ્રફુલભાઈ ભીમજીભાઈ સોઢા પાસેથી રૂ. ૧૫૦ રોકડા ઉપરાંત વરલી મટકા ના જુગારનું સાહિત્ય કબ્જે કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેરમાં ચાલતા જુગારના અડ્ડાઓ તથા નશીબ આધારિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પોલીસ તંત્રએ જણાવ્યું છે કે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આવા અસામાજિક તત્વો સામે આગામી દિવસોમાં પણ વધુ કડક અને સતત કાર્યવાહી કરવામાં આવશે.

# એનસીસીએ મારું જીવન બદલી નાખ્યું : પુરી રબારી





જામનગર : ૨૭- ગુજરાત બટાલિયન, એનસીસી જામનગર ગ્રુપ, વારંવાર સાબિત કરે છે કે તે સામાન્ય યુવાનોને આત્મવિશ્વાસુ અને આત્મનિર્ભર નાગરિકોમાં પરિવર્તિત કરે છે. ૨૭ ગુજરાત બટાલિયનના ભૂતપૂર્વ કેડેટ પુરી દીરાભાઈ રબારી તેનું એક ચમકતું ઉદાહરણ છે.

જામનગર પાસેના બેડ નામના નાનકડા ગામની વતની પુરી હંમેશા ઓલિવ ગ્રીન વર્દી પહેરવાનું સપનું જોતી હતી. ભલે સૈન્યમાં જોડાવાનું સપનું અધૂરું રહ્યું, એનસીસીએ તેને એટલી જ શક્તિશાળી ભેટ આપી - એક નવું જીવન."મારી શરૂઆત ક્યારેય આવી નહોતી," પુરી કહે છે. "આજે હું હસ્તકલાનો વ્યવસાય કરું છું અને લાખો રૂપિયાનું ટર્નઓવર ધરાવું છું."


આ પરિવર્તનની શરૂઆત તેણે કરેલા કુલ નવ એનસીસી કેમ્પને કારણે થઈ. તે જણાવે છે કે,"મારા તમામ કેમ્પ દરમિયાન મેં શીખ્યું કે ખરી શિસ્ત શું છે - કેવી રીતે યોગ્ય રીતે કામ કરવું, પ્રતિબદ્ધ કેવી રીતે રહેવું, અને હિન્દી બોલતા પણ શીખી," તે યાદ કરે છે. કેમ્પમાં પી.આઈ. (પરમેનન્ટ ઈન્સ્ટ્રક્ટર) સ્ટાફ સાથે હિન્દીમાં વાત કરવી પડતી, અને ધીમે-ધીમે તેની ભાષા અને આત્મવિશ્વાસ બંને વધ્યા. "આજે હું મારું સંપૂર્ણ માર્કેટિંગ હિન્દીમાં કરું છું. એ આત્મવિશ્વાસ મને એનસીસીથી મળ્યો."

તેની સફરને રાષ્ટ્રીય ઓળખ મળી જ્યારે ૮ માર્ચ ૨૦૨૫ના રોજ નવસારી, ગુજરાત ખાતે મહિલા દિવસની ઉજવણીમાં તેના દ્વારા બનાવેલ હસ્તકલાનું એક ચિત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અર્પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત, ૧૪ મે ૨૦૨૬ના રોજ, પરંપરાગત હસ્તકલાને ઓનલાઈન પ્રોત્સાહન આપવા બદલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જી.ટી.યુ.) અને કારીગર ક્લિનિક દ્વારા તેને સોશિયલ મીડિયા એક્સેલન્સ માટેનો ગોલ્ડ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

૨૭ ગુજરાત બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર, લેફ્ટનન્ટ કર્નલ શોભા નાયરે તેની સફરની પ્રશંસા કરતા કહ્યું: "પુરી જેવા કેડેટ્સ એનસીસીના સાચા ઉદ્દેશ્યને મૂર્તિમંત કરે છે. અમે માત્ર કેમ્પ માટે તાલીમ નથી આપતા; અમે સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ, સંચાર કૌશલ્ય અને નેતૃત્વ કરવાની હિંમત ઘડીએ છીએ. ઉદ્યોગસાહસિકતામાં અને રાષ્ટ્રીય સ્તરે તેની સફળતા એ એનસીસી દ્વારા પ્રદાન કરાયેલી શિસ્તનું પ્રતિબિંબ છે. આ જ પાયાના સ્તરે રાષ્ટ્રનિર્માણ છે."

હિન્દી ન બોલી શકતી એક શરમાળ ગામડાની છોકરીથી લઈને દેશભરમાં માર્કેટિંગ કરતી રાષ્ટ્રીય સ્તરે ઓળખાતી સફળ ઉદ્યોગસાહસિક સુધી, પુરી દીરાભાઈ રબારીની કહાની એ વાતનો પુરાવો છે કે એનસીસી શ્રેષ્ઠ રીતે શું કરે છે - જીવન પરિવર્તિત કરે છે.

## અવસાન નોંધ



**જામનગર :** કાંતાબેન રમેશચંદ્ર ગુલાબચંદ મારુ (ઉ.વ.૮૪) (ગામ પડાણા)હાલ બેંગ્લોર નિવાસી રમેશભાઈ ગુલાબચંદ મારૂના પત્નીનું તા.૩૦-૬-૨૦૨૬ના રોજ અવસાન થયું છે. તે રડીયાતબેન ગુલાબચંદ મારૂના પુત્રવધુ, તથા દેવચંદ લખમશી સુમરીયા (ગામ લાખાબાવળ)ના દિકરી થાય તથા સ્વપ્રેશ,ભવ્યેશ, કલ્પેશના માતા તથા ડૉ પ્રિતિ,રાજવી, મિત્તલના સાસુ તથા આરવ, તક્ષ,રૂઆન, અંશ, રુહી, કિયાના દાદી તથા ધીરૂભાઈ, ડૉ.રસિક, ડૉ મહેન્દ્ર, ડૉ.અરવિંદ, લલિતભાઈ, દક્ષા, વિનોદભાઈ ગોસરાણીના ભાભી થાય સદગતની પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૦૨૬ના સાંજે ૬થી ૭ વાગ્યે શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ બેંગલોર ખાતે રાખેલ છે તથા સ્વામીવાત્સલ્ય તા. ૪-૭-૨૦૨૬ના રોજ ૧૧થી ૧૨ શ્રી વિમલનાથ મંદિર, રાજાજીનગર, બેંગલોર ખાતે રાખેલ છે. તેમણે ચક્ષુદાન કર્યું છે.

# ભારત-અમેરિકા વેપાર કરાર પૂર્ણ થવાના આરે

## કરારનો અંતિમ તબક્કો પૂર્ણ થવાનો બાકી હોવાનો યુનાઈટેડ સ્ટેટ્સના રાજદૂત સર્જિયો ગોરનો દાવો



વોશિંગ્ટન/નવી દિલ્હી,

કોઈપણ પ્રકારની રાજદ્વારી ઘર્ષણની અફવાઓને ફગાવી દેતા, ભારતમાં યુનાઈટેડ સ્ટેટ્સના રાજદૂત સર્જિયો ગોરે જાહેરાત કરી કે ખૂબ જ અપેક્ષિત ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ થવાના આરે છે, વાટાઘાટકારો કાનૂની લખાણના અંતિમ "૧ અથવા ૨ ટકા" પર હસ્તાક્ષર કરી રહ્યા છે.

IX યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF) લીડરશીપ સમિટ ૨૦૨૬ ખાતે પ્રતિનિધિઓને સંબોધતા, રાજદૂત ગોરે સંબંધોનું ખૂબ જ આશાવાદી મૂલ્યાંકન આપ્યું, જે પુષ્ટિ કરે છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નવી દિલ્હી સાથે "જીત-જીત" સંરેખણ માટે ખૂબ જ પ્રતિબદ્ધ છે.

ન્યાયિક હસ્તક્ષેપને કારણે વેપાર કરારમાં ટૂંકા વહીવટી વિલંબનો સામનો કરવો પડ્યો

આશરે ૧૮ મહિનાથી સક્રિય વિકાસમાં રહેલા વેપાર કરારને તાજેતરના ન્યાયિક હસ્તક્ષેપને કારણે ટૂંકા વહીવટી વિલંબનો સામનો કરવો પડ્યો. જો કે, છેલ્લા અઠવાડિયામાં ઉચ્ચ-સ્તરીય રાજદ્વારી હસ્તક્ષેપોએ તેને અંતિમ રેખા પર પાછું ધકેલી દીધું છે.

વચગાળાના વેપાર કરારની સ્થિતિને સંબોધતા, ગોરે સ્વીકાર્યું કે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરના હસ્તક્ષેપથી પ્રારંભિક સમયરેખામાં વિક્ષેપ પડ્યો છે, પરંતુ હિસ્સેદારોને ખાતરી આપી છે કે યુએસ વેપાર પ્રતિનિધિ રાજદૂત જેમીસન લી ગ્રીરની તાજેતરની બે દિવસની નવી દિલ્હીની મુલાકાતે સફળતાપૂર્વક ગતિ બચાવી છે.

ભારત-અમેરિકાના વેપાર સોદા અંગે સર્જિયો ગોરે શું કહ્યું તે અહીં છે

"અમે વિચાર્યું હતું કે, સુપ્રીમ કોર્ટે બીજો રસ્તો શોધવાનો નિર્ણય ન લીધો ત્યાં સુધી તે વેપાર સોદો પૂર્ણ થઈ ગયો હતો," રાજદૂત ગોરે સમિટમાં સમજાવ્યું.

"અને તેથી અમે તેને આગળ ધપાવવાનું ચાલુ રાખીએ છીએ, અને અમે ખૂબ નજીક છીએ. ગયા અઠવાડિયે જ, યુએસ વેપાર પ્રતિનિધિ રાજદૂત જેમીસન લી ગ્રીર બે દિવસ માટે નવી દિલ્હીમાં અમારી મુલાકાતે આવ્યા હતા, અને અમે આશા રાખીએ છીએ કે આ સોદાના અંતિમ તબક્કામાં છીએ. આ સોદાનો મોટાભાગનો ભાગ પૂર્ણ થઈ ગયો છે. બંને પક્ષો તરફથી થોડી વસ્તુઓ બાકી છે, પરંતુ તે સોદાના છેલ્લા ૧ કે ૨ ટકામાં છે," તેમણે કહ્યું.

રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભારત મુલાકાત અંગે, ભારતમાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોર કહે છે, "આ મધ્યસત્ર દરમિયાનનો કોઈ સમય નથી... જ્યારે વડા પ્રધાન તેમને ફ્રાન્સમાં મળ્યા હતા, ત્યારે ભારતીય પક્ષે તે વાત ઉઠાવી હતી કે તેમને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# લાહૌલ-સ્પિતિમાં હિમનદી પીગળવાથી અચાનક પૂર આવ્યું, રસ્તો ધોવાઈ જતાં ૫૦ પ્રવાસી વાહનો ફસાયા

## હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટ્યા જેવી પરિસ્થિતિ સર્જાઈ

સ્પિતિ,

હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પિતિ જિલ્લામાં હિમનદીઓના પીગળવાના પાણીમાં અચાનક વધારો થવાથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે ઝાલમા નાલા ખાતે રસ્તાનો એક ભાગ ધોવાઈ ગયો હતો અને ૫૦ થી વધુ પ્રવાસી વાહનો ફસાયા હતા. આ ઘટનાથી દૂરના પ્રદેશમાં રસ્તાનો સંપર્ક અસ્થાયી રૂપે તૂટી ગયો હતો, જેના કારણે અધિકારીઓએ તાત્કાલિક પુનઃસ્થાપન કાર્ય શરૂ કર્યું હતું. અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે પાણીના પ્રવાહમાં અચાનક વધારો વરસાદને કારણે નહીં પણ ઝડપી હિમનદીઓના પીગળવાને કારણે થયો હતો, કારણ કે ઘટના સમયે આ વિસ્તારમાં કોઈ વરસાદ પડ્યો ન હતો.

૫૦ થી વધુ પ્રવાસી વાહનો ફસાયા

લાહૌલ-સ્પિતિના પોલીસ અધિક્ષક શિવાની મેહલાએ જણાવ્યું હતું કે ઝાલમા નાલામાં પાણી ભરાઈ જવાથી રસ્તાને નુકસાન થયું હોવાથી પ્રવાસીઓને લઈ જતા ૫૦ થી વધુ વાહનો ફસાયા હતા. તેમણે ખાતરી આપી હતી કે અસરગ્રસ્ત વિસ્તાર પર પુનઃસ્થાપન કાર્ય શરૂ થઈ ગયું છે અને આગામી બે કલાકમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. એકવાર રસ્તો વાહનવ્યવહાર માટે યોગ્ય થઈ જાય, પછી બધા ફસાયેલા પ્રવાસીઓને સુરક્ષિત રીતે વિસ્તારમાંથી બહાર કાઢવામાં આવશે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) એ સ્થાનિક વહીવટીતંત્ર સાથે મળીને ક્ષતિગ્રસ્ત રસ્તાને શક્ય તેટલી ઝડપથી ફરીથી જોડવા માટે કટોકટી પુનઃસ્થાપન કામગીરી શરૂ કરી છે.

BRO અને વહીવટીતંત્રે કટોકટી પુનઃસ્થાપન શરૂ કર્યું

અચાનક ભંગાણ પછી, બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન અને સ્થાનિક અધિકારીઓની ટીમો ક્ષતિગ્રસ્ત રસ્તાનું સમારકામ અને ટ્રાફિક અવરજવર પુનઃસ્થાપિત કરવા માટે સ્થળ પર દોડી ગઈ.

# દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટક, મેઘાલય અને ઝારખંડમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાનો પ્રથમ તબક્કો શરૂ

## પાંચેય રાજ્યોમાં, ડ્રાફ્ટ મતદાર યાદી ૫ ઓગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવશે

નવી દિલ્હી,

ભારતીય ચૂંટણી પંચ (ECI) એ ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટક, મેઘાલય અને ઝારખંડમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા (SIR) નો પ્રથમ તબક્કો શરૂ કર્યો છે. આ રાષ્ટ્રવ્યાપી કવાયતનો ઉદ્દેશ્ય લાયક મતદારોની નોંધણી, ડુપ્લિકેટ અથવા અયોગ્ય એન્ટ્રીઓ કાઢી નાખવા અને મતદાર વિગતોમાં ભૂલો સુધારવા દ્વારા મતદાર યાદીઓને અપડેટ કરવાનો છે.

આ પાંચેય રાજ્યોમાં, ડ્રાફ્ટ મતદાર યાદી ૫ ઓગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવશે, જ્યારે દાવા અને વાંધા ૫ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર વચ્ચે દાખલ કરી શકાય છે. આ અરજીઓ ૩ ઓક્ટોબર સુધી પ્રક્રિયા કરવામાં આવશે, અને અંતિમ મતદાર યાદી ૭ ઓક્ટોબરના રોજ જારી કરવામાં આવશે. સુધારણા માટે લાયકાત તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

દિલ્હીમાં ખાસ સઘન સુધારા શરૂ થયા, જેમાં ૧૩,૦૦૦ થી વધુ બૂથ લેવલ ઓફિસરો (BLO) રાષ્ટ્રીય રાજધાનીમાં ઘરે-ઘરે ચકાસણી શરૂ કરશે. ગણતરી અભિયાન ૨૯ જુલાઈ સુધી ચાલુ રહેશે, જે દરમિયાન મતદારો તેમની વિગતો ચકાસી શકશે અને જો જરૂરી હોય તો સુધારા સબમિટ કરી શકશે.

# શાંતિ સમજૂતી બાદ હોર્મુઝની ખાડી પર પ્રભુત્વ મુદ્દે અમેરિકા-ઈરાન વચ્ચે મડાગાંઠ

## ઈરાને યુદ્ધનો માત્ર રક્ષાની લડાઈ જ નહીં, પરંતુ સૈન્ય ટેકનિકને આગામી સ્તર પર લઈ જવાની તક તરીકે ઉપયોગ કર્યો

દોહા,

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ થતાં આખી દુનિયાએ રાહત મેળવી હતી, પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકા સાથે શાંતિ મંત્રણા વચ્ચે ઈરાને પડદા પાછળ તેની સૈન્ય શક્તિને વધુ આધુનિક બનાવવા પર ધ્યાન આપ્યું અને તેણે નવી પેઢીના ડ્રોનનો સૈન્યમાં સમાવેશ કર્યો છે જ્યારે તેની બેલિસ્ટિક મિસાઈલ સિસ્ટમને પણ અપગ્રેડ કરી છે. બીજીબાજુ હોર્મુઝની ખાડી પર પ્રભુત્વ જાળવી રાખવા માટે અમેરિકાના તાજા હુમલાના જવાબમાં ઈરાને ફરી એક વખત બહરીન અને કુવૈતમાં અમેરિકાના આઠ સૈન્ય સ્થળો પર હુમલા કર્યા હતા. સાથે તેણે અમેરિકાને વધુ હુમલા થશે તો શાંતિ મંત્રણા અટકાવી દેવાની ચેતવણી આપી છે.

ઈરાનની સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ મોહમ્મદ અકરામિનિયાએ કહ્યું કે, યુદ્ધ દરમિયાન જ ઈરાને નવી પેઢીના ડ્રોન અને અપગ્રેડેડ મિસાઈલ સિસ્ટમ તૈયાર કરીને તેનો સેનામાં સમાવેશ કર્યો છે. તેમનો દાવો છે કે ઈરાને યુદ્ધનો માત્ર રક્ષાની લડાઈ જ નહીં, પરંતુ સૈન્ય ટેકનિકને આગામી સ્તર પર લઈ જવાની તક તરીકે ઉપયોગ કર્યો છે.

અમેરિકા અને ઈઝરાયેલ રમઝાન મહિનામાં ઈરાન પર મિસાઈલ અને બોમ્બ વરસાવી રહ્યા હતા ત્યારે ઈરાન ચૂપચાપ ઘાતક અને વધુ સચોટ હુમલા માટેના હથિયાર વિકસાવી રહ્યું હતું. ઈરાની સેનાના પ્રવક્તાએ રવિવારે કહ્યું કે, રમઝાન યુદ્ધના અંતિમ દિવસોમાં ઈરાની સશસ્ત્ર દળોએ એવા નવા ડ્રોનનો ઉપયોગ કર્યો હતો, જેના પર પહેલાથી રિસર્ચ ચાલી રહ્યા હતા અને ચાલુ યુદ્ધમાં જ તેનો સેનામાં સમાવેશ કરાયો હતો.

તેમણે ઉમેર્યું કે, ઈરાનની સેનાએ ચાલુ યુદ્ધમાં મિસાઈલોને અપગ્રેડ કરી. યુદ્ધમાં જૂના હથિયારોનો ઉપયોગ ચાલુ રાખતા રિસર્ચ અને ડેવલપમેન્ટ પર પણ સતત કામ ચાલુ રાખ્યું હતું. વધુમાં હથિયારોનું ઘરેલુ ઉત્પાદન વધારવાની સાથે મિત્ર દેશો પાસેથી આધુનિક સૈન્ય ઉપકરણો ખરીદવાની દિશામાં પણ કામ ચાલુ રાખ્યું હતું.

દરમિયાન હોર્મુઝની ખાડી પર પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા માટે ઈરાને ઓમાનના માર્ગે જહાજોના પરિવહન પર પ્રતિબંધ મૂક્યો હતો, જેના વિરોધમાં અમેરિકાએ ઈરાન પર તાજા હુમલા કર્યા હતા.

# ભારતીય સેનાએ અરુણાચલમાં ચીની અતિક્રમણના અહેવાલોને નકાર્યા

નવી દિલી/ઈટાનગર,

ભારતીય સેનાએ અરુણાચલ પ્રદેશમાં ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (ન્છ) ના સૈનિકો દ્વારા અતિક્રમણના અહેવાલોને નકારી કાઢ્યા હતા, તેમને 'ખોટા' ગણાવ્યા હતા અને ઉમેર્યું હતું કે તેનો કોઈ આધાર નથી.

"અમે કેટલાક મીડિયા અહેવાલો જોયા છે જેમાં ચીની ન્છ દ્વારા તાજેતરમાં અરુણાચલ પ્રદેશમાં અતિક્રમણ અને કેમ્પ સ્થાપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ અહેવાલો ખોટા અને કોઈ પાયા વિનાના છે," સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. સ્થાનિક સમાચાર સંગઠનો સહિત અનેક મીડિયા આઉટલેટ્સના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ન્છ સૈનિકોએ છેલ્લા છ વર્ષમાં ઉત્તરપૂર્વીય રાજયના ઉપલા સુબાનસિરી જિલ્લામાં અતિક્રમણ કર્યું છે. આ અહેવાલો નાહ આદિવાસી સમુદાય દ્વારા કરવામાં આવેલા દાવાઓ પર આધારિત હતા, જેમણે કહ્યું હતું કે 'અતિક્રમણો' ના કારણે પ્રદેશમાં તેમના પશુઓને ચરાવવાનું મુશ્કેલ બન્યું છે.

નાહ વેલ્ફેર સોસાયટી (દ્બઉજી) ના પ્રમુખ કેરુ ચાડેરે જણાવ્યું હતું કે ચીની ન્છ સૈનિકોએ તેમની 'પૂર્વજોની જમીન' અને શિકારના વિસ્તારો પર 'કબજો' કર્યો છે.

# અમરનાથ યાત્રા દરમિયાન પાકિસ્તાન પ્રેરિત મોટા આતંકવાદી હુમલાની ભીતિ : ગુપ્તચર એજન્સીનો ખુલાસો

## પાકિસ્તાન અધિકૃત કાશ્મીર, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં બગડતી પરિસ્થિતિ પરથી ધ્યાન હટાવવા માટે હુમલાનો પ્રયાસ કરી શકે

નવીદિલ્હી,

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ આગામી અમરનાથ યાત્રા અંગે સુરક્ષા ચેતવણી જારી કરી છે. એજન્સીઓનું કહેવું છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી,આઈએસઆઈ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં બગડતી પરિસ્થિતિ પરથી ધ્યાન હટાવવા માટે અમરનાથ યાત્રા દરમિયાન મોટો આતંકવાદી હુમલો કરવાનો પ્રયાસ કરી શકે છે. આ વર્ષે, અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થવાની છે.

ગુપ્તચર અધિકારીઓના મતે,પીઓકે ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં પરિસ્થિતિ હાલમાં પાકિસ્તાન માટે એક મોટો પડકાર છે. ખાસ કરીને પીઓકેમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોએ ઈસ્લામાબાદની મુશ્કેલીઓ વધારી દીધી છે. અધિકારીઓનો દાવો છે કે પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં તાજેતરમાં કરવામાં આવેલ હવાઈ હુમલો પણ આંતરિક દબાણથી ધ્યાન હટાવવાના પ્રયાસનો એક ભાગ હતો. આ હવાઈ હુમલામાં ૩૫ લોકો માર્યા ગયા.

ભારતીય એજન્સીઓ અનુસાર, કેટલાક ઈન્ટરસેપ્ટેડ ઈનપુટ્સ સૂચવે છે કે પાકિસ્તાન ભારતમાં પણ આતંકવાદી હુમલાઓનું આયોજન કરી રહ્યું છે. આ માટે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી,આઈએસઆઈ જમ્મુ અને કાશ્મીરના જંગલોમાં છુપાયેલા કેટલાક આતંકવાદીઓ સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. એજન્સીઓનું માનવું છે કે આ આતંકવાદીઓનો ઉપયોગ અમરનાથ યાત્રા દરમિયાન આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવા માટે થઈ શકે છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પાકિસ્તાન આ આતંકવાદીઓને પહેલગામમાં થયેલા હુમલા જેવો જ મોટો હુમલો કરવા માટે સૂચના આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# મુંબઈની હોટેલમાં હાઈ-પ્રોફાઈલ દેહ વ્યાપારનો પર્દાફાશ : બે જાણીતી અભિનેત્રીઓ ઝડપાઈ

## ક્રાઈમ બ્રાન્ચે ગિરગામ વિસ્તારની એક લક્ઝુરિયસ હોટેલમાં સત્તાવાર રેડ પાડીને મોટી કાર્યવાહી હાથ ધરી

મુંબઈ,

માયાનગરી મુંબઈના ગ્લેમર જગતની પાછળ છુપાયેલા એક અત્યંત કાળા અને ચોંકાવનારા સત્યનો પોલીસે પર્દાફાશ કર્યો છે. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ગિરગામ વિસ્તારની એક લક્ઝુરિયસ હોટેલમાં સત્તાવાર રેડ પાડીને મોટી કાર્યવાહી હાથ ધરી છે, જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી બે યુવા અભિનેત્રીઓને સુરક્ષિત રીતે મુક્ત કરાવી લેવામાં આવી છે.

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ ૪ ને એક અત્યંત વિશ્વસનીય અને ગુપ્ત માહિતી મળી હતી કે ગિરગામની એક પ્રતિષ્ઠિત અને જાણીતી હોટેલમાં બોલિવૂડ અને પ્રાદેશિક સિનેમા જગત સાથે સંકળાયેલા લોકોનું એક મોટું હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટ સક્રિય રીતે ચાલી રહ્યું છે. આ ચોંકાવનારી બાતમીના આધારે ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ખાસ ટીમે ઓપરેશનનું આયોજન કર્યું હતું.

આ રેકેટ ચલાવવા અને અભિનેત્રીઓના જિસ્મનો સોદો કરવાના આરોપમાં પોલીસે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જ એક જાણીતી મહિલા સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટની રંગેહાથ ધરપકડ કરી છે. આ હાઈ-પ્રોફાઈલ નેટવર્કમાં સિનેમા જગતના ચહેરાઓ સામેલ હોવાની વિગતો બહાર આવતાં જ આખા બોલિવૂડ અને મરાઠી ફિલ્મ ઉદ્યોગમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

# જીએસટી સંબંધિત વિવાદો માટે અપીલ હવે ૩૧ જુલાઈ સુધી દાખલ કરી શકાશે

## એપેલેટ ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરવાની અંતિમ તારીખ એક મહિના માટે વધારાઈ

નવીદિલ્હી,

સરકારે જીએસટી સંબંધિત વિવાદો માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરવાની અંતિમ તારીખ એક મહિના વધારીને ૩૧ જુલાઈ, ૨૦૨૬ કરી હતી.જીએસટીએટીની સ્થાપના ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કરવામાં આવી હતી. ત્યારબાદ, સરકારે જીએસટીએટીમાં અપીલ દાખલ કરવાની છેલ્લી તારીખ ૩૦ જૂન, ૨૦૨૬ નક્કી કરી. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ નિર્ણય વિવિધ હિસ્સેદારોની વિનંતીઓ બાદ લેવામાં આવ્યો છે, જેમણે જણાવ્યું હતું કે જીએસટીએટી પ્લેટફોર્મ અતિશય દબાણને કારણે અપીલ દાખલ કરવામાં તકનીકી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા ૧૫ દિવસમાં જ ૩૦,૦૦૦ અપીલ દાખલ કરવામાં આવી હતી, જેમાં એક જ દિવસમાં સૌથી વધુ ૫,૫૦૦ અપીલ દાખલ કરવામાં આવી હતી. મંત્રાલયે કરદાતાઓને સમયમર્યાદા સુધી રાહ ન જોવાની અને તેમની અપીલ તાત્કાલિક દાખલ કરવાની સલાહ આપી હતી. સરકારે અત્યાર સુધીમાં જીએસટીએટીની ૩૧ રાજ્ય બેન્ચ અને દિલ્હીમાં એક મુખ્ય બેન્ચને સૂચિત કરી છે. હાલમાં, અપીલ અધિકારી સમક્ષ ૪.૮૦ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે, અને આ બધા જીએસટીએટીને રિફર કરવામાં આવે તેવી અપેક્ષા છે.

મે ૨૦૨૪ માં, સરકારે ન્યાયાધીશ (નિવૃત્ત) સંજય કુમાર મિશ્રાને જીએસટીએટીના મુખ્ય બેન્ચના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. ૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ જીએસટી લાગુ થયા પછી, કરદાતાઓ અને જીએસટી વિભાગ વચ્ચેના તમામ વિવાદો હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં ઉકેલાયા, જેના કારણે કેસોના નિરાકરણમાં વિલંબ થયો. સપ્ટેમ્બર ૨૦૨૫ માં જીએસટીએટી કાર્યરત થયા પછી વિવાદ નિવારણ પ્રક્રિયા ઝડપી થવાની અપેક્ષા છે.

# અમૃતસરમાં સીતા અને લવ-કુશનું ભવ્ય મંદિર બનશે; અયોધ્યાથી પરત ફર્યા બાદ કેજરીવાલે પાંચ જાહેરાતો કરી

## ભગવંત માન સરકાર ૧ ઓગસ્ટથી સમગ્ર પંજાબમાં "હમારે રામ" નાટકનું આયોજન કરશે



ચંદીગઢ,

અયોધ્યામાં રામ મંદિરની મુલાકાત લીધા બાદ અમૃતસર પહોંચેલા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પંજાબના લોકો માટે પાંચ મોટી અને ઐતિહાસિક જાહેરાતો કરી. તેમણે વિશ્વભરના રામ ભક્તો માટે સૌથી મોટી ખુશખબર જાહેર કરીઃ અમૃતસરમાં ભગવાન વાલ્મીકિ મંદિરની બાજુમાં માતા જાનકી અને લવ-કુશને સમર્પિત એક ભવ્ય મંદિર બનાવવામાં આવશે. તેમણે જાહેરાત કરી કે ભગવંત માન સરકાર ૧ ઓગસ્ટથી સમગ્ર પંજાબમાં "હમારે રામ" નાટકનું આયોજન કરશે. પંજાબના લોકો ભગવાન રામ અને રાવણ વચ્ચેના અજાણ્યા સંવાદનું મફત નાટક જોઈ શકશે. તેમણે એવી પણ જાહેરાત કરી કે જલંધરમાં શરૂ થયેલી "એક શામ ભગવાન શિવજી કે નામ" ભજન સાંજ હવે પંજાબના ૨૨ શહેરોમાં યોજાશે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે અમૃતસરમાં આયોજિત "એક શામ ભગવાન શિવજી કે નામ" ભજન સાંજ દરમિયાન આ જાહેરાતો કરી. તેમણે કહ્યું કે પંજાબ સરકાર આજે રઘુવંશી જીના "એક શામ ભગવાન શિવ કે નામ" ભજન સાંજનું આયોજન કરી રહી છે. તેમણે કહ્યું કે ઘણા લોકો તેમની પાસે આવ્યા છે અને કહ્યું કે કોઈ સરકારે ક્યારેય આવી ભજન સાંજનું આયોજન કર્યું નથી. લોકોની ભક્તિ માટે આવી ભજન સંધ્યાનું આયોજન કરનારી આ પહેલી સરકાર છે. અગાઉ, જલંધરમાં પણ ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવિંદ કેજરીવાલે પંજાબના લોકોને પાંચ મોટા સમાચાર આપતા કહ્યું કે, જલંધરથી શરૂ થઈને અમૃતસર સુધી પહોંચેલી ભજન સંધ્યાની આ શ્રેણી હવે પંજાબના ૨૨ શહેરોમાં યોજાશે. "એક શામ શિવ જી કે નામ" નામનો કાર્યક્રમ અને ભજન સંધ્યા તમામ ૨૨ શહેરોમાં યોજાશે.

અરવિંદ કેજરીવાલે વધુ એક સારા સમાચાર આપતા કહ્યું કે, પટિયાલામાં એક ખૂબ જ પૂજનીય કાલી માતા મંદિર છે. કાલી મા દરેકના દુઃખ દૂર કરે છે અને દરેકની ઈચ્છા પૂર્ણ કરે છે. ત્યાં દર્શન કરવાથી અપાર શાંતિ અને શાંતિ મળે છે.

# વિપક્ષી ગઠબંધને એસઆઈઆર પાલનના મામલે ન્યાયતંત્રના હસ્તક્ષેપની માંગ કરી

## વિપક્ષી ગઠબંધને ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો

નવીદિલ્હી,

કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું છે કે ૨૩ રાજકીય પક્ષો અને એક સ્વતંત્ર સાંસદે ભારતના મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ સૂર્યકાંતને સંયુક્ત પત્ર મોકલ્યો છે. આ પત્ર ચૂંટણી પંચની વિશેષ સઘન સમીક્ષા પ્રક્રિયા અને અન્ય ચૂંટણી સંબંધિત મુદ્દાઓને સંબોધિત કરે છે. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ માહિતી શેર કરી છે. આ પત્રમાં, વિપક્ષી ગઠબંધને એસઆઈઆર પાલનના મામલે ન્યાયતંત્રના હસ્તક્ષેપની માંગ કરી છે. વિપક્ષી ગઠબંધને ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પરિણામો પ્રભાવિત થઈ રહ્યા છે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે મંગળવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શેર કર્યું હતું કે ૮ જૂને યોજાયેલી વિપક્ષી ગઠબંધનની બેઠકમાં ૨૧ વિપક્ષી રાજકીય પક્ષો અને એક સ્વતંત્ર સાંસદે ભાગ લીધો હતો. હવે, ૨૩ રાજકીય પક્ષો અને એક સ્વતંત્ર સાંસદે આ પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. ૮ જૂન, ૨૦૨૬ના રોજ યોજાયેલી ઈન્ડિયા એલાયન્સની બેઠકમાં મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, ઓમર અબ્દુલ્લા અને સુપ્રિયા સુલે જેવા નેતાઓ હાજર હતા. જોકે આમ આદમી પાર્ટી અને દ્રવિડ મુનેત્ર કઝગમ જેવા કેટલાક પક્ષો ગેરહાજર રહ્યા હતા, તેમણે પણ પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. બેઠક દરમિયાન, એવી જાહેરાત કરવામાં આવી હતી કે ઈન્ડિયા એલાયન્સ દર બે મહિને બેઠકો યોજશે. આગામી બેઠક ઓગસ્ટમાં તેલંગાણાના હૈદરાબાદમાં યોજાવાની છે.

ચૂંટણી પંચે લગભગ એક વર્ષ પહેલા મતદાર યાદી ચકાસણી માટે એસઆઈઆર પ્રક્રિયા શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ્ય સાચી મતદાર યાદીઓ સુનિશ્ચિત કરવાનો અને ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતાને મજબૂત બનાવવાનો છે. ૨૪ જૂન, ૨૦૨૫ ના રોજ વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં આ પ્રક્રિયાનો પાયલોટ તબક્કો શરૂ થયો હતો. આ કવાયત હેઠળ, દેશભરમાં મતદાર યાદીઓમાંથી આશરે ૬ કરોડ નામો દૂર કરવામાં આવ્યા છે. આ સુધારણા પ્રક્રિયા હજુ પણ ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલુ છે.

એકલા બિહારમાં, ૬૫ લાખ નામો મતદાર યાદીઓમાંથી દૂર કરવામાં આવ્યા હતા. લોકસભામાં વિરોધ પક્ષના નેતા સહિત ઘણા વિપક્ષી નેતાઓએ એસઆઈઆર પ્રક્રિયાનો વિરોધ કર્યો છે અને આ મુદ્દે અનેક પ્રેસ કોન્ફરન્સ યોજી છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોએ આરોપ લગાવ્યો છે કે એસઆઈઆર પ્રક્રિયા લોકશાહીને નબળી પાડવાનો પ્રયાસ છે. દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે સરકારનો ઉદ્દેશ્ય ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના નામ દૂર કરવાનો છે. તેમનું કહેવું છે કે આ સુનિશ્ચિત કરવા માટે છે કે કોઈ પણ સાચા ભારતીય નાગરિકને મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં ન આવે.

# દ્વારકા મંદિરમાં સુરક્ષામાં તૈનાત મહિલા પોલીસ સાથે અસભ્ય વર્તન કરી હુમલો

## ઝપાઝપી કરી ફરજમાં અડચણ અંગે ત્રણ મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાયો



દ્વારકા : યાત્રાધામના દ્વારકાધીશજી મંદિર પરિસરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા ફરજ બજાવી રહેલી મહિલા પોલીસ કર્મચારી પર હુમલો તથા ગેરવર્તન કરવાના બનાવ મામલે પોલીસે સુરતના પાંચ દર્શનાર્થીઓ સામે ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ દ્વારકાધીશજી મંદિરમાં ૨૯ મી જુનુ પૂનમ હોવાથી મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે ઉમટી પડયા હતા. મંદિર પરિસરમાં ભીડ નિયંત્રણ અને દર્શનાર્થીઓની લાઇન વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન મહિલા લોકરક્ષક સેજલબેન જેસીંગભાઈ રાઠોડ પણ દ્વારકાધીશ મંદિર સુરક્ષા વિભાગમાં ફરજ બજાવી રહ્યા હતા.જેમાં સવારે આશરે ૧૧.૧૫ કલાકે લાઈનમાં ઉભેલા કેટલાક દર્શનાર્થીઓએ નિયમનો ભંગ કરી આગળ જવાનો પ્રયાસ કર્યો હતો. આ બાબતે અન્ય દર્શનાર્થીઓ સાથે બોલાચાલી તેમજ એસ.આર.પી.ના થતાં ફરજ પર રહેલા મહિલા પોલીસ કર્મચારી સેજલબેન તેમજ એસ આર પી ના એ.એસ.આઈ. રામભાઈ બોળીયાએ તેમને સમજાવી શાંતિ જાળવવા અને યોગ્ય રીતે લાઇનમાં રહેવા જણાવ્યું હતું.

પોલીસ દ્વારા સમજાવટ કરવામાં આવતાં કેટલાક લોકો ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલા પોલીસ કર્મચારી સાથે ગેરવર્તન શરૂ કર્યું હતું.જેની ફરિયાદ મુજબ ત્રણ મહિલાએ સેજલબેન સાથે ઝપાઝપી કરી, માર માર્યો અને વાળ ખેંચ્યા હતા.

ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. સાથેના બે પુરુષોએ પણ દરમિયાનગીરી કરનાર લોકોને રોકવાનો પ્રયાસ કરી ગાળો આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.બનાવ દરમિયાન મહિલા પોલીસ કર્મચારીના યુનિફોર્મને નુકસાન થયું હતું તેમજ વ્હીસલ ગાર્ડ અને સોલ્ડર બેઝ ખેંચાઈ ગયા હતા.

કાનની બુટી પણ પડી ગઈ હતી. ઘટનાને પગલે મંદિર પરિસરમાં ફરજ બજાવતા અન્ય પોલીસ કર્મચારીઓ અને હાજર લોકોએ વચ્ચે પડી મામલો શાંત પાડયો હતો. અને તમામ લોકોને મંદિર પોલીસ ચોકી ખાતે લઈ જવાયા હતા.

પોલીસ દ્વારા કરવામાં આવેલીપૂછપરછમાં પકડાયેલા તમામ વ્યક્તિઓ સુરત શહેરના રહેવાસી હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓ તરીકે હેમેશ્વર અનીલભાઈ પાટીલ, સીમાબેન ત્રિભુવનદાસ દેવરે, સંગીતાબેન અનીલભાઈ પાટીલ, ચેતનભાઈ અનીલભાઈ પાટીલ અને અજય મનોહર વાઘના નામ સામે આવ્યા છે.

હુમલામાં ઈજાગ્રસ્ત મહિલા પોલીસ કર્મચારીને મોઢા તથા કાનના ભાગે ઈજાઓ થતાં સારવાર માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેઓની ફરિયાદના આધારે

પોલીસ સ્ટેશનમાં મારામારી, સરકારી કર્મચારીની ફરજમાં અડચણ, ધમકી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.આ સમગ્ર મામલાની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ સુરૂભા ગોહીલ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## હાલારમાં ૫ મી જુલાઈ સુધી હળવા-મધ્યમ વરસાદની આગાહી

જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી ૫ જુલાઈ સુધીમાં છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બીજી તરફ, જામનગરમાં ગઈકાલે મંગળવારે મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા ગરમી અને બફારાનો પ્રકોપ વધ્યો હતો, જેના કારણે લોકોને ભારે અસ્વસ્થતા અનુભવવી પડી હતી.

જામનગર શહેર સહિત સમગ્ર હાલાર પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ વચ્ચે ગરમીનું જોર યથાવત રહ્યું છે. મંગળવારે મહત્તમ તાપમાનમાં વધારો નોંધાતા બપોરના સમયે લોકો ફરીથી આકરા તાપનો સામનો કરવા મજબૂર બન્યા હતા. સાથે સાથે હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા સુધી પહોંચતા ઉકળાટ અને બફારો વધી ગયો હતો, જેના કારણે લોકો પરસેવાથી તરબતર થઈ ગયા હતા.

જોકે, બપોર બાદ ૨૦થી ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં થોડી રાહત અનુભવાઈ હતી. તેમ છતાં ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવથી દિવસભર અસહ્ય ઉકળાટનો માહોલ રહ્યો હતો.

હાલાર પંથકમાં ચાલુ વર્ષે ચોમાસાનું આગમન અપેક્ષા કરતાં મોડું પડ્યું છે. ખેડૂતો સહિત વિવિધ વર્ગો વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આવા સમયે હવામાન વિભાગે ૨થી ૫ જુલાઈ દરમિયાન જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરતાં રાહતની આશા જાગી છે. મંગળવારે પણ જામનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં સમયાંતરે વરસાદી માહોલ સર્જાયો હતો. ખાસ કરીને બપોર બાદ આકાશમાં ઘેરા વાદળો છવાયા હતા અને અનેક સ્થળોએ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા દેખાઈ હતી. જોકે મોડી સાંજ સુધી જિલ્લામાં ક્યાંય નોંધપાત્ર વરસાદ નોંધાયો ન હોવાનું જાણવા મળ્યું છે. જયારે આજે પણ આકાશમાં વાદળોના આટા ફેરા જોવા મળી રહ્યા છે.

## ગોઈજ ગામે મંદિરના પટાંગણમાં ગાંજાનું વાવેતર કરતા શખ્સની અટકાયત

### ૩૨૯ ગ્રામ ગાંજા સહિત રૂ. ૧૬૪૫૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો



તસવીર : આનંદ લાલ-સલાયા

ખંભાળિયા : સલાયા નજીક ગોઈજ ગામેથી સ્થાનિક પોલીસે દરોડો પાડી મંદિરના પટાંગણમાંથી લીલા અને સુકા ગાંજાનું વાવેતર કરતા શખ્સને પકડી પાડી તેના પાસેથી ગાંજાનો જથ્થો કબ્જે લઈ એન. ડી. પી. એસ. હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા તાલુકાના ગોઈજ ગામે નવી સોસાયટી ખાતે રહેતો કેશુભાઈ છગનભાઈ રાઠોડ નામનો શખ્સ જે છુટક શાકભાજીનો વ્યવસાય કરતો હોય તે પોતાના કબ્જા ભોગવટાના મંદિરમાં માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કરતો હોય જેની બાતમીના મળતા આધારે સલાયા મરીન પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અહીં રામાપીરના મંદિરના પટાંગણમાંથી ગાંજાના બે નંગ લીલા છોડ તેમજ ૧૨ ગ્રામ સુકો ગાંજો એમ ૩૨૯ ગ્રામ ગાંજો મળી આવતા તેની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૧૬૪૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ઝડપાયેલા શખ્સને અદાલતમાં રજુ કરવાની તજવીજ હાથ ધરાઈ હતી.

# કાલાવડના મુળીલા ગામે સાથે રહેતા શ્રમિકે યુવાનને કૂવામાં ધક્કો મારી દેતા ડૂબી જવાથી નિપજ્યુ મૃત્યુ

## સામાન્ય બાબતની બોલાચાલીમાં પતિની હત્યા કાર્યાનો પત્નીનો આક્ષેપ, પોલીસે તપાસ હાથ ધરી

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મૂળિલા ગામે કુવામાં ધક્કો મારી શ્રમિકને મોતને ઘાટ ઉતારી દીધાનો તપાસમાં ભાંડાફોડ થયો છે. સાથે મજૂરી કામ કરતા એક શખ્સએ કૂવામાં ધક્કો મારી શ્રમિકને મોતને ઘાટ ઉતાર્યાનો આક્ષેપ સાથે મૃતકની પત્નીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરેખાબેન મહેન્દ્રભાઈ સંગાડા (ઉવ.૩૧ રહે.સીંગવડ ગામ (સંગાડા) ડુંગરી ફળિયુ જી.દાહોદ) એ પોતાના પતિ મહેન્દ્રભાઈ ને પરલોક પહોંચાડી દેવા મામલે આરોપી ઈનુ ઉર્ફે વિનુ લાલસીંગભાઇ ગરાસીયા (ઉ.વ.૩૨ રહે નવાઘરા ફળીયુ ભટીસરા ગામ તા.ફતેપુરા(સુતસર) જિલ્લો દાહોદ) સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર

મહેન્દ્રભાઈ ભોળાભાઈ સંગાડા અને આરોપી ઈનુ ઉર્ફે વિનુ લાલસીંગભાઈ ગરાસિયા કાલાવડ તાલુકાના મુળીલા ગામ નજીક આવેલી એક વાડીમાં મજૂરી કામ માટે સાથે રહેતા હતા. દરમિયાન શાક-રોટલી બનાવવાની સામાન્ય બાબતે બંને વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો. આરોપીએ ઝઘડા દરમિયાન મહેન્દ્રભાઈને કૂવામાં ધક્કો માર્યો હોવાનું અને કૂવામાં પડી જતાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

મૃતકની પત્ની સુરેખાબેન મહેન્દ્રભાઈ સંગાડાની ફરિયાદના આધારે કાલાવડ ગ્રામ્ય પોલીસે આરોપી ઈનુ ઉર્ફે વિનુ લાલસીંગભાઈ ગરાસિયા, રહે. ભટીસરા ગામ, જિલ્લો દાહોદ વિરુદ્ધ ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મુળીલા ગામે વાડીમાં મજૂરી કામ દરમિયાન થયેલા મજૂર મહેન્દ્રભાઈ ભોળાભાઈ સંગાડાના મોતના બનાવમાં પોલીસ તપાસ બાદ ૭ મહિના પછી નવો વળાંક આવ્યો છે. શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાયા બાદ તપાસ દરમિયાન સામે આવેલી વિગતોના આધારે મૃતકની પત્ની સુરેખાબેન મહેન્દ્રભાઈ સંગાડાની ફરિયાદ પરથી ઈનુ ઉર્ફે વિનુ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લાના રહેવાસી મહેન્દ્રભાઈ પત્ની અને પરિવાર સાથે મુળીલા ગામે વાડીમાં મજૂરી કામે આવ્યા હતા. સુરેખાબેન પોતાની બે દીકરીઓને વતનમાં મૂકવા ગયા હતા. ઘટના પહેલાં મૃતક મહેન્દ્રભાઈએ પત્ની સુરેખાબેનને ફોન કર્યો હતો. તે દરમિયાન ફોનમાં મહેન્દ્રભાઈ અને ઈનુ ઉર્ફે વિનુ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડાનો અવાજ સંભળાયો હતો. ત્યારબાદ મહેન્દ્રભાઈનો મોબાઈલ સતત બંધ આવતાં પરિવાર ચિંતામાં મુકાયો હતો.

મહેન્દ્રભાઈનો મૃતદેહ કુવામાંથી મળ્યા બાદ પોલીસે શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ કોલ ડિટેઈલ, પૂછપરછ અને તપાસમાં સામે આવેલી વિગતોના આધારે સુરેખાબેનની ફરિયાદ પરથી ઈનુ ઉર્ફે વિનુ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# જામનગરના જીએસટી કૌભાંડમાં બ્રાસપાર્ટસની પાંચ પેઢીઓની કરોડોની મિલકતો કરાઈ જપ્ત

## રાજ્ય વેરા વિભાગની ૨૦થી વધુ સ્થળોએ તવાઈ, બોગસ બિલિંગ થકી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવનારા મુખ્ય સૂત્રધારો ફરાર

જામનગર : જામનગરમાં જીએસટી કરચોરી અને બોગસ બિલિંગના એક સંગઠિત નેટવર્ક સામે રાજ્ય વેરા વિભાગે અત્યાર સુધીનું સૌથી મોટું મેગા ઓપરેશન હાથ ધરીને ૨૦થી વધુ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા છે. આ કડક કાર્યવાહી અંતર્ગત બ્રાસપાર્ટસની પાંચ જેટલી પેઢીઓના સંચાલકોની કરોડો રૂપિયાની સંપત્તિ, જેમાં કારખાના, ઈન્ડસ્ટ્રીયલ શેડ, વાડી અને મકાનોનો સમાવેશ થાય છે, તેને ટાંચમાં લઈ જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિભાગની આ તવાઈમાં વિવિધ પેઢીઓ અને તેમના માલિકો પર સકંજો કસાયો છે.

જેમાં 'દેવ ઈમ્પેક્ષ'ના પ્રફુલ સંઘાણી સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરાઈ છે, જયારે 'રિધમ મેટલ'ના રાહુલ નાગજી વસોયાનો ઔદ્યોગિક શેડ અને 'એન્જલ એન્ટરપ્રાઈઝ'ના સુરેશ વસોયાની ચંદ્રામા ગામની વાડી તેમજ મકાન જપ્ત કરાયા છે. આ ઉપરાંત, 'શ્રી રામ મેટલ'ના હાર્દિક ઓધવજી ગઢીયાની દરેડ શિવમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ખાતે આવેલી અંદાજે ૧ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી છે, જયારે 'ખોડલ એન્ટરપ્રાઈઝ'ના મયંક જેંતીલાલ ગઢીયાની મિલકતો અંગે પણ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

જીએસટી વિભાગની પ્રાથમિક તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ આખુંય કૌભાંડ ભાવનગર અને જસદણના અમુક ઈસમો દ્વારા જામનગરમાં બોગસ પેઢીઓ ઊભી કરીને આચરવામાં આવતું હતું. બહારગામથી આવેલા આ તત્વોએ જામનગરના કેટલાક સ્થાનિક વેપારીઓ અને સગા-સંબંધીઓની મિલીભગતથી ગેરકાયદેસર રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈ.ટી.સી.) મેળવીને નાણાંની મોટી લેતી-દેતી કરી સરકારને કરોડોનો ચૂનો લગાવ્યો છે. જીએસટીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બોગસ બિલિંગ કૌભાંડના મુખ્ય સૂત્રધારો સુરેશ વસોયા અને હાર્દિક ઓધવજી ગઢીયા હાલ ભૂગર્ભમાં ઉતરી ગયા છે, જેને પગલે સમગ્ર વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા અને આ કરચોરીના નેટવર્કને સંપૂર્ણપણે તોડી પાડવા માટે જીએસટી વિભાગ દ્વારા ભાવનગર પોલીસ સહિતના પોલીસ તંત્રની વિશેષ મદદ લેવામાં આવી રહી છે અને સ્થાનિક મદદગારોની પણ સઘન શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.

## જામનગરના ધામેશ્વર મહાદેવ મંદિરમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટકયા

### મંદિરની દાનપેટી તોડી રૂ. ૧૫૦૦૦ની રોકડ રકમ ઉસેડી ગયા

જામનગર : જામનગર શહેરના માધવબાગ-૧ વિસ્તારમાં આવેલા માધેશ્વર મહાદેવ મંદિરમાં કોઈ તસ્કરો ઘુસી દાનપેટી તોડી તેમાંથી રોકડ રકમની ચોરી થયાની ઘટના સામે આવી છે. બનાવ અંગે સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ માધવબાગ-૧, શેરી નં. ૩ ખાતે રહેતા અને માધેશ્વર મહાદેવ મંદિરમાં પૂજારી તરીકે સેવા આપતા કેશવદાસ હીરાદાસ કાપડી (ઉ.વ. ૬૦) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ અનુસાર તા. ૨૯/૬ના રોજ રાત્રે મંદિર બંધ કરીને તેઓ ઘરે ગયા હતા. ત્યારબાદ તા. ૩૦/૬ના રોજ સવારે કોઈ અજાણ્યો ચોર મંદિરની દિવાલ ટપીને અંદર પ્રવેશ્યો હતો. ચોરે મંદિરની દાનપેટી તોડી તેમાં રહેલી આશરે રૂ. ૧૫,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસને માહિતી આપવામાં આવી હતી. આ બનાવ અંગે નીતિનભાઈ રમેશભાઈ મેનપરાએ સીટી 'સી' પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી ચોરને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# જામનગરની સરકારી શાળામાં આચાર્યએ વિદ્યાર્થીને ફડાકા ઝીંકી દેતાં ઉહાપોહ



તસવીરઃ સુનિલ ચુડાસમા

## બાળકને હોસ્પિટલ લઈ જવાયો, શાસનાધિકારી અને શિક્ષણ સમિતિના ચેરમેને ફોન રિસીવ ન કર્યા

જામનગર : જામનગર મહાનગર પાલિકા હસ્તકની શાળા નંબર ૧૯ માં અભ્યાસ કરતા આર્ક વિદ્યાર્થી બાળકને આચાર્યએ કાન ઉપર બે ફડાકા ઝીકી દેતા બાળકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો. બીજી તરફ શિક્ષણ સમિતિના ચેરમેન અને શાસનાધિકારીએ મોબાઈલ ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. જ્યારે આ મામલે ઉહાપોહ થવાની સંભાવના છે.

જામનગર મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નંબર ૧૯ માં ધોરણ ૬ માં અભ્યાસ કરતા ધ્રુવ પ્રવીણભાઈ પાંડાવદરાને સોમવારે શાળાના આચાર્ય રામભાઈ સોલંકીએ બે તમાચા ચોડી દીધા હતા. આ બનાવથી ગભરાઈ ગયેલા બાળકે પોતાના ઘરે માતા-પિતાને જાણ કરી ન હતી. પરંતુ તે બાળક આખી રાત ઊંઘ્યો ન હતો.

જ્યારે ગઈકાલે બાળકને કાનમાં દુખાવો થતાં તેના પિતાને વાત કરી હતી. પરિણામે પિતા પોતાના બાળકને સમાજના કેટલાક અગ્રાણીઓને સાથે રાખીને હોસ્પિટલ પહોંચ્યા હતા. અને બાળકની સારવાર કરાવી હતી.

જ્યારે આ બાબતનું કારણ પૂછતા બાળકે જણાવ્યું હતું કે તેને લઘુ શંકા કરવા જવું હતું. અને ત્રણ વખત આચાર્યને પૂછવા છતાં જવાબ નહી મળતા આચાર્યના ગોઠણમાં પોતાનો હાથ અડાડ્યો હતો. આથી ઉશ્કેરાઈ ગયેલા આચાર્યએ બાળકને બે તમાચા ચોડી દીધા હતા.

ગઈકાલે શાળાના એક શિક્ષક રજા પર હોવાથી તેમના સ્થાને આચાર્યએ અભ્યાસક્રમ ચલાવ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. બીજી તરફ પત્રકારો દ્વારા આ બનાવ અંગે શિક્ષણ સમિતિના ચેરમેન અને શાસનાધિકારીને મોબાઈલ ફોન કરીને બનાવની જાણકારી મેળવવાનો પ્રયાસ કરતા બંનેએ ફોન ઉપાડવાની તસ્દી પણ લીધી ન હતી. આ મામલે સમાજ દ્વારા ઉગ્ર રજૂઆતો થાય તેવા સંકેતો મળી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે ઉચ્ચ અધિકારી દ્વારા આ આચાર્ય સામે પગલાં કેવા પ્રકારના ભરવામાં આવે છે.

# જામનગરમાં બ્રાસપાર્ટના ધંધાર્થીઓ સાથે ૪.૪૪ કરોડની છેતરપિંડીની

જામનગર : જામનગરમાં છેતરપિંડી મામલે અનેક વખત ચોપડે ચડેલાં શખ્સ સામે વધુ એક ચકચારી ફરિયાદ નોંધાઇ છે. આરોપીએ વેપારી સંબંધ કેળવી જામનગરના બ્રાસના ધંધાર્થીઓ સાથે ૪.૪૪ કરોડની છેતરપિંડી કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. રકમ ઓળવી ગયા બાદ આરોપી પોતાના ધંધા સ્થળ અને રહેણાંક મકાનને તાળા મારી દેતાં વેપારીઓમાં દોડધામ મચી ગઇ છે.

જામનગર શહેરમાં નારાયણનગર, હરિયા કોલેજ પાછળ, સરસ્વતી સ્કુલની બાજુમાં રહેતાં અને દરેડ જી.આઇ.ડી.સી. ફેસ-૨ ખાતે અક્ષર મેટેલ એન્ડ એલો નામનું કારખાનું ચલાવતા નીતીનભાઇ રમેશભાઇ મેનપરા (ઉ.વ.૩૬) નામના વેપારી યુવાને અરોપી આનંદ લીલાભાઇ મોઢવાડીયા (એ.એમ.મેટલ ઈન્ડસટ્રીઝ, પ્લોટ નં.૯૫/૩ રે.સ.નં.૨૧/પી, શિવમ પાર્ક શેરી નં.૦૬, દરેડ જી.આઇ.ડી.સી. તા.જી.જામનગર) અને બે મોબાઇલ નંબરના ધારક સામે ફરિયાદ નોંધાવી છે.

બ્રાસના સળિયાનું વેચાણ અને ટ્રેડીંગનો ધંધો કરતાં ફરિયાદીની સાથે તેના પિતા અને બનેવી મુકુંદભાઇ ડોબરિયા ભાગીદારીમાં વ્યવસાય કરતાં હતાં. આજથી ત્રણ વર્ષ પહેલાં ફરિયાદીના બનેવી મુકુંદભાઇને આરોપી આનંદનો ભેટો થયો હતો.

આરોપી એ.એમ. મેટલ ઈન્ડસ્ટ્રીના નામે પેઢી ચલાવે છે. આ આનંદ લીલાભાઈ મોઢવાડીયા અમારી પેઢીએ આવેલ અને અમોને તેની ઓળખાણ આપેલ અને કહેલ કે, મારી એ.એમ.મેટલ ઈન્ડસ્ટ્રીઝ નામથી પ્લોટ નં.૯૫/૩ રે.સ.નં.૨૧/પી, શિવમ પાર્ક શેરી નં.૦૬, દરેડ જી.આઈ.ડી.સી. તા.જી.જામનગર ખાતે પેઢી આવેલ છે અને હુ પણ બ્રાસ રોડમાંથી પીતળની આઈટમો બનાવી બ હાર વહેચવાનું કામ કરૂ છુ. જેથી મારે તમારી પ્રોડક્ટસ પિતળના સળીયાની રીક્વાયરમેન્ટ છે અને મારે તમારી સાથે વેપાર કરવો છે આમ ફરિયાદીને વાત કરતા ફરિયાદીએ તેને વેપાર કરવાની હા પાડેલ જેથી આનંદ મોઢવાડીયા એ પહેલા ત્રણ લાખ રૂપીયા એડવાન્સમા અમારી પેઢીના એકાઉન્ટમા જમા કરાવ્યા હતાં. અને અમારી પાસેથી બ્રાસના રોડ (પીતળના સળીયા) ખરીદ્યા હતાં. એડવાન્સ પેમેન્ટમાં નામે વિશ્ર્વાસ કેળવી

બાદમાં આનંદ મોઢવાડીયા સાથે નક્કી થયા મુજબ એક માસ સુધી બાકીમા માલ આપતા અને માસના અંતે હિશાબ કરતા તેમજ ધીમે-ધીમે આ આનંદભાઈ સાથે વેપાર વધતા તેને ત્રણ માસ સુધી બાકીમા માલ આપતા અને ત્રણ માસના અંતે હિશાબ કરતા હતા. આમ તા.૪/૦૫/૨૦૨૩ થી તા.૨૯/૦૪/૨૦૨૫ સુધીમા આનંદ મોઢવાડીયાને અલગ અલગ સમયે બ્રાસ એક્સટ્રુઝન (પિતળના સળીયા) નો માલ આપેલ હતો. જે માલ પૈકી રૂા.૨,૦૪,૫૦,૭૨૩ રૂપીયા લેવાના બાકી હતાં. દરમ્યાન આનંદ લીલાભાઈ મોઢવાડીયાએ આ બાકી રહેતી રકમના તેમની પેઢી એ.એમ.મેટલ ઈન્ડસ્ટ્રીઝના ફેડરલ બેન્ક જામનગરની શાખાના ૧૦ ચેક ફરિયાદીની પેઢીના નામે આપેલ હતા.

ત્યારબાદ આનંદ ત્રણ મહીના પછી પણ બાકી રહેતાં રૂપીયા ન આપતા ફરિયાદીએ માલ આપવાનુ બંધ કર્યુ હતું. આરોપી આનંદ લીલાભાઈ મોઢવાડીયા પાસેથી લેવાના નિકળતા રૂપીયા રૂ.૨,૦૪,૫૦,૭૨૩/- (બે કરોડ ચાર લાખ પચાસ હજાર સાતસો ત્રેવીશ) બાબતે ઉઘરાણી કરવા ફરિયાદી અવાર નવાર રૂબરૂ સંપર્ક કરવાનો પ્રયાસ કરતા જાણવા મળેલ હતું કે આનંદ તેમના ઉપરોક્ત ધંધાના સ્થળે તથા તેમના રહેણાક સ્થળ માધવબાગ ૨/૩ માં ભાડેથી રહેતા ત્યાં તાળા મારી ભાગી ગયેલ છે. જેથી ફરિયાદી દ્વારા આનંદભાઈના મોબાઈલ નંબર ૮૧૨૮૦ ૬૨૩૨૮ અને ૯૩૨૮૫ ૮૮૮૧૮ પર સંપર્ક કરતા તેમના મોબાઈલ નંબર પણ બંધ હતાં.

તેમજ કનસુમરા જી.આઈ.ડી.સી.ના લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝના વેપારી જીતેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરીયાએ આનંદ પાસેથી બ્રાસના સ્ક્રેપનો માલ લેવા માટે એડવાન્સ પેટે કુલ રૂ.૨૫,૦૦,૦૦૦ પેમેન્ટ ચુકવ્યું હતું. છતાં આરોપીએ માલ ન મોકલાવી વિશ્ર્વાસઘાત કર્યો હતો.

આ ઉપરાંત કનસુમરા જી.આઈ.ડી.સી.ના જાયન્ટ મેટલ્સ ઈન્ટરનેશનલના વેપારી દીનેશભાઈ વેજાણંદભાઈ કનારાએ આનંદને બ્રાસનો અલગ અલગ માલ વેંચાણથી તથા જોબવર્ક માટે આપેલ હોય અને તેના વેચાણથી આપેલ માલ ના રૂ. ૧,૩૦,૧૦,૫૭૩ તથા જોબવર્ક માટે આપેલ માલ રૂ.૮૪,૪૦,૪૦૮ નો માલ પરત આપેલ નથી. આમ કુલ મળી રૂ.૨,૧૪,૫૦,૯૮૧ જેટલાનો માલ આજ રીતે પહેલા વ્યાપારીક સબંધ કેળવી વેપારી તરીકે વિશ્વાસમા લઇ વેચાણથી તથા જોબવર્ક માટે લઈ માલ પુરો ન પાડી કે પેમેન્ટ ન કરી તેમની સાથે વિશ્વાસઘાત કરેલ હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

## જામનગરમાં દારૂના ચપલા સાથે ત્રણ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ અંતર્ગત વધુ બે અલગ-અલગ સ્થળે કાર્યવાહી દરમિયાન દારૂ કબ્જે કરી ત્રણ શખ્સો વિરુદ્ધ ગુના નોંધવામાં આવ્યા છે.

પ્રથમ બનાવમાં સુમેર ક્લબ રોડ, ઓશવાળ સર્કલ પાસે પોલીસે દરોડો પાડી વિવેક હરિશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૦), રહે. સરદાર પાર્ક-૪, ઠેબા ચોકડી પાસે, જામનગરને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના શીલબંધ ૨ ચપલા કિંમત રૂ. ૨૦૦ કબ્જે કરવામાં આવ્યા હતા.

બીજા બનાવમાં રણજીતસાગર રોડ, સાધના કોલોની ગેટ નં. ૧ પાસે જાહેર રોડ પરથી પોલીસે દરોડો પાડી હબીબભાઈ સલિમભાઈ ઓરમાનિયા (ઉ.વ. ૩૫), રહે. દરેડ મસીતીયા રોડ, જામનગર તથા સુનીલસિંહ પ્રભાતસિંહ જાડેજા (ઉ.વ. ૨૧), રહે. દરેડ નીલગીરી સોસાયટી, જામનગરને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓના કબજામાંથી વિદેશી દારૂના ચપલા કિંમત રૂ. ૬૦૦ કબ્જે કરી પ્રોહીબિશન ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.